સાહિત્ય અકાદમીની સ્થાપના ૧૯૫૪ની સાલમાં ભારત સરકારે કરી. અકાદમી સ્વાયત્ત સંસ્થા છે. વિવિધ ભારતીય ભાષાઓ, રાજ્યો અને વિશ્વવિદ્યાલયોના પ્રતિનિધિઓની બનેલી જનરલ કાઉન્સલ સંસ્થાનાં ધોરણ નિશ્ચિત કરે છે.

અકાદમીના કાર્યક્રમનો ઉદ્દેશ, લેખકના અભિવ્યક્તિના સ્વાતંત્ર્યમાં હસ્તક્ષેપ કર્યા વિના કે લેખકને માર્ગદર્શન આપવાનો કે એને પ્રભાવિત કરવાનો ડોળ કે પ્રયત્ન કર્યા વિના એનામાં જે સર્વોત્તમ છે તેની સર્જનાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહન આપીને તેના સર્જનનો લાભ ઇતર ભાષાના વાચકોને ઉપલબ્ધ કરી આપવાનો અને આ રીતે ભારતની ભાષાઓની સાહિત્યિક પ્રવૃત્તિઓનું સંયોજન તથા સંવર્ધન કરવાનો છે.

# નરસિંહરાવ

સુંદરજી બેટાઈ



ભારતીય
સાહિત્યના
નિર્માતા

નરસિંહરાવ ભોળાનાથને કાકાસાહેબે યોગ્ય રીતે જ ગુજરાતી સાહિત્યના ભીષ્મ પિતામહ કહ્યા છે. એમણે પોતાના વિદ્યાકાળથી માંડીને છેક અંત લગી વિદ્યાની અને ગુજરાતી સાહિત્યની નિષ્ઠાપૂર્વક સત્યદર્શી ઉપાસના કર્યા કરી હતી. પંડિતયુગના ગુજરાતી સાહિત્ય ધુરંધરોમાં એમની પ્રધાનપણે ગણના થતી આવી છે ને તેમાં ઔચિત્ય છે. સ્વભાવે કવિ હતા તેથી જ એ સૂક્ષ્મદર્શી વિવેચક પણ થયા એમ કહી શકાય. પોતાને કૌટુંબિક, સામાજિક તેમ જ અન્ય જે વારસો મળેલો તેનો પૂર્ણ વિનિયોગ એમના અંગત જીવનમાં તેમ જ સાહિત્યિક જીવનમાં કોઈને પણ પરખાયા વિના રહેશે નહિ.

આ પુસ્તિકાના લેખક શ્રી. સુંદરજી બેટાઈ એમના પ્રિય શિષ્યોમાંના એક છે. એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'જ્યોતિરેખા', તેનો પરિચય એમણે માંદગીને બિછાનેથી પોતાના બીજા પ્રિય શિષ્ય સદ્‌ગત ભાનુશંકર વ્યાસ (બાદરાયણ)ને ટુકડે ટુકડે લખાવ્યો હતો. શ્રી. સુંદરજી બેટાઈ પ્રત્યેની વત્સલતાનો આ હકીકતમાં અણુસાર વરતાશે. નરસિંહરાવનો આ સંક્ષિપ્ત પરિચય પણ લેખકે પ્રેમાદરપૂર્વક છતાં તટસ્થ દૃષ્ટિએ કરાવ્યો છે.

SAHITYA AKADEMI
REVISED PRICE Rs. 15-00

નરસિંહરાવ

# નરસિંહરાવ

: લેખક :

સુંદરજી બેટાઇ

સાહિત્ય અકાદમી, નવી દિલ્હી

Narasinhrao : Monograph in Gujarati by Sundarji Betai
Sahitya Akademi, New Delhi ( 1980 )

SAHITYA AKADEMI
REVISED PRICE Rs. 15-00

© સાહિત્ય અકાદમી
પ્રથમ આવૃત્તિ : ૧૯૮૦

પ્રકાશક :
સાહિત્ય અકાદમી
રવીન્દ્ર ભવન,
૩૫, ફિરોજશાહ રોડ,
નવી દિલ્હી ૧૧૦૦૦૧

મુદ્રક :
કે. લા. મુનોત
પ્રભાત પ્રિંટિંગ વર્ક્સ
૪૨૭, ગુલટેકડી, પુણે ૪૧૧૦૦૯

SAHITYA AKADEMI
REVISED PRICE Rs. 15-00

## અનુક્રમ

| | | |
|---|---|---|
| ૧. | પ્રાસ્તાવિક | ૧ |
| ૨. | નરસિંહરાવ – કવિ | ૪ |
| ૩. | નરસિંહરાવ – સર્જનાત્મક ગદ્યલેખક | ૧૭ |
| ૪. | સ્મરણમુકુર – વ્યક્તિચિત્રો | ૨૪ |
| ૫. | નરસિંહરાવ – વિવેચક-ભાષાશાસ્ત્રી | ૪૦ |
| ૬. | ઉપસંહાર | ૫૫ |
| પરિશિષ્ટ–૧ | વાચનાશ | ૫૭ |
| –૨ | નરસિંહરાવના ગ્રંથો | ૬૧ |
| –૩ | સંદર્ભ ગ્રંથો | ૬૨ |

# પ્રાસ્તાવિક

આધુનિક ગુજરાતના સંસ્કાર વિકાસમાં અનેક વ્યક્તિઓએ અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા અને પોતાના સાક્ષાત્ જીવન દ્વારા માનપ્રેરક પ્રદાન કરેલું છે, તેમાં ગુજરાતી સાહિત્યના પંડિત યુગની કેટલીક વ્યક્તિઓનું પ્રદાન પણ ઓછું માનપ્રેરક નથી. એ યુગના એક આજીવન સાહિત્ય વિદ્યાપ્રિય અને સંસ્કારનિષ્ઠ પુરુષનો અલ્પ પરિચય આજે કરીએ. એ પુરુષ તે પંડિતયુગની પોતાની પ્રતિભાથી જીવનભર સામર્થ્ય અર્પનાર સાહિત્યાચાર્ય નરસિંહરાવ ભોળાનાથ.

ગુજરાતી સાહિત્યના ભીષ્મપિતામહ કહેવાયેલા નરસિંહરાવના જીવનનું આરંભબિન્દુ તા. ૩જી સપ્ટેમ્બર ૧૮૫૯ અને અન્તબિન્દુ તા. ૧૪ મી જાન્યુઆરી ૧૯૩૭ (ઉત્તરાયણનો દિવસ). આ બે બિન્દુઓ વચ્ચેની એમની ઐહિક જીવનયાત્રા અનેક રીતે વિલક્ષણ ને સદ્બોધક હતી.

ભોળાનાથ સારાભાઈ જેવા ધર્મસંસ્કારી અને સંસાર સુધારક પિતાના એ પુત્ર— ભોળાનાથની કીર્તિને ઉજ્જ્વલતર કરે એવા પુત્ર. વિદ્યાકાળ એમનો અત્યંત તેજસ્વી ને ચારિત્ર્યશીલ વિદ્યાગુરુઓના સંસ્કારથી સમૃદ્ધ બન્યો હતો. વિદ્યાપ્રીતિ અને સત્યપ્રીતિ એમની જીવનપ્રવૃત્તિનાં ચાલક બળો બની રહેલાં. સાહિત્યપ્રીતિમાં આ બંને બળો કેવા ઉપકારક નિવડ્યાં તે એમના ગ્રન્થો અસંદિગ્ધ રીતે દર્શાવે છે. અભય અને સત્ત્વસંશુદ્ધિ એમની સરકારી નોકરીના સમયને લાક્ષણિક બનાવે છે. એમની જીવનભરની સાહિત્યોપાસનામાં સરકારી નોકરી અંગે એમને ભિન્ન ભિન્ન સ્થળોએ જવાનું થયું તેનો પૂરો લાભ એમણે લીધો છે. કેટકેટલાં સૌન્દર્યદર્શનોએ એમને પ્રભાવિત કર્યા ને એમની કાવ્યસર્જકતાને પ્રોત્સાહન આપ્યું ! જીવન-વહેવારમાં તેમ જ સાહિત્યોદ્યોગમાં એમની ઉપાસના **સત્યની**, **સૌંદર્યની** અને **શિવતત્ત્વની** જ રહી છે એમ સાધાર કહી શકાશે.

શુદ્ધિ— સર્વપ્રકારની શુદ્ધિ— ઉચ્ચારણથી માંડીને જીવન વહેવારમાં વ્યાપી રહેતી શુદ્ધિ— નરસિંહરાવનું જાણે સૂત્ર હોય એમ લાગે છે. પિતા હોય, ગો. મા. ત્રિ. કે બ. ક. ઠા. જેવા સાક્ષર હોય, ન્હાનાલાલ જેવા કવિ કે કેશવલાલ ધ્રુવ જેવા ભાષાશાસ્ત્રી હોય, પણ અશુદ્ધિનું તત્ત્વ એ કદી સાંખી શકતા નહિ.

એમણે પોતાની રોજનીશી લખી છે તેમાં એમના વ્યક્તિત્વને વિવિધ-રૂપે પ્રગટ થવાનો અવકાશ મળ્યો છે, ને એ દૃષ્ટિએ એ રોજનીશી અભ્યાસ-પાત્ર છે તે ભલે; પરંતુ એક સૂચક હકીકત એમના સમકાલીન અને પ્રતિસ્પર્ધી ગણાતા બીજા પુરુષ બળવંતરાય ઠાકોરના મુખે પ્રસંગોપાત્ત ઉદ્ગારાયેલી પ્રથમ

સંભારવા જેવી છે. કેટલાક નવજવાન સાહિત્યકારો મુંબઈમાં બળવંતરાય ઠાકોરને અમસ્તા જ મળવા ગયેલા. અલકમલકની વાતો ચાલતી હશે તેમાં કોઈએ નરસિંહરાવ વિશે કશીક વાત કાઢીને ' નરસિંહરાવ કદી પીતા હશે કે કેમ ? ' એવી મતલબની ધૃષ્ટ પૃચ્છા કરી. પ્રશ્ન સાંભળતાં જ ઠાકોર બોલી ઊઠ્યા : " Not a drop ! ભોળાનાથના એ સત્પુત્ર છે." સાહિત્યચર્ચાના મેદાનમાં નરસિંહરાવનો વારંવાર સખત વિરોધ કરનાર ને છટકારથી વધાવનાર પુરુષનાં આ વચનો ભોળાનાથની ને નરસિંહરાવની જીવનશુદ્ધિના પ્રમાણપત્રરૂપ તો છે જ, પરંતુ એ પ્રમાણપત્ર આપનારના પોતાના હૃદયગુણનાં પ્રકાશક બની રહે છે.

એક વખત નરસિંહરાવ માંદગીની પથારીમાં પડ્યા પડ્યા એક વિવેચનલેખ લખાવતા હતા. તેમાં પ્રસંગવશાત્ બળવંતરાય ઠાકોરનો વિરોધ કરવાનો વિષય આવતાં ' આ પ્રકારની ચેષ્ટા તો મર્કટચેષ્ટા કહેવાય ' એવું કશુંક એમણે લખાવતાં તો લખાવ્યું; પરંતુ પછીનું વાક્ય શરૂ કરતાં પહેલા જ એ લગાર અટક્યા ને બોલ્યા : ' છેકી નાખો ! એમ ન લખાય ! ' ' આ પ્રકારની ચેષ્ટાને શું નામ આપવું એમ લખો.' નરસિંહરાવ બળવંતરાય વિશે લખતાં આવો નાજુક વિચાર કરવા થંભે છે તે અહીં જોવાનું છે. બંનેની સાહિત્યવિશેની દૃષ્ટિમાં ભેદ હતો—વિરોધ હતો, છતાં પરસ્પર વિશે આદર હતો જ તે યે તેમાંથી વરતાઈ આવે છે ને તે સંસ્કારદૃષ્ટિએ હૃદ્ય લાગે છે.

નરસિંહરાવની પુત્રી ઊર્મિલા એમના સુધારક વયોવૃદ્ધ— સપત્નીક મિત્ર દયારામ ગીડુમલ જોડે લગ્નસંબંધથી જોડાઈ, એ વિચિત્ર યોગ સામો આવીને ઊભો રહ્યો તે વખતે પોતાની બધી હૃદયસંપત્તિ એકઠી કરી તેને કેવી અપૂર્વતાથી એ જીરવી ગયા તે એમની ' રોજનીશી 'નાં મર્મસ્પર્શી પાનાં દર્શાવી આપે છે. ઊર્મિલા પ્રત્યેની એમની વત્સલતા ને દયારામ પ્રત્યેનો એમને હૃદયપૂર્ણ આદર તે વેળા કે તે પછી કદીયે ઘટ્યાં નહિ. નરસિંહરાવના સંસ્કારસત્ત્વની કડક પરીક્ષા કરે એવો આ પ્રસંગ હતો, પણ નરસિંહરાવ નરસિંહરાવ જ રહ્યા, તે વખતે તેમ હંમેશાં.

બ્રિટિશ સરકારની નોકરીમાં એમને અનેક દુર્ઘટ વિકટ પ્રસંગો આવ્યા હશે, પણ એમણે સ્વત્વ કદી લેપાવા કે લોપાવા દીધું નહોતું. નોકરીમાંથી નિવૃત્ત થતી વખતની એમની મનોદશાને એ ' રોજનીશી 'માં એમણે પ્રગટ થવા દીધી છે. તે આ દૃષ્ટિએ જોવાથી એમના આંતર સંસ્કારનો ઝાંખોપાંખો પણ પરિચય થયા વિના રહેશે નહિ.

નિવૃત્ત થયા પછી એ મુંબઈમાં એલ્ફિન્સ્ટન કોલેજમાં ગુજરાતીના અધ્યાપક બન્યા, ને લગભગ છેવટ લગી અધ્યાપક રહ્યા. કોલેજના ગુજરાતી સાહિત્યમંડળના પ્રમુખ પણ તેઓ જ હતા, ને એઓ જ હોય ને ? અધ્યાપક તરીકે ને સાહિત્ય-



મંડળના પ્રમુખ તરીકે સાહિત્યસંસ્કારના ઉચ્ચ ધોરણને એ હંમેશાં દૃઢ રીતે વફાદાર રહેલા. અયોગ્ય બાંધછોડ કે ઘાલમેલ એમની સંસ્કારદૃષ્ટિ કદી સહન ન કરતી.

પોતે આવડા વિદ્વાન ! દુરારાધ્ય ને દુર્ધર્ષ ગણાતા ! પણ નમ્રતા એમની ઊંડી ને સાચી હતી. ગમે તે દિશાએથી પ્રકાશ મળે તો તેનો સ્વીકાર અને સત્કાર કરતાં નાનપ એમને ન લાગતી, વિદ્વત્તા અને અધ્યાપનકાર્ય વિશેની એમની દૃષ્ટિનો ઈશારો એમની ' રોજનીશી 'માં અચૂક મળી રહે છે.

અધ્યાપકમાં વિદ્વત્તા તો હોવી જ જોઈએ, પણ જો એનામાં વિદ્યાર્થી પ્રત્યે વત્સલતા ન હોય તો તે મોટી ઊણપ જ કહેવાય. નરસિંહરાવનું વિદ્યાર્થીઓ પ્રત્યેનું વાત્સલ્ય એમના વિદ્યાર્થીઓને અજાણ્યું નહોતું. કેટલાકને તો વિદ્યાર્થી મટી ગયા પછી પણ તેનો ભર્યોભર્યો લાભ મળતો. પરંતુ વાત્સલ્યનો પણ દેખાડો કરવાનો એમનો સ્વભાવ નહોતો. પ્રસંગોપાત્ત વ્યંજના દ્વારા તે પ્રગટ થાય તો તેનો એમને વાંધોયે નહોતો. એમની સંસ્કારદૃષ્ટિમાં હૃદયસંયમનું સ્થાન ઓછી અગત્યનું નહોતું.

આ ઈશ્વરનિષ્ઠ સાહિત્યભક્તને પોતાના અંગત જીવનમાં કેટકેટલા આઘાતો સહન કરવા પડ્યા હતા ! સ્વજનોની કેટલી દશાહપ્રાર્થનાઓ કરવા—કરાવવાની એમને આવી હતી ! ઈશ્વરનિષ્ઠા, ભક્તિપ્રેરિત ઈશ્વરશ્રદ્ધા એમની તે વખતે પ્રગટ થતી હતી. આંખમાં આંસુ આવવા દે નહિ. ' અશ્રુસંયમ 'ના કવિ ખરા ને ? પુત્ર નલિન ગયો, પુત્રીઓ ( ઊર્મિલા ને લવંગિકા ) ગઈ, દૌહિત્ર પ્રેમળ પણ ગયો; પણ એમની ભક્તિશ્રદ્ધા કે શ્રદ્ધાભક્તિ ડગી નહોતી. માત્ર પત્ની ગયાં ત્યારે એમનું ધૈર્ય ડગી ગયું, આંસુઓ ઊભરાયાં અને ઉદ્‌ગાર થઈ ગયો, " I wish I were shot dead ! " પણ ब्रह्मकृपा हि केवलम् એ શ્રદ્ધા તો એમની રહી જ.

' નિવૃત્તિસમય 'ની નોંધમાં પણ એમણે ગુર્જર સાહિત્યની ઉપાસના માટે આરોગ્ય અને શક્તિની યાચના પ્રભુ પાસે કરી ને પોતે નિષ્ઠાપૂર્વક છેક છેવટ લગી એ ઉપાસના કરતા રહ્યા તે એમની તેમ જ ગુજરાતી સાહિત્યની એક ખુશનસીબી ગણાવાને પાત્ર છે. એમની આ ઉપાસનાનો વ્યાપ સંસ્કૃત, અંગ્રેજી બાદ કરતાં પ્રાચીન ગુજરાતી સાહિત્યથી માંડીને કેટલાક ગાંધીયુગીન કવિઓ ને સાહિત્યકારો સુધી વિસ્તર્યો હતો તે હકીકત એમના સદાજાગ્રત સાહિત્યજીવનનો નિદર્શક છે. આવા કવિને, સર્જનાત્મક ગદ્યલેખકને, સૂક્ષ્મસૌન્દર્યદર્શી વિવેચકને અને ઉદ્યમશીલ ભાષાશાસ્ત્રીને વન્દન હો !

# નરસિંહરાવ–કવિ

## " આ વાદ્યને કરુણગાન વિશેષ ભાવે "

### કુસુમમાલા

ગુજરાતી કવિતાનો અર્વાચીન ઇતિહાસ તો નર્મદ–દલપતથી પ્રારંભાઈ ચૂકયો હતો. નરસિંહરાવે ગુજરાતી કવિતાક્ષેત્રમાં પગલાં પાડ્યાં તે વખતે નર્મદ-સંપ્રદાય અને દલપત-સંપ્રદાય સ્પષ્ટ રીતે જુદા વરતાતા હતા. આમ છતાં નર્મદને વાસ્તવિક રીતે અર્વાચીન કાવ્યરીતિનો પ્રારંભક કહી શકાય. જે અંગ્રેજી કવિતાનો સંપર્ક એને થયેલો તેમાંથી એની રોમાન્ટિક પ્રકૃતિએ આત્મલક્ષિતા, પ્રકૃતિચિત્રણ, અને પ્રણયભાવ એ ત્રણ તત્ત્વો કે લક્ષણો પકડી લીધાં, અને કવિતા એટલે 'જોસ્સો' એવું અપૂર્ણ કાવ્યલક્ષણ પણ એ બાંધી બેઠો. ઊર્મિપ્રધાન કાવ્યને પણ પોતાની આગવી કલા હોય છે એ વાતનું વિસ્મરણ કદાચ એની પ્રકૃતિએ જ કરાવ્યું હશે. સુઘડતા અને સુરુચિ સાચવવાનો અવકાશ એણે માની લીધેલા 'જોસ્સા'એ એને ઝાઝો આપ્યો જણાતો નથી. આમ છતાં એની આંખે એણે નવું નવું ઘણું જોયું એટલે એને દૃષ્ટિમન્ત પુરુષ તો કહેવો જ પડે, પણ એની અહંમાનિતાને કારણે કે ગમે તે કારણે એની કાવ્યસૃષ્ટિમાં તેનું પ્રતિફલન થવું જોઈએ તેવું ને તેટલું થયું નહિ એમ સહૃદય કાવ્યરસિકને સખેદ કહેવું પડશે. ' दर्शनात् वर्णनात् कविः ' એમ કહેવાયું છે. નર્મદમાં ' દર્શન ' હતું જ, પણ એ દર્શનને સુંદર ઘાટ આપવા જેટલી સ્વસ્થતા એના સ્વભાવમાં કદાચ નહોતી. પરિણામ? ઉચ્ચ, સુરુચિયુક્ત, કલાપૂર્ણ કૃતિઓનો એના કવિતાગંજમાં અલ્પભાવ. આમ છતાં ગુજરાતી કવિતાને એણે નવી દિશા ચીંધી એ એના પુણ્યકાર્યની કદર ગુજરાતે હરખભેર કરી હતી, ને તે ઉચિત જ હતું.

અર્વાચીન કવિતામાં દલપત-નર્મદની જોડી ગણાય છે, પણ બંનેની દૃષ્ટિ અને સૃષ્ટિમાં સ્પષ્ટ ભેદ છે તે સર્વવિદિત હકીકત છે. તે વિશે વિસ્તાર અહીં અપ્રસ્તુત છે.

નર્મદ-દલપત બંનેને નરસિંહરાવે જોયેલા, ને દલપતરામ પાસે તો એ શાળામાં પિંગળપાઠ પણ ભણેલા. નરસિંહરાવે એ કવિ જોડીને પોતાના ' સ્મરણ-મુકુર ' ગ્રંથમાં પ્રતિબિંબિત કરેલી જ છે.

અંગ્રેજી રોમાન્ટિક કવિતાના રસનો ઊંડો આસ્વાદ ને અભ્યાસ નરસિંહરાવે કર્યો તેનું પ્રથમ ફલ તે એમનો ' કુસુમમાલા ' નામનો સંગીતકાવ્યોનો સંગ્રહ. ઇ. સ. ૧૮૮૭માં તે પ્રગટ થયો. એ સંગ્રહની પ્રસ્તાવનામાં નરસિંહરાવે લખ્યું છે:



> " કવિતાનું ખરું સ્વરૂપ શું, આપણા દેશની કવિતાની પદ્ધતિથી કાંઇક જુદી પદ્ધતિની પાશ્ચાત્ય કવિતા કેવી લખાય છે, એનો પરિચય શુષ્ક વિવેચનની ચર્ચાથી નહિ, પણ ઉદાહરણથી જ ગુર્જર પ્રજાના સુજ્ઞ વાચકવર્ગને કરાવવો, તથા તેવી કવિતા તરફ તેમની રુચિનો પ્રવાહ ચલાવવો, એ ઉચ્ચગ્રાહી ઉદ્દેશથી આ નાનાં સંગીતકાવ્યોનો સમુદાય પ્રગટ કર્યો છે, તે સફળ થવો ન થવો અદૃષ્ટાધીન છે."

ગુજરાતી કવિતાના અને તેના અર્વાચીન ઇતિહાસના અભ્યાસીઓ અવશ્ય કહેશે કે એ ઉદ્દેશ સફળ થયો જ છે. છન્દોરચના, ભાષાસૌંદર્ય, ભાવવૈવિધ્ય, ચિન્તનતત્ત્વ ઇત્યાદિથી નરસિંહરાવે અર્વાચીન ગુજરાતી કવિતાને પોતાનાં સામર્થ્યને સુરુચિથી અંકિત કરી છે. ' કુસુમમાલા ' દ્વારા તેમણે ગુજરાતી સાહિત્યમાં પ્રેમ અને પ્રકૃતિને વિષય કરતી ' સંગીત કવિતા ' ( lyrics ) રજૂ કરી.

ઊઠી જે સ્વચ્છન્દા હૃદયગિરિથી કાવ્યસરિતા,
વહી ચાલી મન્દા કદી કદી કુદી તેહ ત્વરિતા;
પછી શુષ્કારણ્યે પડી જ સહસા સેર વિરમી,
કીધા યત્નો કોટિ તદપિ લહરી પાછી ન રમી.

° ° °

ભમંતો દેશોમાં અજબ કદી જાદૂગર તહિં,
ચઢ્યો આવી સાધુ દીઠી સરિત ડૂબી રણ મહિં;
ભણી મન્ત્રો મોંઘા કઠણ પથરે દંડ પ્રહર્યો–
અને જો ચાલ્યો ત્યાં ઉછળી બળવેગે જળઝરો;

° ° °

ફરી ચાલી પેલી કવિતસરિતા સત્વર રણે,
હજી ના સુકાઈ;–વદું વદું હું તો ધન્ય તુજને;
તુંને, સાધુ, શો હું ઉપકૃતિ તણો આપું બદલો ?
સમર્પું લે આ એ સરિતલહરી-અર્ઘ્ય સઘળો.

'કુસુમમાલા'નું આ અર્પણપત્રિકાનું કાવ્ય જ જુઓ. 'સાધુચરિત' નારાયણ હેમચન્દ્રે કરેલા કાવ્યોપકારનો બદલો શી રીતે વાળવો? હૃદયભાવ, ભાષાસૌંદર્ય, શિખરિણી છંદની છટા સાથેલાગાં હૃદયને સ્પર્શી રહે એવાં આ અર્પણકાવ્યમાં સિદ્ધ થયેલાં અનુભવાશે. ગુજરાતીમાં ઘણાં અને સારાં અર્પણકાવ્યો લખાયાં છે, તેમાં આ અર્પણકાવ્ય પોતાના કાવ્યગુણબલથી શોભી રહે તેવું બની આવ્યું જણાય છે.

'કુસુમમાલા' અર્વાચીન ગુજરાતી કવિતાના ઇતિહાસમાં અનેક દૃષ્ટિએ મહત્ત્વનું સીમાંકન કરનારો કાવ્યગ્રંથ છે. તેની નવીનતાથી આકર્ષાઈ તેની સ્તુતિ–અતિસ્તુતિ પણ થઈ, તથા તેની વાજબી–ગેરવાજબી સખત ટીકા પણ થઈ. જેમ તેનો વિરોધ થયો, તેમ તેનાં અનુકરણો પણ ઘણાં થયાં. 'કુસુમમાલા'ના પ્રકાશન સાથે જ નરસિંહરાવ અર્વાચીન ગુજરાતી કવિતાના પિતાનું પદ પામ્યા.

કોઈ પણ કવિના કાવ્યસંગ્રહમાં બધાં જ કાવ્યો એકસરખી ઉચ્ચ કક્ષાનાં ભાગ્યે જ હોઈ શકે. 'કુસુમમાલા' તેમાં અપવાદ નથી. તેમાં જેમ તેના કવિનાં કેટલાંક શ્રેષ્ઠ ગણાય એવાં કાવ્યો છે, તો સામાન્ય ગણાય એવાં પણ છે જ. એકદમ ઓવારી જઈએ તેવો આ સંગ્રહ આજે ભલે ન લાગે, પણ તત્કાલીન ગુજરાતી કવિતાના રસિકોને પ્રામાણિકપણે તેવો લાગ્યો હશે એમ માનવાને આધાર છે. કવિ દલપતરામ, નવલરામ, મણિલાલ દ્વિવેદી, ગોવર્ધનરામ, કાન્ત વગેરેએ આ સંગ્રહની ગુણવત્તા પારખી હતી. Shelleyના 'The Cloud' ઉપરથી એમણે લખેલું 'મેઘ' અને તેના અનુસરણમાં લખાયેલું 'ચન્દા' તો આજે યે ઘણાને આકર્ષક લાગશે. આનંદશંકર ધ્રુવે પણ એમનાં પ્રકૃતિકાવ્યોની પ્રશંસા કરી છે ને તેની મર્યાદા પણ ચીંધી છે. (જુઓ 'સ્મરણસંહિતા'નો ઉપોદ્‌ઘાત-ટીકા વગેરે) ગોવર્ધનરામને તો 'ચંદા' કાવ્યમાંથી અવતરણ કરવાનું પણ ગમ્યું હતું. 'કુસુમમાલા'ના 'મેઘ' અને 'ચંદા' ઉપરાન્ત અનેકને આકર્ષક બનેલાં કાવ્યોમાં 'અભિનંદનાષ્ટક', 'સહસ્રલિંગ તલાવ', 'કાલચક્ર', 'દિવ્ય ટહુકો', 'બહુરૂપ અનુપમ પ્રેમ ધરે', 'પ્રેમસિંધુ', 'ફૂલની સાથે રમત', 'આશાપંખીડું,' 'વિધવાવિલાપ', 'કર્તવ્ય અને વિલાસ', 'વિપદમાં ધારણ કરનાર બળ', 'સંસ્કારોદ્‌બોધન', 'તારી છબિ નથી', 'ઉનાળાના એક રહરોડનું સ્મરણ', 'મધ્યરાત્રિએ કોયલ', વગેરે કૃતિઓનો ઉલ્લેખ કરી શકાય.

આમાંથી કેટલાંક વિશેષ નોંધપાત્ર કાવ્યોની કણિકા આપણે અહીં જોઈએ તો તે ઉચિત જ ગણાશે.

આવો ફૂલડાં મધુરાં રે આપણ રંગે રમિયે,
દિન એક આનન્દે રે ભેળાં રહી નિર્ગમિયે.

° ° °

તમમાંનું હું પણ રે કુસુમ એક કોમળિયું,
રહી મનુજ સમૂહે રે વદન કરમાઈ ગયું.
નહાસી ત્યાં થકી આજે રે આવ્યો તમ પાસ હું તો,
તમે કોમળ હઇડે રે; મને નવ ગણશો જુદો.



નહીં તમમાં કુટિલતા રે, નહીં વળી ક્રૂરપણું,
નહીં વચન કપટનાં રે, હૃદય પ્રેમાળ ઘણું.

° ° °

ત્યારે આવો મધુરાં રે આપણ રંગે રમિયે,
દિન એક તો સુખમાં રે સાથે વસી નિર્ગમિયે.

('ફૂલની સાથે રમત'માંથી)

આમ કવિ કોમળ કુસુમોની સાથે, માનવસમૂહથી નાસી-થાકીને, થોડો સમય ગાળીને સુખ પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી આમંત્રણ આપે છે. તો 'મધ્યરાત્રિએ કોયલ'માં રાત્રિની શાંતિમાં કોયલનો ટહુકો સાંભળી ઊઠતાં સ્પંદનો વર્ણવે છે—

વ્હાલી, સાંભળ પેલી કોયલડી તરુવૃન્દમાં રે
ગાતી છન્દમાં રે, વ્હાલી.
શાન્ત રજનિમાં ચમકી ચાંદની,
જો આછી પથરાઈ વાદળી,
આવે ટહુકો અનિલલ્હેર કંઈ મન્દમાં રે,
ગાતી. વ્હાલી.
વ્હાલી, એ તુજને બોલાવે,
મીઠી મીઠીને મન ભાવે,
દેની પાછો ટહુકો કોમળ કંઠમાં રે,
ગાતી. વ્હાલી.
ટુહૂ ટુહૂ કરી જો ફરી આવ્યો,
મીઠો રવ અમીરસ જો લાવ્યો,
કોયલડી રહી છૂપી ઝાડના ઝૂંડમાં રે,
ગાતી. વ્હાલી.

° ° °

નરસિંહરાવ માનતા હતા કે માત્ર સૃષ્ટિસ્વરૂપનાં દર્શનો, વર્ણનાત્મક પ્રતિબિમ્બો આપવાં એટલું જ બસ નથી, પ્રકૃતિનાં અંતઃસ્વરૂપો, તેનાં ભિન્ન ભિન્ન સ્વભાવ પરિવર્તન; અને તેથી પણ વિશેષ, પ્રકૃતિ અને માનવજીવન, માનવ-હૃદય-જીવન, તેની વચ્ચેનો સૂક્ષ્મ સમ્બન્ધ અને તે ઉપરથી પ્રગટ થતી કવિતાની ફિલસૂફી આવશ્યક અંગ છે. આ દૃષ્ટિએ નીચેનો, નમૂનો જુઓ :—

જળ નિર્મળ લઈ વહે કુમારી સરિતા પેલી,
નહાસે, પાસે ધસે, લાડતી લાજે ઘેલી,

ઈશ્વરકરુણા ખરે, વહી આ નદીસ્વરૂપે
સ્મિત કરી પ્રીતિભરે, ભરે આલિંગન તું પે.
તું પે, પાટણ ! દયા ધરતી એ સૂચવતી,–
ભલે કાળની ગતિ મનુજકૃતિને ખૂઝવતી,
મુજ પ્રેમસરિતપૂર વહ્યું જાશે અણખૂટ્યું,
છો ધનવિભવ લૂંટાય ઝરણ મુજ જાય ન લૂંટ્યું,

( સહસ્રલિંગ તળાવના કાંઠા પરથી પાટણમાંથી )

° ° °

આશાપંખીડું મેં તો પૂર્યું કનકમય પાંજરે,
રમ્ય રંગ ધરંતું અનેક, જેવો મેઘ સાંઝરે
ઝીણી ચંચૂ સુવર્ણની મેખસમી શી ઓપતી !
ઇન્દ્રધનુરંગધારી એક કલગી શિર શોભતી.

° ° °

પણ એક દિવસ એ તો, હાય ! ઊડીને ચાલિયું
તોડી કનકનું પંજર ત્યાં ય, રહ્યું નવ ઝાલિયું,
તો યે ગાન કરંતું જાય, પાછળ દોડયો જાઉં છું,
પણ એ છો ( તો ? ) નવ પકડાય, અધિક લલચાઉં હું,

° ° °

( 'આશાપંખીડું'માંથી )

' કુસુમમાલા 'નાં આકર્ષક બનેલાં કાવ્યોની આગળ આપેલી યાદીમાંથી 'વિધવાવિલાપ' આપણી ખંડકાવ્યદૃષ્ટિને એટલું સંતર્પક ન લાગે તે ભલે. વિશ્વ અને વિશ્વકર્તાની દિવ્યતા, ભવ્યતા ઇત્યાદિનું કવિને ભારે આકર્ષણ જણાય છે. ' કુસુમમાલા 'માં પણ તે અવસ્ય દેખાય છે. અલબત્ત, આમ છતાં આ તત્ત્વો હમેશાં કાવ્યસિદ્ધ થયાં છે એમ કદાચ નહિ કહી શકાય. તેમ છતાં એમની કાવ્યદૃષ્ટિનું લક્ષ્ય, એમનું અભીષ્ટ, શું હતું તે તો તે દર્શાવે જ છે.

પ્રકૃતિનું આલંબન અને તેમાંથી વિસ્તરતું ચિન્તન પણ એમને એમની કાવ્યસિદ્ધિમાં પૂરતા પ્રમાણમાં ઉપકારક નથી બની શક્યાં એમ પણ આજની દૃષ્ટિને લાગે; પણ સાહિત્યના મૂલ્યાંકનમાં ઐતિહાસિક દૃષ્ટિની અવગણના કરવી પાલવે નહિ એમ સહુ સ્વીકારશે.

## હૃદયવીણા

એમનો બીજો કાવ્યસંગ્રહ ' હૃદયવીણા ' પ્રગટ થયો ૧૮૯૬માં, એટલે ' કુસુમમાલા ' પછી નવ વર્ષે. ' કુસુમમાલા 'ના કવિની રીતિ-રુચિ અને તેનાં અન્ય લક્ષણો આ સંગ્રહમાં પણ છે, એટલું જ નહિ, તેમાં પ્રગતિશીલતા પણ આવી જણાશે.



વૈવિધ્ય પણ ' કુસુમમાલા ' કરતાં આમાં વધારે આવ્યું છે. પણ ' હૃદયવીણા ' એટલે શું ? કવિએ પોતે જ એક કાવ્યમાં કહી દીધું છે : " કવિહૃદય નામ વીણાનું." માત્ર હૃદય નહિ, પણ કવિહૃદય. નર્મદ અને નરસિંહરાવની કાવ્યભાવના વચ્ચેનો ફરક તે આ જ.

સરકારી નોકરીને કારણે એમને અનેક સૌંદર્યવિશિષ્ટ અને કાવ્યપ્રેરક સ્થાનો જોવાનાં આવ્યાં તેનો લાભ એમના કવિહૃદયે યથાશક્તિમતિ લઈ લેવામાં કશી મણા રાખી નથી. પ્રકૃતિના પૂજક અને પ્રશંસક આ કવિને પ્રકૃતિએ વિવિધ, પ્રોત્સાહક, ચિન્તનપ્રેરક દર્શનો દીધાં છે. તેમાં ગૂઢતા કે રહસ્યમયતા અને દિવ્યતા એમને વારંવાર દેખાયાં છે. તે કાવ્યસિદ્ધ કેટલે અંશે થાય છે, તે પ્રતીતિકારક કેટલે અંશે જણાય છે તેની ચર્ચા નહિ કરીએ. રુચિભેદે કે દૃષ્ટિભેદે સહૃદયને તેનો જુદો જુદો ઉત્તર મળવાનો; પરંતુ આ બંને તત્ત્વોની કવિની ઝંખનાની સચ્ચાઇ વિશે સંશય કરી શકાય તેમ નથી.

આ કાવ્યસંગ્રહમાં વિવિધ પ્રકારની વિકટ પરિસ્થિતિમાં મુકાઈ ગયેલી સ્ત્રીઓ કવિની સહાનુકમ્પાનો વિષય બની છે. ઉદાહરણ ગણાવવાં હોય તો ' ફરી પરેલી બાલવિધવા ', ' કૂલમણિ દાસીનો શાપ ', ' કારાગૃહમાંની વિધવા ', ' વિધવા બાલાશ્રમની પાસે ', ' ઠગાયેલી વિધવા અને તેનું માંદું બાળક ' એ કૃતિઓ તરત સ્મરણમાં સ્ફુરશે. આમાંનાં ઘણાં ખરાં ખંડકાવ્યો થવા જતાં હોય, પણ પૂર્ણરૂપે તેમ થતાં રહી જતાં હોય એમ જણાશે. પરંતુ નરસિંહરાવનાં ઉત્તમ ખંડકાવ્યોમાંનું એક ' ઉત્તરા અને અભિમન્યુ ' તો આ સંગ્રહના અને આપણા ખંડકાવ્યસાહિત્યમાં ઉચ્ચ સ્થાનનું અધિકારી છે. ભલે તેની પ્રેરણા કવિ ' કાન્ત 'ની ખંડકાવ્યરીતિમાં રહેલી હોય ! ' મત્સ્યગંધા અને શાન્તનુ ' પણ સંતર્પક ન લાગે એવું તો નથી જ.

જુદાં જુદાં કાવ્યોમાં આરંભે કે વચ્ચે મુકાયેલી ગરબીઓમાંથી કેટલીક તો ખરેખર ગમી જાય એવી છે.

શાંતિપૂર રેલી રહ્યું રે ઊંડું, અદ્‌ભુત, સહુ ઠાર,
એ પૂરને ઝીણું ઝીણું હલાવી છાનો અનિલ રમે સુકુમાર રે;
આ શી ઊંડી રજની ! ( પૃ. ૧૦૧ )

આમ વર્ણન કરતી " ઊંડી રજની " ગરબી હૃદયને ઊંડો સ્પર્શ કરે તેવી બની છે. ' સાંધ્ય ઘનદીપ ' એ ગરબી પણ રુચિર જણાશે, અને કવિની જોડે ' રમિયે; રમિયે, કાંઈ અલૌકિક હાસમાં રે ' એમ લલકારવા પ્રેરે તેવી લાગશે.

સન્ધ્યા, ઉષા, રજનિ, તારા વગેરે વિવિધરૂપે નરસિંહરાવનાં કાવ્યોમાં આવતાં હોય તો તેનું નિદાન કવિની પ્રકૃતિ-પ્રીતિમાં શોધી શકાશે. પ્રકૃતિપદાર્થોની વિલક્ષણતાના દર્શનની સાથે ભાવ-ચિંતન ઇત્યાદિ પણ આવે જ છે. કોઇ કોઇ

વાર તે જાણે પરાણે પેસાડ્યાં હોય એવું પણ કોઈને લાગશે. ‘ પ્રકૃતિરહસ્ય અને માનવબાળ ’ એ કૃતિ કવિની એક વિશિષ્ટ રચના ગણાવાને પાત્ર છે.

‘ રમણીયતાજનિત શોક ’, ‘ કવિહૃદય ’, ‘ જળધોધ ’ વગેરે પણ નરસિંહરાવની સારી કૃતિઓના વર્ગમાં બેસી શકે તેવી છે. ‘જળધોધ’માં તો નરસિંહરાવની પ્રિય અને પ્રસિદ્ધ પંક્તિ “ આ વાદ્યને કરુણગાન વિશેષ ભાવે ” કાવ્યાન્તે આ રીતે આવે છે :

‘ — ત્યારે તું ગાન કંઈ શોકભરેલ ગાતો
રહેજે ભલે જ, જળધોધ ! ન મૂક થાતો;
ગંભીર આ હૃદયવાદ્ય ભલે જગાવે,
આ વાદ્યને કરુણ ગાન વિશેષ ભાવે.

આ ઉપરાંત બાલકાવ્યો જેવાં લાગતાં – સરલબોધ જણાતાં થોડાં કાવ્યો પણ ‘ હૃદયવીણા ’માં છે. ‘ કોયલ, ચંદા, ગુલાબ, અજશિશુ, તારો વગેરે તેનાં ઉદાહરણ તરીકે આગળ કરી શકાય. સમગ્રપણે વસુધા અને વ્યોમ વચ્ચેની વિવિધ રમણીય ચિંતનપ્રેરક ભાવોત્કર્ષક સૃષ્ટિની સૌંદર્યમયતા, રહસ્યમયતા, અલૌકિકતા આ કવિને આકર્ષણ કર્યા કરે છે એમ નિઃસંશય કહી શકાશે. કવિના આ કાવ્યસંગ્રહ વિષે મ. ન. દ્વિવેદી જેવાએ કટુતાભરી ટીકા કરેલી છે, તેમ તેનો ગુણપક્ષ ર. મ. નીલકંઠ જેવાએ સમર્થ રીતે દર્શાવ્યો છે.

## નૂપુરઝંકાર

‘નૂપુરઝંકાર’ (૧૯૧૪) એ નરસિંહરાવનો ત્રીજો કાવ્યસંગ્રહ. પ્રથમ બે સંગ્રહો–‘કુસુમમાલા’ અને ‘હૃદયવીણા’માં કવિની જે શક્તિ વિવિધરૂપે પ્રગટ થઈ હતી તે આ સંગ્રહમાં અધિક ગુણોત્કર્ષ સાથે પ્રગટ થયેલી જણાશે. આમ ‘નૂપુરઝંકાર’માં નરસિંહરાવની કવિતાના વિસર્જનકાળના ઝંકાર છે એવી વિનોદલીલા કે વિનોદચેષ્ટાને અવકાશ નહોતો ને નથી જ. આ સંગ્રહ બેશક તેના પૂર્વગામી સંગ્રહો કરતાં વધારે સમૃદ્ધ છે. ‘કવિતદેવી’ના નૂપુરના આ ઝંકારનું થોડું શ્રવણ કરીશું.

દેવી તણા મધુર નૂપુરનાદ કાંઈ,

° ° °

ઝંકાર નૂપુરતણા નવ વ્યર્થ જાય. (પૃ. ૧૧૨)

આવી શ્રદ્ધા વ્યક્ત કરતા કવિ–‘ વિવર્તલીલા ’ના ‘ જ્ઞાનબાલ ’ ચિંતક અહીં પ્રકૃતિમાતાના કે કવિતાદેવીના પ્રૌઢ બાલક બનીને રમે છે. એમણે બહુ સસ્તો બનાવી મૂકેલો શબ્દ વાપરીએ તો ‘દિવ્ય’ રમકડાંથી રમે છે. અને



રમકડાં મુજ કોણ ગયું હરી ?
રુદન એમ કરું હું ફરી ફરી;
ભયદ નાદ થકી ગભરાઈને,
ગિરિગુહામહિં બેસું લપાઈને.

° ° °

“ પ્રકૃતિમાતા રુદન કરવું છાજે નહિ હવે તુજને કંઈ,
રમી રમકડાં માણે મોજે, ગયું વય એ વહી;
તુજ રમકડાં બાલ્યાવસ્થાતણાં પડિયાં અહીં,
તદપિ પલટી છાયા, ખરું સ્વરૂપ રહ્યાં લહી…” (પૃ. ૧૪-૧૫)

એમ ગાયા પછી ‘ભાવનાસૃષ્ટિ’ જેવાં ચિંતનમધુર કાવ્યો પણ રચે છે. ‘ભારતજનનીની અશ્રુમાળા’ એ કરુણમધુર કાવ્ય આ સંગ્રહમાં સાંપડે છે. ‘ગાનવાદ્યમાં લીન’ સલીલ ઊભેલી કવિત દેવીના વ્યોમસ્થિર નેત્રનાં દર્શન ( અવતરણ ) પછી તરત જ ‘ભારતજનનીની અશ્રુમાળા’ કાવ્ય આવ્યું છે તેમાં ઔચિત્ય વરતાઈ આવે એવું છે. તેમાં ‘તિમિર-અંધ’ ભારતીય જનબંધુઓને માટેની પ્રાર્થનામાં કવિ પણ કોમલભાવે ચિત્રાંકિત થઈ ગયા છે. તેમાં આવતા ‘કર્મવીર’, ‘વિરલવીર’ જેવા શબ્દ પ્રયોગો કોઈનું પણ લક્ષ ખેંચાય તે રીતે આવી ગયા છે. કર્તવ્યવિઘ્ન વિદારવા માટે ભારતજનની અશ્રુની સ્ફટિકમાળ કવિને આપે છે તે ચિત્ર તેની વત્સલતાને કારણે તેમ જ તેમાંના આશાવાદને કારણે હૃદ્ય બન્યું છે. ‘ઉદ્બોધન’ નામનાં બે કાવ્યો કદાચ તેમાં રહેલી બોધપ્રધાનતાને કારણે કોઈને કઠશે, પણ નવજીવન માટેની કવિની અભીપ્સા અને તેને માટે સત્યમેવ જયતે એ સનાતન જીવનમંત્રનો ઉદ્ઘોષ સકારણ ને સુઘટિત પણ લાગશે. ‘બોધ આવ્યો એટલે કાવ્ય કથળ્યું જ’ એમ અવશ્ય નિયમ કરી શકાય નહિ.

નોકરીને અંગે કવિને જુદે જુદે અનેક સ્થળે જવાનું થતું હતું તે દરમ્યાન એમની કાવ્યદષ્ટિ ક્યાં ક્યાંથી કાવ્યપ્રેરણા મેળવતી રહેતી હતી તે અજાણ્યું નથી. એક કબ્રસ્તાન પરના લેખ ઉપરથી એમની કલ્પનાશક્તિએ એમની કલમે ‘ ચિત્રવિલોપન ’ નામનું નાનું પણ મનોરમ ખંડકાવ્ય સર્જાવ્યું. જે ચિત્રવિષયક પાત્રો હતાં તેમનું ભલે વિલોપન થયું, પણ ‘ચિત્રવિલોપન’ કાવ્યનું વિલોપન કાવ્યરસિક હૃદય સહેલાઈથી કરી શકશે નહિ. કાન્તનાં ત્રણ સુપ્રસિદ્ધ ખંડકાવ્યો જેવું કે એમના પોતાના ‘ ઉત્તરા અને અભિમન્યુ ’ ખંડકાવ્યો જેવું રમણીય ભલે તે ન લાગે. ‘ દિવ્ય આશા ’ એ ગરબીના નામકરણમાં આવતા ‘ દિવ્ય ’ શબ્દથી કદાચ કોઈ કચવાય પણ—

સ્વર્ગમંડળે થકી હું ઊતરી રે લોલ,
સ્વર્ગમાંહિ કાંઈ મુજ નિવાસ.

દિવ્યઆશ હું રે લોલ;
સર્વઠામ મ્હાલું કુસુમ વેરતી રે લોલ !

એવું આશાદેવીનું ચિત્ર મનને આહ્‌લાદ અને આશ્વાસન આપી રહે એવું અંકાયું છે. (પૃ. ૧૭)

'વિરાગિણીની વીણા' કાવ્ય તેમાંના સુરેખ ચિત્રાંકનથી અને કરુણ માધુર્ય અથવા મધુર કારુણ્યથી ચિત્તને સંતર્પક બને તેવી રચના છે. 'દીન બાળક' એ પ્રાર્થના-ગરબી કવિહૃદયની ઈશ્વરપ્રીતિ અને વિનમ્રતાભરી શ્રદ્ધાને છતી કરે છે. 'ભાવનાસૃષ્ટિ'માં—

'સ્થાયી સૌન્દર્યની મૂર્તિ ગ્રહતાં ન જશે ખસી
દિવ્ય આ ભાવનાસૃષ્ટિ અહિંયાં નિત્ય છે વસી.'

એ અંતિમ શ્લોકમાં કવિની સૌન્દર્યશ્રદ્ધા સરલભાવે વ્યક્ત થઈ છે. 'દિવ્ય' વિશેષણ છેડીને વાચનારને પણ એ શ્રદ્ધાનો સ્પર્શ થયા વગર રહેશે નહિ.

મરણવિષયક ત્રણ કૃતિઓ આ સંગ્રહમાં એકીસાથે આવે છે. પહેલી બે અનુક્રમે ભારતીય કવયિત્રી સરોજિની નાયડુ અને આંગ્લ કવિ કીટ્સની કૃતિઓનાં ભાષાંતર છે, ને તે કવિની ભાષાંતરકલાની નિદર્શક છે; પણ છેલ્લી ત્રીજી 'મૃત્યુનું મરણ' એ ગરબી સ્વતંત્ર રચના છે ને 'મૃત્યુ મરી ગયું રે લોલ' એ ધ્રુવપંક્તિ મનમાં રમી રહે એવી સાદી છતાં સુંદર જણાય છે. આ વિચારનાં પ્રેરક મરાઠી અને અંગ્રેજી વચનોથી સુજ્ઞાતને પણ તે જરૂર આકર્ષવાની.

'અગ્નિહોત્ર' કાવ્ય સંક્ષેપમાં પ્રેમાગ્નિહોત્રપથમાં સહધર્મચરણનો મહિમા કરતું હૃદયતર્પક કાવ્ય છે. એ પ્રેમાગ્નિહોત્રનો જ અવર્ણનીય ઉત્કર્ષ જાણે 'તદ્‌ગુણ' ખંડકાવ્યમાં થતો અનુભવાય છે. 'તદ્‌ગુણ' આમ તો બુદ્ધ ભગવાન અને પરિવ્રાજિકા બનેલી યશોધરા વચ્ચેના સંવાદરૂપ છે; તેને સંવાદકાવ્ય કહીએ કે ખંડકાવ્ય કહીએ તેથી ખાસ ફેર પડતો નથી. તેનું કાવ્યસૌન્દર્ય છે તે તો છે જ.

કોલેજમાં અભ્યાસકાળ દરમ્યાન કવિએ અમેરિકન કવિ એડગર એલન પોનું 'The Raven' કાવ્ય એક અંગ્રેજ નટને મુખે સાંભળેલું તેના સંસ્કાર અસત્ય એને ઝાંખા હોવાને લીધે માત્ર તે કાવ્યની કલ્પનાને આધારે ઘુવડ કાવ્ય રચાયું છે એમ નરસિંહરાવે પોતે કહેલું છે. આમ 'ઘુવડ' કાવ્ય ભાષાંતર નથી. માત્ર Never more (કદી નહીં) એ ધ્રુવ વચન પૂરતું સામ્ય આ કાવ્યને The Raven જોડે અનુસંધિત કરે છે. કવિહૃદયની નિરાશાવૃત્તિ આ કાવ્યમાં પ્રતિબિંબિત થયેલી છે તે સ્પષ્ટ છે. The Raven અને 'ઘુવડ' સાથે સાથે વાચતાં બીજા સામ્યભેદ પણ જણાઈ આવવા સંભવ છે. પરમાત્મા વિશે અત્યંત શ્રદ્ધાભક્તિવાળા નરસિંહરાવના હૃદયમાં 'આટલી બધી નિરાશા ભરેલી હતી?' એવો પ્રશ્ન પ્રથમદર્શને થાય જ, પરંતુ તેનો ઉત્તર કે ઉતાર તે પછીના 'ગૂઢ



કોકિલા' કાવ્યમાંથી મળી રહેશે. નિરાશ કવિહૃદય એ કાવ્યને અંતે દિવ્યગણનાં ગાનસરમાં તરી રહેલું ઉપસ્થિત થયું છે. કાવ્યકૃતિ તરીકે 'ગૂઢ કોકિલા' કરતાં 'ઘુવડ' ચડિયાતું લાગે તે જુદી વાત છે. પ્રકૃતિનાં અનેકવિધ રમ્ય દૃશ્યોએ કવિને નિરાશાવાદી – pessimist –થવા દીધા નથી. આ કવિ તો 'આશાદેવી'ની ગરબી ગાનારા કવિ છે ને? આગળ ઉપર આવનાર કાવ્ય 'ત્યારે અને હવે'માં પણ મહાન સિંધુમાં, ગગનમાં, તારાગણમાં વિવિધ પ્રકારના ગાનસ્વરો કવિહૃદયને પ્રકૃતિમાં રહેલી સ્થિર, અનુપમ, અશરીર છતાં સુરીલી ગાનલીલાનો અનુભવ કરાવે છે.

આ કૃતિઓમાં તેમ જ અન્યત્ર આવતા ખંડશિખરિણી, ખંડહરિગીત, વસંતતિલકા ઇત્યાદિ છંદોની યોજના પણ કાવ્યના રસને સુંદર લય અર્પી રહે છે. અન્યત્ર પણ આવો સુલભ અનુભવ આ કવિ કરાવે જ છે.

## બુદ્ધચરિત

બુદ્ધચરિતનો વિષય ગુજરાતી કવિતામાં સમર્થ રીતે કદાચ નરસિંહરાવે પહેલો દાખલ કર્યો. 'તદ્‌ગુણ' કાવ્ય તો આપણે ઉપર ઉલ્લેખેલું છે જ. પરંતુ 'કિસા ગૌતમી' અને 'મહાભિનિષ્ક્રમણ' પણ બુદ્ધચરિતને વિષય કરનારાં કાવ્યો છે. આ ત્રણેની રચનારીતિ જુદી છે. આ ત્રણમાં સર્વોત્તમ 'મહાભિનિષ્ક્રમણ' છે. તેની ભાવમયતા હૃદયમાં સ્થિર ભાવે વસી જાય એવી છે, અને "ચાલ્યો—શ્યામ રજનિમાં ચાલ્યો, માર્ગ જ્યોતિ અનુપનો ઝાલ્યો" એ અંતિમ પંક્તિઓ ગુંજ્યા જ કરીએ એમ થાય છે. બુદ્ધ ભગવાનના જીવનના એક અત્યંત મહત્ત્વપૂર્ણ પ્રસંગનું તેમાં પ્રગટ થતું ચિત્ર તેની સાદગીથી જ સુભગરૂપે પ્રત્યક્ષ થાય છે.

બુદ્ધચરિતનો વિષય 'The Light of Asia' ઉપરથી કવિને ભલે સૂઝ્યો હોય, પણ કવિ અશ્વઘોષની રચનાથી પણ નરસિંહરાવ અજ્ઞાત નહોતા જ.

'The Choice' નામના ચિત્ર ઉપરથી એમને સ્ફુરેલું 'સ્વેચ્છાસ્વીકાર' તેની રીતે એક ખંડકાવ્ય જ છે. એ કાવ્યનો આસ્વાદ કરતાં પેલો 'શ્રેયશ્ચ પ્રેયશ્ચ' વાળો ઉપનિષદનો શ્લોક રસિક હૃદયમાં રણકાયા વગર રહેશે નહિ.

'પુરૂરવ અને ઉર્વશી' એ સંવાદકાવ્ય પણ 'નૂપુરઝંકાર'નાં રમણીય અને સ્મરણીય કાવ્યોમાંનું એક છે એમ ગણવું જોઈએ.

'નૂપુરઝંકાર'ની અંતિમ કૃતિ 'અવસાન' અનેકને હૃદયસ્પર્શી બની છે, ને તેની બે છેલ્લી પંક્તિઓ—

"જો એક અશ્રુ તુજ મેં કદિ હોય લોહ્યું
એકાદ અશ્રુ તણું દાન જ યાચું તો હું."

તેમાં રહેલી બાલસહજ ઋજુતા, આર્દ્રતાને કારણે હૃદયને સઘન સ્પર્શ કરે છે. આ દાનની યાચના વન્ધ્ય રહી નથી એમ અર્વાચીન ગુજરાતી કવિતાના રસિકો અવશ્ય સાક્ષી પૂરશે. કશો હક્કદાવો નહિ, પણ કેવળ દાનની યાચના ! અક્કડ ગણાતા કવિની કેવી વિનમ્રતા અહીં આગળ આવે છે !

નરસિંહરાવે ‘ બુદ્ધચરિત ’ પ્રગટ કર્યું ભલે ૧૯૩૪મા, પરંતુ તેમાંની કૃતિઓ ‘ મહાભિનિષ્ક્રમણ ’, ‘ વિયોગિની યશોધરા ’ વગેરે તો ક્યારનાં પ્રગટ થઈ ચૂક્યાં હતાં. આ સંગ્રહમાં નવ કૃતિઓ ઉચિત ક્રમમાં એકત્રિત કરેલી છે. તેમાંની બે ‘ બુદ્ધનું ગૃહાગમન ’ અને ‘ તદ્‌ગુણ ’ સ્વતંત્ર કૃતિઓ છે. પહેલી છે કવિ દા. ખુ. બોટાદકરની ને બીજી છે નરસિંહરાવની, પોતાની-બાકીની કૃતિઓ એડવિન આર્નોલ્ડના ‘જંબુજ્યોત’ (Light of Asia)માંના કેટલાક પ્રસંગોના ભાષાન્તરરૂપ છે. પ્રસ્તુત પ્રસંગોની પસંદગીમાં કવિની આત્મદૃષ્ટિ ને તેનાં ભાષાંતરોમાં કવિની ભાષાંતરશક્તિનો સાક્ષાત્કાર થાય છે, મહાત્મા ગાંધીજીના કહેવાથી નરસિંહરાવે મહાત્માજીને પ્રિય ને સુપ્રસિદ્ધ અંગ્રેજી ભજન Lead Kindly Light નો કરેલો અનુવાદ જોવો અહીં પ્રસ્તુત ગણાશે.

## પ્રેમલ જ્યોતિ

પ્રેમલ જ્યોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઉજાળ.

દૂર પડ્યો નિજ ધામથી હું, ને ઘેરે ઘન અંધાર;
માર્ગ સૂઝે નવ ઘોર રજનીમાં, નિજ શિશુને સંભાળ,
મારો જીવનપંથ ઉજાળ.

ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ, દૂર નજર છો ન જાય;
દૂર માર્ગ જોવા લોભ લગીર ન, એક ડગલું બસ થાય,
મારે એક ડગલું બસ થાય.

આજ લગી રહ્યો ગર્વમાં હું ને માગી મદદ ન લગાર;
આપબળે માર્ગ જોઈને ચાલવા હામ ધરી મૂઢ બાળ,
હવે માગું તુજ આધાર.

ભભકભર્યા તેજથી હું લોભાયો, ને ભય છતાં ધર્યો ગર્વ;
વીત્યાં વર્ષોને લોપ સ્મરણથી સ્ખલન થયાં જે સર્વ,
મારે આજ થકી નવું પર્વ.

તારા પ્રભાવે નિભાવ્યો મને, પ્રભુ, આજ લગી પ્રેમભેર;
નિશ્ચે મને તે સ્થિર પગલેથી ચલવી પહોંચાડશે ઘેર,
દાખવી પ્રેમલ જ્યોતિની સેર.



કર્દમભૂમિ કળણભરેલી, ને ગિરિવર કેરી કરાડ,
ધસમસતા જળ કેરા પ્રવાહો, સર્વ વટાવી કૃપાળ
મને પહોંચાડશે નિજદ્વાર.

રજની જશે ને પ્રભાત ઉજ્જળશે, ને સ્મિત કરશે પ્રેમાળ
દિવ્યગણોનાં વદન મનોહર મારે હૃદય વસ્યાં ચિરકાળ,
જે મેં ખોયાં હતાં ક્ષણવાર.

નરસિંહરાવની અનુવાદકલા માટે અભ્યાસુએ કવિ શેલીના Skylark નો અનુવાદ પણ જોવો જોઈએ.

## સ્મરણ સંહિતા

### મંગલ મંદિર ખોલો

મંગલ મંદિર ખોલો, દયામય ! મંગલ મંદિર ખોલો !

જીવનવન અતિવેગે વટાવ્યું દ્વાર ઊભો શિશુ ભોળો;
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો, શિશુને ઉરમાં લો લો ! દયામય.
નામ મધુર તમ રટ્યો નિરંતર, શિશુ સહ પ્રેમે બોલો,
દિવ્ય તૃષાતુર આવ્યો બાલક, પ્રેમ-અમીરસ ઢોળો ! દયામય.

નરસિંહરાવના કાવ્યમંદિરના કલશરૂપ કૃતિ ‘ સ્મરણસંહિતા ’ ગણાય છે. મિત્રરૂપ પુત્ર નલિનકાંતના અકાલ અવસાનની દુર્ઘટનાથી એ કૃતિ પ્રેરાઈ હતી તે સુવિદિત હકીકત છે. નરાસહરાવે અનેક કાવ્યસ્વરૂપો ઉપર પોતાની કાવ્યરુચિને પ્રવર્તવા દીધી છે. અહીં જે કાવ્યસ્વરૂપ સિદ્ધ થયું છે તેને મરણનિમિત્તક કરુણપ્રશસ્તિ — ટૂંકામાં કરુણપ્રશસ્તિ ( Elegy ) કહેવાય છે. આ કાવ્યપ્રકાર નરસિંહરાવ પહેલાં પણ ગુજરાતીમાં કાચોપાકો ખેડાયેલો હતો, પરંતુ કરુણમધુર કાવ્ય-સૌંદર્યમંડિત પ્રથમ ગુજરાતી કરુણપ્રશસ્તિ તો ‘ સ્મરણસંહિતા ’ જ છે. ભાવની સચ્ચાઈ, જીવનમરણના ગહન પ્રશ્નનું સરલસુંદર ચિંતન, કૃતિના અંગપ્રત્યંગની આયોજનામાં સ્વાભાવિક લાગે તેવો સૂક્ષ્મ કલાવિવેક, સંક્ષેપમાં કહીએ તો સમગ્ર કૃતિની સુભગતા ને સુબદ્ધતા આ કરુણપ્રશસ્તિને કાવ્યગૌરવ અર્પે છે. એમનો ખંડહરિગીત તો આ કૃતિની સૌંદર્યસાધકતામાં પૂરો ચરિતાર્થ થયો જ છે, પણ અન્ય છંદો પણ કાવ્યભાવાનુરૂપ બની રહ્યા છે. ‘ મંગલ મંદિર ખોલો ’ એ સુપ્રસિદ્ધ ગીતકાવ્ય અને ‘ મૃત્યુ મરી ગયું રે લોલ ’ એ ગરબીકાવ્ય પણ આ કૃતિની રમણીયતાને સંવર્ધે છે. વૃત્ત, જાતિ અને લયાત્મક પદની ત્રિવેણી તેમાં વિચ્છિન્ન રૂપની ન વરતાતાં કાવ્યની મધુરિમાને, તેની ભાવાત્મકતાને રસિકતા અર્પે છે. ‘ સ્મરણસંહિતા ’ને ઉપોદ્‌ઘાત અને ટીકા આચાર્ય આનંદશંકર ધ્રુવ જેવા

મહાવિદ્વાન અને કાવ્યરસજ્ઞનાં પ્રાપ્ત થયાં છે, અને તે બંને કૃતિના કાવ્યબલનાં પૂરા પરિચાયક છે. ' જ્ઞાનગિરિનાં શૃંગને ભક્તિકિરણો રંગતાં ' નરસિંહરાવને જેવાં દેખાયાં તેવાં આ કૃતિમાં પ્રતિમૂર્ત થયેલાં છે. નરસિંહરાવની જ્ઞાનપ્રિયતા અને ભક્તિપ્રિયતા કાવ્યરંગે રંગાઇને સહૃદયનું આકર્ષણ કરે તેવી આ કૃતિમાં બની આવી છે. ગુજરાતનું કરુણ પ્રશસ્તિકાવ્યસાહિત્ય ' સ્મરણસંહિતા ' થી ઉજ્જવલ બન્યું છે તેમાં સંદેહ નથી.

## ભાષાન્તરકવિ

નરસિંહરાવને ભાષાન્તરિયા કવિ કહીને કેટલીક વાર વગોવવામાં આવ્યા છે; પરંતુ શેલી કવિના ' The Skylark ' અને કાર્ડિનલ ન્યૂમેનના ' Lead Kindly Light ' જેવાં એમનાં ભાષાન્તરો સ્વતન્ત્ર રચના જેવો ભાવાસ્વાદ કરાવે તેવાં સમર્થ છે તેનું વિસ્મરણ કરવું પાલવે તેમ નથી. એમની ભાષાન્તરકલાની જનની તો એમની કાવ્યપ્રીતિ જ હતી તે સમજવું કઠિન નથી. કવિ તરીકે નરસિંહરાવ વિરાટ સ્વરૂપના નથી, તો વામન સ્વરૂપના પણ નથી. કાવ્યમાધુર્યના, કાવ્યસૌન્દર્યના ભક્ત- ઉપાસક કવિ નરસિંહરાવ અવશ્ય છે એમ સમગ્રપણે એમનાં કાવ્યસર્જનોને જોતાં અભ્યાસીઓને લાગવાનું જ. એમણે ૭૫ વર્ષ પૂરાં કર્યાં તે નિમિત્તે * ' मित्रावरुणौ ' એ ' પંચોતેર પગલાં ' નામનું અભિનંદનકાવ્ય એમને અર્પેલું હતું. તેના ઉત્તરમાં નીચેની કંઇક નિર્વેદપ્રેરિત પંક્તિઓ એમણે લખેલી :

" કુસુમો તો થયાં મ્લાન,
વીણાના તાર તૂટિયા,
નૂપુરે કિંકિણી સર્વે
વાજે છે ખોખરી હવાં."

પરંતુ આપણે અવશ્ય કહી શકીશું કે એમનાં કાવ્યકુસુમોમાં અમ્લાન પણ ઓછાં નથી; એમની હૃદયવીણાના બધા તાર તૂટી ગયા નથી; ' નૂપુરઝંકાર 'ની કિંકિણીઓનો ધ્વનિ સર્વથા ખોખરો થયો નથી— મંજુલ કાવ્યરણકાર— કાવ્યઝંકાર સાંભળવા જતાં નિરાશ થવું પડે એવી સ્થિતિ અવશ્ય નથી.

* मित्रावरुणौ— એમના શિષ્યો ભાનુશંકર બા. વ્યાસ અને સુંદરજી બેટાઈ એ જાણીતી વાત છે.

# નરસિંહરાવ – સર્જનાત્મક ગદ્યલેખક

॥ काव्यं गद्यं च पद्यं च ॥

આધુનિક ગુજરાતી કવિતાના સબલ સંસ્કારક કવિ તરીકે આપણે નરસિંહરાવનો પરિચય સંક્ષેપમાં કરી ગયા. હવે આપણે સમર્થ ગદ્યલેખક તરીકે એમનું અર્પણ કેવું છે, તે જોઇએ. એમના ગદ્યલેખનના સ્પષ્ટ બે વિભાગ પડે છે: (૧) સર્જનાત્મક કહેવાય એવું નિબંધલેખન, અને (૨) વિવેચન. પહેલાં એમનું સર્જનાત્મક નિબંધલેખન જોઇએ. આ પ્રકારમાં બે ગ્રંથો મૂકી શકાય: (૧) ' વિવર્તલીલા ', અને (૨) ' સ્મરણમુકુર '. અનુક્રમે એ બંનેનો પરિચય કરીશું.

ગુજરાતી ગદ્યસાહિત્યિક કહી શકાય તેવું ગદ્ય, અલબત્ત, નર્મદે પહેલવહેલું લખ્યું એમ ખુશીથી કહી શકાય. નર્મદ પછીના ને સમકાલીન સમર્થ સાહિત્યકારો નવલરામ ઇત્યાદિએ તેને સારી પેઠે વિકસાવ્યું એ પણ ખરું. પરંતુ લીલામય છતાં ગંભીર, ને ગંભીર છતાં લીલામય નિબંધસ્વરૂપ નરસિંહરાવે ' વિવર્તલીલા 'માં નીપજાવ્યું તે ઐતિહાસિક દૃષ્ટિએ અપૂર્વ કહી શકાય એવું છે. અલબત્ત, નવલરામ જેવા નિબંધકારને પૂર્વભૂમિમાં ઊભેલા જોઈ શકાશે.

## વિવર્તલીલા

જ્ઞાનબાલના તખલ્લુસથી ' વિવર્તલીલા ' સદ્. આનંદશંકર ધ્રુવના ' વસંત ' માસિકમાં ઓગણીસ લેખોરૂપે પ્રગટ થયેલું. એ લેખમાળાને પુસ્તકાકારે પ્રગટ કરતી વખતે નિવેદનમાં કવિવર કાલિદાસનો ' तं सन्तः श्रोतुमर्हन्ति सदसद्व्यक्तिहेतवः। हेम्नः संलक्ष्यते ह्यग्नौ विशुद्धिः श्यामिकापि वा ॥ એ શ્લોક ટાંકીને, જ્ઞાનબાલે ' આ પ્રકારની લેખમાલા ગુજરાતી સાહિત્યમાં પ્રથમ લખાઈ નથી ' એમ કહીને પંડિતવરોને પ્રાર્થના કરી છે તે એમની વિનમ્રતા અને ઉચ્ચાભિલાષ બંને દર્શાવનારી છે.

' વિવર્તલીલા 'માં સ્પર્શેલા ' વિવિધ પ્રશ્નોનું તત્ત્વદર્શનરૂપે ઉદ્ઘાટન કરવાનો અભિલાષ રાખ્યો જ નથી ' એમ લેખકે કહ્યું છે તે ભલે. ' એ લેખોમાં વિવિધ પ્રશ્નો ઊંડા મનન કે અવગાહન વિના અદ્ધર અદ્ધર છેડયા છે ' એમ પણ એમણે કહ્યું છે તે યે ભલે. પરંતુ આ લેખમાલામાં જે કંઇ લીલાસિદ્ધિ થઈ હોય તે જ્ઞાનબાલની કરેલી છે. ( કોઇ અજ્ઞાન સ્તનંધયની બાલિશ ચેષ્ટા ' વિવર્તલીલા 'માં નથી, તે હકીકત, ક્યાંય પણ, કદી પણ, આગળ આવ્યા વિના રહેતી નથી. )

' વિવર્તલીલા 'નો આરંભ ' एको रसः करुण एव ' એ કવિ ભવભૂતિના

સુપ્રસિદ્ધ અને તત્ત્વગંભીર શ્લોકથી થયો છે, ને અંતે–'માત્ર જીવી રહ્યો હું મહાશાંતિની એક આશે' એમ કરુણ છતાં શ્રદ્ધાગર્ભ વચન કહીને ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ એમ પ્રાર્થના-ઉદ્‌ગાર મૂક્યો છે.

જ્ઞાનબાલની આ લેખમાળામાં બાલદર્શન વિવિધરૂપનાં ને આકર્ષક આવ્યાં છે. સામાન્ય ભજનવચનથી માંડીને ગીતા-ઉપનિષદ્ સુધીના વિપુલ ભંડારમાંથી અનેક પણ ખપપૂરતાં જ અવતરણો લેખકે કર્યાં છે, ને અંગ્રેજી પુસ્તકો કે કાવ્યોનાં વચનો પણ યથાસ્થાન ઉતાર્યાં છે, છતાં પાંડિત્યનો મિથ્યા ભાર ક્યાંય વરતાતો નથી, તે આ લેખમાળાનું એક વ્યાપક લક્ષણ મને લાગ્યું છે. શંકર ભટ્ટનું વિનોદ ચિત્ર આવે; દેખત-ભૂલીની રમત* આવે; અનેક દૃષ્ટાન્તો વિષયને અનુરૂપ ગાંભીર્ય અને રસિકતા અર્પનારાં આવે; કવિ કાંતના સુપ્રસિદ્ધ ખંડકાવ્ય 'ચક્રવાકમિથુન'નું વ્યંગ્યદર્શન આવે ને તેમાં બળવંતરાય ઠાકોર જેવા સમર્થ કવિ-વિવેચક ઉપર સબલ ટીકાવચનો પણ આવે; 'નામ વગરનું સ્ટેશન' આવીને હૃદયને ભાવછલકતું કરી મેલનારી વાર્તા પણ રસિકને ભીંજવી જાય. કાવ્યકલા, સંગીતકલા, ચિત્રકલા વગેરે ગંભીર વિષયોનું ચિંતન-મનન આવે, ત્યાં તત્ત્વદર્શન આવ્યા વગર રહે જ શાનું? પરંતુ જે કંઈ આવે તે અનુરૂપ દૃષ્ટાન્તોથી વિશદ ને રસમય બનીને જ આવે. અમસ્તું પીંજણ્યું-ચૂંથણું ક્યાંય દેખાય જ નહિ તો! જ્ઞાનબાલની એ જીવનના વિવિધ વિવર્તો દેખનારી ને દેખાડનારી લીલા લીલામય છે, લીલામય હોવા છતાં ગંભીર છે. '**विवर्तलीला**' પહેલાં કે પછી આ જાતની લેખમાળા ગુજરાતને કદાચ મળી નથી. સદ્. રામનારાયણ પાઠકના 'સ્વૈરવિહાર'થી હું અજ્ઞાત નથી, પણ તે વળી એક જુદો જ નિબંધપ્રકાર છે. વિસ્તારભયે ઉદાહરણો આપી એ બંને વચ્ચેના સામ્યભેદ જોવાનો લોભ જતો કરવો યોગ્ય સમજું છું.

નરસિંહરાવની ગદ્યશૈલી અને વિષયસ્પર્શ બન્નેને વિશદ કરનારાં થોડાં અવતરણો હવે 'વિવર્તલીલા'માંથી જોઈએ તે પ્રસ્તુત ગણાશે. નરસિંહરાવની કવિત્વભાવના કેવી હતી તે સ્પષ્ટ કરતાં એક બે અવતરણો આરંભે જોઈશું. 'ચક્રવાકમિથુન' એ કાન્તના અદ્‌ભુત ખંડકાવ્યનું વ્યંગ્યદર્શન કરાવતાં તેઓએ નીચેનાં સબલ વચનો લખેલાં છે:

> "શું કવિતા ઈન્દ્રજાલ ફેલાવનારી ઠગારી!
>
> કવિતાએ આપેલાં દિવ્ય લોચન ઈન્દ્રજાલ, વસ્તુતઃ અસત્ય માયા, પ્રગટ કરે? કવિતાદેવીનો હાથ મસ્તક ઉપરથી ખસી જતાં, સત્યની ખાત્રી થાય? એમ હોય તો દિવ્ય સત્યનું દર્શન સૂક્ષ્મ પ્રવેશથી

* આ દેખત-ભૂલીની રમત હું બી. એ. માં હતો ત્યારે નરસિંહરાવે વર્ગમાં પ્રસંગવશાત્ અમને વિદ્યાર્થીઓને રમાડી બતાવી હતી.



> કરનારી, અને અલૌકિક શક્તિથી એનું પ્રદર્શન કરાવનારી કવિતાને ધુતારી ઠરાવીને રસિક તત્ત્વદર્શનના રાજ્યમાંથી દેહદેશવટો? કરીને હાંકી કાઢવી જોઈએ.' (પૃ. ૭૮)

'સેહેની' (બ. ક. ઠા.) એ આ ખંડકાવ્યનું વ્યંગ્યદર્શન કરાવ્યું હતું તેનાથી અસંતોષ પામીને નરસિંહરાવે આ વચનો લખ્યાં હતાં એ એની પૂર્વભૂમિકા જાણ્યા પછી તેઓના સ્વભાવના એક પાસાંનો પણ પરિચય અહીં મળે છે. બ. ક. ઠા. કે કોઈથી પણ અંજાયા વગર પોતાને સત્યદર્શન લાગે તે કરાવવું જ એ એમનો સ્વભાવ હતો.

વાણી અને મૌનની તુલના કરતાં બન્નેનું સામર્થ્ય નરસિંહરાવ સમજાવે છે અને તે રીતે ઊંચી કવિત્વશક્તિ કોને કહેવાય એ વિષે પોતાના વિચારો વ્યક્ત કરે છે. તેઓ કહે છે:—

> "વાણી મૌનવિચાર દર્શાવવાનું સમર્થ સાધન છે, છતાં અસમર્થ સાધન છે. यतो वाचो निवर्तन्ते એ પરમાત્મસ્વરૂપને વિશે જેમ સાચું છે, તેમ ઊંચા પરમ સત્યને વિશે, માનવહૃદયના ઊંડાં મન્થનોને વિશે, હૃદયભાવને વિશે, ગંભીર ચિંતનોને વિશે, તેટલે અંશે નહિ પણ તેવી રીતે સાચું છે જ. ઊંચામાં ઊંચી કવિત્વની ગતિ જે વાણીનો ઉપયોગ કરે છે તે વાણીનાં બે સ્વરૂપ છે— એક સામર્થ્યરૂપ, બીજું અસામર્થ્યરૂપ; અને તેની અસમર્થતામાં જ એક પ્રકારનું સામર્થ્ય, સૌંદર્યશક્તિ વસે છે. કવિતાની વાણી જે બોલે છે તે કરતાં નથી બોલતી તે વડે વધારે અર્થપ્રદર્શન કરે છે ...Silence is more eloquent than speech એ વચનનું સત્ય આમ જડશે...
> કવિતાના મૌન કરતાં વધારે સબળ મૌન એક બીજું છે: સંગીતનું મૌન...વાણી અને મૌન વચ્ચે જે સંબંધ છે તે કવિતા અને સંગીત વચ્ચે છે. ગણિતની સંજ્ઞા વાપરીને આ સંબંધ આમ બતાવાય:—
>
> કવિતા : સંગીત : વાણી : મૌન : ......
>
> વાણીનું સામર્થ્ય અટકે છે, ત્યાં કવિતા ક્રમ માંડે છે, અને તેની પરાકાષ્ઠા અનુક્ત સૂચનોમાં આવે છે; એ જ કવિતાની વ્યંજનાશક્તિ. (પૃ. ૬૦-૬૧)

° ° °

અંતિમ સંયોગીકરણ પછી ૐકારનો મહાનાદ અથવા શ્વેતકિરણનો અખંડ જ્યોતિ ભલે લક્ષ્યરૂપ ગણો, એ મહા ઈષ્ટસિદ્ધિ યોગીઓને

માટે છે. હું તો ઉપાધિયુક્ત, રૂપલીલા, નાદલીલા અને પ્રેમલીલા સ્વીકારવાને તૈયાર છું; પરમાત્માના શૂન્યાકારમાં 'સ્વરસૌંદર્ય' કે રૂપસૌંદર્યની વ્યષ્ટિરૂપ ઘટના ક્યાં મળશે? એ સમન્વિત સૌંદર્યમાંથી થતી રૂપલીલા અને નાદલીલા પ્રગટ થાય એ મારે મન કવિતા છે. જીવન એટલે સંચલન, રૂપાન્તર, સતત વહન છે; શૂન્ય સ્તબ્ધતા નથી."

'જ્ઞાનબાલ' નરસિંહરાવના કાવ્ય, વાણી, કવિત્વશક્તિ ઈત્યાદિ વિષેના વિચારો જોયા પછી હવે તેમની કાવ્યના વ્યંગ્યદર્શનની શક્તિની કલ્પના આપોઆપ આવી જાય એમ છે. આમ છતાં રવીન્દ્રનાથ ટાગોરના અદ્ભુત કાવ્યનું રહસ્યદર્શન–સૌંદર્યદર્શન જોવાની ભલામણ સાથે એ કાવ્યપંક્તિઓ જ ઉતારું છું :

"મધુર રૂપે બિરાજો હે વિશ્વરાજ!
શોભન સભા નિરખી મમ પ્રાણ ભૂલે ...મધુર૦
નીરવ નિશિ સુન્દર વિમલ નીલામ્બર,
શુચિ રુચિર ચન્દ્રકલા ચરણમૂલે...મધુર૦ (પૃ. ૧૨૯–૩૦)

રચના કરનારને પોતાની રચના પ્રત્યે પ્રેમભાવ હોવો જ જોઈએ, એ હોય તો જ એની રચના સુંદર બને એવી નરસિંહરાવની માન્યતા સ્પષ્ટ જણાય છે. સૌન્દર્યકલાની મીમાંસાનું સ્વરૂપ છતું કરતાં તેમનાં વચનો તેમની આ માન્યતા પ્રગટ કરે છે. તેઓ લખે છે :–

"આ અખિલ બ્રહ્માંડના સૌન્દર્ય તરફ દૃષ્ટિ કરીશું? એ સુન્દર ઘટનાનો ઘડનારો શિલ્પી ગૅલેટિયાની મૂર્તિ ઘડનાર શિલ્પીની પેઠે પોતાની માયારચના ઉપર પ્રેમમોહથી બદ્ધ થાય તો આશ્ચર્ય નહિ. એ મહાન શિલ્પી તો નિરંતર ઘટના ઘડયે જ જાય છે; અને પ્રેમના બંધનથી બંધાયેલો રહે છે. તેથી જ બ્રહ્માંડઘટનામાં અવિચ્છિન્ન સૌન્દર્ય વહેતું જણાય છે.........કલાવિધાયકના હૃદયમાં પોતાનાં વિધાન અને વિધિ તરફ પ્રેમભાવ ન હોય તો કલાવિધાનમાં ઊનતા જ આવે." (પૃ. ૪૪)

અખિલ બ્રહ્માંડની સુન્દર ઘટનાના ઘડનાર શિલ્પી પ્રત્યે નરસિંહરાવની દૃઢ શ્રધ્ધાનાં દર્શન તેમના જીવનના વિવિધ પ્રસંગોમાં થાય છે. તેઓ કહે છે: ઈશ્વર પ્રત્યે "શ્રધ્ધા મેળવવાને, આ શ્રધ્ધાને દૃઢ વળગી રહેવાને હું નિરંતરનું બાલપણું સ્વીકારું છું. આનન્દથી સ્વીકારું છું." વળી એમ પણ કહે છે :

"આ માટે કવિતા કરનાર કવિ થવાની જરૂર નથી, હૃદય માત્ર કવિ હોય એટલે બસ. શિશુ જોડે શિશુ, બાલ જોડે બાલ, મુગ્ધ જોડે



મુગ્ધ – એમ થવાની કલા મને મળી છે,–કલા નહિ, નિસર્ગસિધ્ધ શક્તિ. અને તેથી મને કેટલાક લોકો વૃધ્ધબાલ કહે છે તે પ્રશંસામાં કે નિંદાકટાક્ષમાં તે વાતની દરકાર કર્યા વિના હું સુખમાર્ગમાં પ્રયાણ કર્યે જાઉં છું." (પૃ. ૧૨૫)

ધર્મદ્રષ્ટા ફિલિપ્સ બ્રૂક્સનું જે અવતરણ 'જ્ઞાનબાલ' આપે છે તે એક જ તેમની ઈશ્વરશ્રધ્ધાના દર્શન માટે પર્યાપ્ત થાય એમ છે :

What a vast portion of our lives is spent in anxious and useless forebodings concerning the future; either our own or our dear ones! ... ... oh! When shall we learn the sweet trust in God that our little children teach us everyday by their confiding faith in us? We who are so mutable, so faulty, so irritable, so unjust, and He who is so watchful, so loving, so forgiving! Why cannot we, slipping our hand in His each day walk trustingly over that day's appointed path thorny or flowery, crooked or straight, knowing that evening will bring us sleep, peace and home?"

० ० ०

"આ શ્રધ્ધા મેળવવાને, આ શ્રધ્ધાને દૃઢ વળગી રહેવાને, હું નિરંતરનું બાલપણું સ્વીકારું છું–આનંદથી સ્વીકારું છું." (પૃ. ૨૮)

'જ્ઞાનબાલ'ની શ્રધ્ધાનું બીજું સ્થાન હતું સંગીત. તેમને સંગીતમાં અલૌકિક સામર્થ્ય સમાયું હોવાની શ્રધ્ધા હતી.

"મને સંગીતની આ અલૌકિક શક્તિ ઉપર બહુ શ્રદ્ધા છે. મલિન સંસારના રાગદ્વેષ, હર્ષશોક, ...... તેનો અતિ કર્કશ નાદ વિલુપ્ત કરવાનું સામર્થ્ય એ સંગીતશક્તિમાં છે. શાથી તે હું જાણતો નથી, જાણવાને ઇચ્છતો નથી; એ સંગીત આ લોકમાં ઉત્પન્ન થાય છે છતાં પરજીવનનાં દીપ્તિભર્યાં દર્શન કરાવવાને સમર્થ છે.

Singing sweetens every life and has no thought of wrong." (પૃ. ૧૪-૧૫)

સંગીતના અલૌકિક સામર્થ્ય વિશેની 'જ્ઞાનબાલ'ની બાલસહજ શ્રધ્ધા ઉપરનાં વચનોમાં વાંચી શકાશે.

નરસિંહરાવની બીજી એક લાક્ષણિકતા હતી શબ્દના મૂળ સુધી જઈને તત્ત્વ પામવાની કૌતુકપ્રિયતા—સૂક્ષ્મતા. ઉપર ઉપરની વાતો નહીં; ઠેઠ મૂળ સુધી જવાની એમની વૃત્તિનો પરિચય 'દર્પણ' શબ્દની તેમની ચર્ચા પરથી મળે છે.

> " દર્પણ – તે દૃપ્ = ગર્વ કરવો તે ઉપરથી છે. દર્પણમાં પોતાનું મુખ જોઈને સહુ કોઈ ગર્વપ્રફુલ્લ બને છે; કૂબડો કાણો પણ દર્પણમાં જોઈને મૂછ મરડશે; કુરૂપા સ્ત્રી પણ દર્પણમાં જોઈને પોતાના ઉપર મોહિત થઈ વાળ સંકોરશે, હજાર ચાળા કરશે. આ દર્પનું કારણ દર્પણ હશે કે દર્પણનું કારણ દર્પ હશે? બીજરૂપે રહેલા દર્પને વિકસાવનાર માટે દર્પનું કારણ – સાધનરૂપ – દર્પણ."

ન્હાનાલાલ કવિના **'જયા અને જયન્ત'** નામના નાટકમાં (અં.૧ પ્રવેશ ૬) દેવર્ષિની જાદુઈ શક્તિને વશ થયેલા ત્રણે કાળ, ભુત, વર્તમાન અને ભવિષ્ય, પ્રગટ થઈ પોતપોતાની કાર્યપ્રવૃત્તિ, લક્ષણ ઇત્યાદિ કહે છે. એ અદ્ભુત દર્શનનું કલાની દૃષ્ટિએ સાર્થક્ય કદાચ નહિ જણાય; પરંતુ—

> " સ્મરણ, પ્રવૃત્તિ અને આદર્શ,
> ત્રણે કાલ સરજ્યા છે સરજનહારે
> બ્રહ્માંડની ઉન્નતિને અર્થે."

એ વચનમાં આખા અદ્ભુત દર્શનનું પ્રયોજન સબળ રીતે કવિએ સાચવ્યું છે.
( પૃ. ૧૦૫-૧૦૬ )

'**વિવર્તલીલા**'માંથી ઉપર આપેલાં અવતરણો **વિવર્તલીલા**કારને પ્રિય અને સિદ્ધ થયેલી નિબંધરીતિનો ઠીકઠીક પરિચય કરાવશે ને તેના લીલામય સામર્થ્યનો અચૂક અણસાર આપશે.

## નરસિંહરાવની રોજનીશી

"ઇ. સ. ૧૮૯૨ થી ૨૫-૧૦-૩૫ સુધી સતત રોજનીશી લખાઈ છે– તેમાંનાં માત્ર ૧૯૨૭-૨૮નાં પુસ્તકો લભ્ય નથી " એમ 'નરસિંહરાવની રોજનીશી'ના સંપાદકો શ્રી ધનસુખલાલ મહેતા અને શ્રી રામપ્રસાદ બક્ષીએ 'નિવેદન'માં કહ્યું છે. આ સંપાદન કરતાં નરસિંહરાવના નિકટતમ ગણાતા આ ગૃહસ્થોએ રાખટાળનો વિવેક કેવો કર્યો છે તે સહેજે પામી શકાય તેમ છે. 'છતાં, નરસિંહરાવના જીવનને લગતી કે સાહિત્યવિષયક કે સામાજિક જે બાબતો મહત્ત્વની ગણાય એ બધી આ ગ્રંથમાં રજૂ કરી શકયા છીએ' એમ સંપાદક બન્ધુઓએ યોગ્ય રીતે જ સ્પષ્ટ કર્યું છે.

નર્મદે 'મારી હકીકત' લખેલી તેનો ઉલ્લેખ કરીને આ 'રોજનીશી'ને નરસિંહરાવના સર્જનાત્મક ગદ્યસાહિત્યના વર્ગમાં મુકાય કે કેમ એમ પૂછી શકાય.



ઉત્તર 'હા' અને 'ના' બંને સંભવે છે. આત્મચરિત કે જીવનચરિતની કાચી છતાં પાકી એવી સામગ્રીનો વ્યવસ્થિત ને સત્યપરાયણ સંચય તેમાં થયેલો જોઈ શકાય છે. "મારું જીવનચરિત !! – શું ? – શૂન્ય." એમ રોજનીશીમાં નરસિંહરાવે ઉદ્‌ગાર ભલે કર્યો હોય.

કેટલી બધી વિવિધ વ્યક્તિઓ, કેટલા બધા પ્રસંગો, અંગત તેમ જ બિનઅંગત, આ 'રોજનીશી'માં સચવાઈ રહેલ છે! નરસિંહરાવની સંગીતપ્રીતિ, કવિતાપ્રીતિ, ચિત્રકલાપ્રીતિ ઇત્યાદિનું તેમાં ઠેકઠેકાણે દર્શન થાય જ છે, પણ એમની ગંભીર ધર્મબુદ્ધિ, ઇશ્વરભક્તિ ઇત્યાદિ પણ અનેક સ્થળે સારામાઠા વિવિધ પ્રસંગો દ્વારા તેમાં પ્રતિબિંબિત થયેલી છે. 'ઉચ્ચભ્રૂ' ગણાતા નરસિંહરાવની સહાનુભૂતિનું ક્ષેત્ર કેટલું વિશાળ છે! જોડા દુરસ્ત કરનાર મોચીથી માંડીને મહાત્મા ગાંધી સુધીની અનેકવિધ વ્યક્તિઓ રોજનીશીમાં છપાયેલી છે. વિદ્યાવ્યાસંગી નરસિંહરાવનો પોતાનો ક્રમિક જીવન-વિકાસ તો રોજનીશી દેખાડે જ છે, પરંતુ પહેલાં જેમને કદાચ મિ. ગાંધી કહેતા હશે ને Political agitator ગણતા હશે તેમને જ સંમાન્ય મહાત્માજી ગણતા એ થઈ ગયા, તે એમની દૃષ્ટિ વ્યક્તિદર્શનમાં પણ કેવી સત્યપરાયણ ને વિકાસશીલ હતી તે દર્શાવી આપે છે.

> यत्र योगेश्वरो गांधी वल्लभश्च धुरंधरः ।
> तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥

ગીતાના બહુજનપરિચિત પેલા શ્લોક ઉપરથી પોતે રચેલો ઉપરોક્ત શ્લોક કરાચીની મહાસભામાં જતી વખતે નરસિંહરાવે મહાત્માજીને આપ્યો હતો તે ઘણાને જાણીતી વાત છે. સંપાદકોએ યોગ્યતાપૂર્વક જ નરસિંહરાવના જીવનમાં કર્મયોગ, બુદ્ધિયોગ અને ભક્તિયોગની વ્યવસ્થા દર્શાવી છે તેનું અહીં સ્મરણ કરવું ઘટે છે.

મારા જાણ્યામાં ગુજરાતીમાં તો આવી શ્રદ્ધેય રોજનીશી ભાગ્યે જ પ્રગટ થયેલી જોવા મળશે—નહિ જ મળે. પ્રો. બ. ક. ઠાકોરની 'દિન્કી'નું મને વિસ્મરણ નથી એ પણ પ્રસંગવશાત્ કહેવું યોગ્ય ગણું છું.

# સ્મરણમુકુર – વ્યક્તિચિત્રો

'વિવર્તલીલા'ની પેઠે 'સ્મરણમુકુર' પણ આપણા ગદ્યસાહિત્યમાં અપૂર્વ કહી શકાય એવા પ્રકારની લેખમાળા છે. સદ્. કનૈયાલાલ મુનશીના 'ગુજરાત' માસિકની ઉત્પત્તિ સાથે 'સ્મરણમુકુર'નો જન્મ છે એમ લેખકે પોતે જ 'નિવેદન'માં કહેલું છે. તત્કાલીન ગુજરાતના છેલ્લા પાંચ-છ દાયકાની રસમય મૂર્તિઓનો પરિચય કરાવવાની પ્રતિજ્ઞા—કલ્પના તેના મૂળમાં રહેલી છે. એ રીતે તત્કાલીન ગુજરાતનું ઐતિહાસિક દર્શન તેમાં પ્રસ્તુત છે. આ પ્રકારના લેખો ગુજરાતમાં અપરિચિત હોવાને કારણે ભિન્નભિન્ન અભિપ્રાયો ઉચ્ચારાયા વિના રહે જ નહિ. નરસિંહરાવની આ લેખમાળા વિશે પણ તેમ જ થયેલું. પોતે કરાવેલા ચિત્રદર્શન દ્વારા કોઈ પણ વ્યક્તિ કે વર્ગને આઘાત આપવાનો ઉદ્દેશ એમનો હતો જ નહિ. કોઈને એઓ અહંમાની ( egotistic ) લાગ્યા છે, તો કોઈને એ વ્યક્તિ કે વર્ગની સુરેખ લક્ષણમૂર્તિ અંકિત કરનારા પણ લાગ્યા જ છે. આત્મલક્ષિતા અસત્યનો આદર કે આશ્રય કરે એ ભયસ્થાન આવા લેખોમાં સમાલી લેવાનું હોય છે, ને મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે આ લેખમાળાના લેખકે તે સમાલી લેવાનો સતત ને જાગ્રત પ્રયત્ન કર્યો છે. તેથી જ તો ઐતિહાસિક વ્યક્તિદર્શનની આ લેખમાળા મૂલ્યવાન બની છે.

" આ મુકુરમાંહિ અનન્ત દીસે રૂપની સંસૃત્ય " એ અખાનું વચન યોગ્ય રીતે જ પ્રસ્તાવનાના આરંભે મૂકેલું છે. અનેક પ્રકારનું રૂપદર્શન આ લેખમાળામાં આવવાનું છે તે આ વચન દ્વારા સૂચિત થઈ જાય છે. ગુજરાતની તે કાળની છેલ્લી પચ્ચાશીને પોતાનાં સ્મરણોને આધારે પ્રતિબિમ્બિત કરવાનો આ પ્રયાસ છે. તેમાં સ્વપ્રતિબિમ્બ પણ આવી જાય.

પોતાની ' આ ચિત્રમાલામાં કેટલાંક ચિત્રો દૂર, દૂર, સુદૂર પશ્ચાદ્‌ભુમિમાં પડવાથી વખતે ઝાંખાં પડશે, કેટલાંક અર્ધસ્પષ્ટ રેખાવાળાં ઊઘડશે, કેટલાંક સ્પષ્ટરેખ પ્રગટશે ' એવી ચેતવણી લેખકે પ્રસ્તાવનામાં આપી મૂકી છે.

સૌ પ્રથમ ' મા 'નુ ચિત્ર દેખાડ્યું છે. આ ' મા ' તે જનની નથી, સ્ત્રીયે નથી, પણ પુરુષ છે, ને કુટુંબનાં બાળકોનાં, રખેવાળ જેવાં છે. એમનું લગાર વિનોદરસિક ચિત્ર આપીને, પ્રસ્તાવનામાં તરત જ 'મા ! મારી મા ! મારી જનની !' પોતાને ૭ વર્ષના મૂકીને પ્રભુના દરબારમાં હાજર થઈ તે જનનીનુ સંક્ષિપ્ત પણ હૃદયસ્પર્શી ચિત્ર મૂક્યું છે.

પોતાની જનનીને " કુમાર્ગ તરફ વિમુખ કરી, સન્માર્ગ સંમુખ કરનારી



ઈશ્વર કરુણા રૂપે " પોતાના જીવનમાં પ્રવર્તેલી દર્શાવી છે, કલ્પનાબળે દિવ્ય લોક-વાસિની ' મમ્મા 'ને એ જગજ્જનની રૂપે જુએ છે, ને તેના ઉછંગની ઝંખના પ્રગટ કરે છે. ત્યાં તો કલ્પનાદર્શન ખસી જઈને ' અરે હું શું કામ જાગ્યો ? ' એવો ઉદ્‌ગાર આ સ્મરણ ચિત્રકાર– આ કવિ કરે છે ને પ્રસ્તાવનાને આટોપી લે છે.

જનનીના આ સંક્ષિપ્ત ને મધુર-સુંદર સ્મરણાંકન પછી ' સ્મરણમુકુર 'નો ખરો પ્રારંભ થાય છે. સ્વાભાવિક રીતે જ પિતા સદ્. ભોળાનાથ સ્મરણમાં ચમકે છે, ને તે સાથે એમનું મિત્રમંડળ પણ. સ્વ. ભોળાનાથને સંસારસુધારાના, ધર્મ-સુધારાના, તત્કાલીન સંસ્કારસંપન્ન ગુજરાતના અગ્રણી તરીકે લેખકે સ્મરણાંકિત કર્યા છે. ભોળાનાથ જાણે પોતાના મિત્રમંડળની કેન્દ્રસ્થ મૂર્તિ છે. ને એ મિત્રમંડળ પણ કેવું ગુણવિશિષ્ટ છે ! રણછોડલાલ છોટાલાલ, મહીપતરામ રૂપરામ, લાલશંકર ઉમિયાશંકર, નવલરામ લક્ષ્મીરામ, અંબાલાલ સાકરલાલ, નંદશંકર તુલજાશંકર વગેરે પોતપોતાની શક્તિથી દીપતી અનેક વિવિધ વ્યક્તિઓ એ મિત્રમંડળમાં વિરાજે છે. પિતાને એમણે ' અસાધારણ ધર્મબળ ધારણ કરનાર ' કહીને એમની મૂર્તિનું વિશેષરૂપે દર્શન કરાવ્યું છે, તો એમના બાલમિત્ર રણછોડલાલ છોટાલાલનું સાક્ષાત્કારક ચિત્ર ઉપસ્થિત કરતાં ' વાદવિવાદની ઉશ્કેરણીના જોસમાં ઘાંટા પાડતા રસ્તાના લોકોના કાન વીંધનારા, ધર્મસભામાં બેઠેલા રણછોડલાલનું સ્વરૂપ ' પ્રથમ આલેખ્યું છે. તે પછી તરત જ મહીપતરામ રૂપરામને સંભાર્યા છે. એ હતા પ્રાર્થના-સમાજના ઉત્પત્તિકાળથી ભોળાનાથને ઉત્સાહભેર અને અંતઃકરણથી મદદરૂપ થનાર, એમના જમણા હાથ જેવા ! તે પછી આવે છે પેલા ગણિતશાસ્ત્રપ્રવીણ લાલશંકર ઉમિયાશંકર. એ ઉત્સાહપૂર્ણ હતા, નિરંતર કાર્ય કરનારા હતા, પ્રાર્થના-સમાજના બીજા સ્તંભરૂપ હતા. તે પછી તરત પ્રગટ કર્યા છે ગોપાળરાવ હરિ દેશમુખને. કાકાસાહેબ કાલેલકરને આપણે સવાઈ ગુજરાતી કહીએ છીએ, પણ ગોપાળરાવ તો એમની પહેલાં સર્વ પ્રકારે સવાઈ ગુજરાતી થયેલી વ્યક્તિ હતા. બુદ્ધિપ્રભાવ એમનો અસાધારણ, જાતમહેનતની દઢતા પણ એવી જ. આ ગુણલક્ષણો એમના મુખ પર મુદ્રિત થયેલાં હતાં. તે પછી અંકિત થાય છે વિદ્યાદેવીના પરમ ભક્તો—અંબાલાલ સાકરલાલ અને નવલરામ લક્ષ્મીરામ. અંબાલાલ સંસાર સુધારાના પ્રચારકાર્યમાં ઉત્સાહભેર સક્રિય હતા. એમની પ્રકૃતિને નરસિંહરાવે Stoic ના જેવી કહી છે, તો નવલરામની પ્રકૃતિને ચિંતકની ગંભીરતાવાળી કહી છે. આ બંને પ્રત્યેનો લેખકનો સમભાવ – કદાચ મમભાવ પણ – અછતો રહ્યો નથી.

ભોળાનાથ શાંત, મહીપતરામ–રણછોડભાઇ પણ શાંત. આ ત્રિમૂર્તિની શાંતિનુ સ્વરૂપ કેટલું ભિન્ન હતું તે સ્પષ્ટ કરતાં લેખક કહે છે કે પ્રથમ બેની શાંતિ ' આરમ્ભકાલના ક્રોધરિપુને જીતીને સંપાદન કરેલી હતી; ' પરંતુ રણછોડભાઈની શાંતિ નિગૂઢ રૂપે વ્યવહારદૃષ્ટિની હોય એવો ભાસ થતો હતો, જેમાં લેખકને

શૂરતાના ગુણનો વિરોધ દેખાયો હતો. અલબત્ત, સમુદ્રોલ્લંઘન નિમિત્તે જ્ઞાતિથી બહિષ્કૃત થયેલા મહીપતરામે અસહ્ય કનડગતથી હારી જઈને છેવટે પ્રાયશ્ચિત્તાદિ કર્યાં તેની નોંધ પણ લેખકે લીધી છે, ને તેથી મહીપતરામના વીરવ્રતમાં ભંગ પડ્યો એમ પણ કહ્યું છે, અને કવિ દલપતરામે પહેલાં લખેલો મહીપતરામ વિશેનો સ્તુતિવાચક દોહરો અને પછીથી નર્મદે લખેલો તિરસ્કારભર્યો દોહરો પણ ટાંક્યો છે. ભોળાનાથને મહીપતરામનાં પ્રાયશ્ચિત્તાદિથી અસંતોષનો ભાવ થયો, છતાં એમનો મિત્રભાવ દૃઢ જ રહ્યો એમ કહી ભોળાનાથના હૃદયની ઉદારતા પણ લેખકે દર્શાવી છે. એક લેડી સુપરિન્ટેન્ડન્ટની તપાસ દરમ્યાન એ બાઈને “ તું જૂઠું બોલી ” એમ ઠપકો આપનાર મહીપતરામમાં બાયલાપણું કોણ જોશે એમ પ્રશ્ન પૂછીને નરસિંહરાવ પોતે પણ મહીપતરામ વિશેનો પોતાનો ઉચ્ચ માનભાવ પ્રગટ કરે છે; અને પોતે મહીપતરામને વિશે ‘ વિલાયતી વાંદરું ’ એમ બાલિશ વિનોદવચન બોલેલા તેથી લાજે છે. બીજી અનેક વાતો મહીપતરામ વિશે નોંધી છે, પણ એમના પ્રત્યેનાં નરસિંહરાવનાં સમ્માન અને પ્રીતિ ઢાંક્યાં રહેતાં નથી. મહીપતરામની નરસિંહરાવ પ્રત્યેની પ્રીતિને પણ આ સ્મરણાંકનમાં સ્થાન વ્યાજબી રીતે જ મળ્યું છે. મહીપતરામની વ્યવસ્થાનિષ્ઠાને ઉલ્લેખીને એમની કીર્તિ વિશેષ પ્રકાશથી ટકશે તે ધર્મ ને સમાજને અંગે એમણે અર્પેલા જીવનને લીધે જ એમ સ્પષ્ટ ને સત્ય ઐતિહાસિક દર્શન નરાસહરાવે કર્યું છે. જેમ અન્યત્ર તેમ મહીપતરામના આ ચિત્રદર્શનમાં પણ લેખકની નિર્દોષ વિનોદરસિકતાએ કાર્ય કર્યું છે.

‘ સ્મરણમુકુર ’માં પ્રતિબિમ્બિત થયેલાં દર્શનોમાં સ્વ. ગોપાળરાવ હરિ દેશપાંડેનું દર્શન લગાર જુદું તરી આવે છે. પ્રાર્થના સમાજમાં એ જોડાયા છતાંયે એ જુદા હતા. પ્રાર્થના સમાજમાં વ્યાખ્યાનો પણ આપતા, અને ઘરે મૂર્તિપૂજા પણ કરતા ! રણછોડભાઈની મૂર્તિપૂજા વિશેની હૃદયપૂર્વકની શ્રધ્ધાને ઉલ્લેખીને ‘ ગોપાળરાવને મૂર્તિપૂજા ઉપર અથવા કશા ઉપર પણ શ્રધ્ધા હતી કે કેમ એ અગમ્ય હતું ’ એમ નરસિંહરાવે નોંધ્યું છે. ગોપાળરાવને મન ‘ આખો વિશ્વયંત્ર એક રમૂજ આપનાર રમકડું જ હોય એમ એમની મનની વૃત્તિસ્થિતિ લાગતી હતી ’ એમ નરસિંહરાવ કહે છે : એ સર્વ વસ્તુ તરફ, અખિલ જગત તરફ સસ્મિત દૃષ્ટિ નાખનાર તટસ્થ દ્રષ્ટા તરીકે ગોપાળરાવને નરસિંહરાવે ઉપસ્થિત કર્યા છે. ગોપાળરાવની સમર્થ મૂર્તિ, તીક્ષ્ણ તેજથી તેજસ્વી, સદા આનંદભરી નરસિંહરાવના સ્મરણપટમાં અંકિત થયેલી છે, ને અનેક રંગછાયાથી તે સજીવ બની છે.

પછીના રેખાંકનમાં સદ્. લાલશંકર ઉમિયાશંકરનું સંક્ષિપ્ત ને સાક્ષાત્કારક દર્શન પ્રગટ થાય છે. અમદાવાદના પ્રાર્થનાસમાજની જીવનબલરૂપ ત્રિમૂર્તિમાં લાલશંકરને ગણાવ્યા છે, અને ગુજરાતના ધાર્મિક અને સામાજિક ઇતિહાસમાં



એમના સ્થાનને મહત્ત્વનું કહ્યું છે. આ રેખાંકનના છેલ્લા બે પેરેગ્રાફ લેખકની રેખાંકનશક્તિના નમૂનારૂપ ગણાવાને પાત્ર છે.

જે રેખાંકનમાં કોઈ વ્યક્તિવિશેષનું ચિત્ર નથી,—ગુજરાતની સ્ત્રીજાતિના રૂપાંતરોનું જેમાં દર્શન છે, તેમાં કાઠિયાવાડની સ્ત્રીઓનો પૂરો પરિચય તો લેખકને ભલે નહોતો, પણ—

“ ભર ભર કરી વાતું કરે, ગરભર કરે અચાર,
પાવટડે પાણી ભરે, સોરઠ કેરી નાર. ” : આ લોકકાવ્યમાં પ્રગટ

થતી સ્ત્રી-મૂર્તિને લેખકે રસમય મૂર્તિ કહી છે, ને બીજી ચાર સંસ્કારોદ્બોધક પંક્તિઓ ટાંકીને અડધા સૈકાની કાઠિયાવાડી સ્ત્રી જાતિસ્વરૂપે દેખાડી છે. પછી તળ ગુજરાતમાં આવતાં પોતાની જનનીને સંભારીને

“ નાનીશી નાર, ને નાકમાં મોતી,
પિયુ પરદેશ, ને વાટડી જોતી,
લખે કાગળ, ને નિર્ગમે દહાડા—
એણી એંધાણીએ નાગરવાડા ” —એક સુપ્રસિધ્ધ ચિત્રમાં પ્રતીત

થતાં નાગર સ્ત્રીપુરુષોનાં સ્વરૂપલક્ષણો સંક્ષેપમાં દર્શાવી દીધાં છે.

સ્ત્રીજીવનનાં સંકુચિતતા અને મર્યાદિત સંચરણપ્રસંગોનો ઉલ્લેખ કરીને પછી એકાગ્રભાવે પૂજા કરનારી વૃધ્ધાથી માંડીને પોતાના સમય સુધીનાં સ્ત્રી-રૂપાંતરોનું દર્શન કરાવવા લેખકે અહીં યત્ન કર્યો છે, ને વિદ્યા, જ્ઞાન વગેરે ક્ષેત્રોમાં સ્ત્રીશિક્ષણે કેવી સબળ ફલંગો મારી છે તે ચીંધીને ‘ અમુક લાભ, તો અન્યત્ર લબ્ધ સંપત્તિનો નાશ ’ એ સતત જીવનક્રિયાનો—ક્રમનો નિર્દેશ લેખકે કર્યો છે. ‘ સમાજસેવાની ભાવના સ્ત્રીવર્ગમાં વિકસવા લાગી છે, એ ક્રમથી પેલી મેર ધાર્મિક ભાવના આછા પડદામાંથી સુંદર દર્શન ’ દેતી એમને લાગી છે. વ્યાપક વિકાસ ભલે દૂર સુદૂર હોય, પણ આશાને સ્થાન છે એ વિશે લેખકને શંકા નથી. વચ્ચે **સંગીતદેવીને** આઘાતક હાર્મોનિયમને સંભારીને માનવકંઠ—લલનાકંઠને ઉત્કૃષ્ટ ગણ્યો છે. નરસિંહરાવ જેવા સંગીતરસિકજનને એમ લાગે તેમાં આશ્ચર્ય ન કરાય.

ક્રમે ક્રમે એ ખાદીની વેશરચના સુધી આવ્યા છે, અને પોતે ચીતરેલાં વિવિધ ચિત્રોની ગુણદોષપરીક્ષા કરવાનો પોતાનો ઉદ્દેશ નથી, હતો પણ નહિ, એમ કહીને—

“ હું તો ઉભય તણો દૃઢભક્ત બનીને રહું છું રે,
નિજ હૃદય સકલ સૌંદર્યનું બિમ્બ લહું છું રે ”

એમ વિનમ્રભાવથી આ લેખાંક પૂરો કર્યો છે.

## નવલરામ – અંબાલાલ

હવે મુકુરમાં પ્રગટે છે બે મૂર્તિઓ—સ્વ. નવલરામની અને સ્વ. અંબાલાલની. આ બંનેની ધાર્મિક પ્રવૃત્તિની સહયોગી પ્રવૃત્તિ સમાજસુધારાની. તેમાં આ બંનેનાં હૃદયબલ, બુધ્ધિબલ, અને ઉત્સાહબલના પ્રભાવે તેને ઉચ્ચસ્થાનની અધિકારી ગણી છે. નવલરામને તેજસ્વી કવિ કહ્યા છે ને એમની હાસ્યકટાક્ષમય રસવૃત્તિને કારણે એમના બાલક-હૃદયને 'વાદળાંની ઘટામાં સંતાયેલી ચાંદનીની રેખા જેવી ચમક' નવલરામની 'ગંભીરભાસિની છબી'માં દેખાઈ હતી. એ પંડિત, કવિ, વિવેચક, ચિંતક, અંગત સંબંધ અલ્પાલ્પ છતાં, એમને પોતાની 'દુનિયાની બહાર સંક્રમણ કરનાર વ્યોમચારી ગ્રહ જેવા' લાગ્યા છે. નવલરામે પોતાના 'શાળાપત્ર' સામયિકમાં હ. હ. ધ્રુવનું 'એક વિલક્ષણ કાવ્ય' પ્રગટ કર્યું, ને તેના પર વિવેચન કર્યું. તેમાં નવલરામની કાંઈક ગુણગ્રાહકતા કાંઈક દોષપ્રકાશકતાથી પોતે પ્રોત્સાહિત થયાનું પણ લેખકે નોંધ્યું છે. નરસિંહરાવની પોતાની વિવેચનપ્રવૃત્તિમાં પણ આ બંને ગુણો યથાસ્થાન જોવા મળશે.

'નવલરામે વ્યોમચારી સ્વરૂપે ગૂઢ અસર મારી સાહિત્યપ્રવૃત્તિ ઉપર કરી હશે; તો અંબાલાલે સાક્ષાત ગુરુસંબંધમાં જોડાઈને મારા લક્ષણ દેહની ઘટના કરી' એમ કહી બંને પ્રત્યેનાં સંમાનપ્રીતિ સાથેલાગાં નરસિંહરાવે પ્રદર્શિત કર્યાં છે.

અંબાલાલનું હાઈસ્કૂલમાં નવા હેડમાસ્તર તરીકેનું આગમન—'વાગી વાગી નિશાળમાં હાક અંબાલાલ આવ્યા રે' એમ વર્ણન દ્વારા સૂચવીને એ શિસ્ત-પાલનના દુરાગ્રહી ગુરુની તેજસ્વી મુખમુદ્રાએ બધા છોકરાને અદ્ભુત વશીકરણમાં બાંધી લીધા એ હકીકત સગૌરવ નોંધી છે.

શિક્ષાગુરુ તરીકે અને વિદ્યાર્થીઓ પ્રત્યેના એમના સંયમસૂચક વર્તનનું નિદર્શન ઉચિત દૃષ્ટાંતો ટાંકીને નરસિંહરાવે કરેલું છે. અંબાલાલના જ્ઞાન અને ચોકસાઈ વિશે સદૃષ્ટાંત નોંધ એમણે કરેલી છે, અને એમની નિયમિતતાને પણ એમણે અંજલિ આપી છે.

હવે જોઈએ ક્ષણવાર સત્યેન્દ્રનાથ ટાગોરને. અમદાવાદ પ્રાર્થના સમાજના જીવનક્રમમાં સત્યેન્દ્રનાથ ધૂમકેતુની પેઠે થોડો સમય જ્યોતિ રેલાવીને અદૃશ્ય થયા. "આ વિદેશી જેવા જણાતા ઉપદેશકના મુખમાંથી ગંગાનદીને તીરે વિદ્યાધ્યયન કરેલા બ્રાહ્મણના જેવા જ સંસ્કૃત શબ્દો, વેદાદિક મંત્રોનું ઉચ્ચારણ શ્રોતાનું મંડળ વિલક્ષણ આશ્ચર્યભાવથી સાંભળી રહેતું હતું." એમ પોતાના મોટા બન્ધુ ભીમરાવના અંગ્રેજી લખાણનો સંદર્ભ આપી નરસિંહરાવે નોંધ્યું છે. સત્યેન્દ્રનાથ અને



ભોળાનાથના સંબંધોનો ઉલ્લેખ કરતાં પિતાની 'ભાષાની ઝીણવટ તરફ કાંઈક બેદરકારી' વિશે ઈશારો કર્યા વગર ભાષાશુધ્ધિના આ દુરાગ્રહી પુત્રથી રહેવાયું નથી, તો આ જ લેખાંકમાં પોતાનો સ્વભાવ કાંઈક અતડો હતો એમ પણ એમણે કહ્યું છે જે એમને સ્વદૂષણની સભાનતા કેવી હતી તે અંશતઃ દર્શાવે છે.

સત્યેન્દ્રનાથ સાથે ફિરોઝશાહ મહેતાને ઉતારે પોતે ગયેલા ત્યાં ફિરોઝશાહનું મૃદુભાવયુક્ત સ્વરૂપ જોઈને મુગ્ધ થઈ ગયા હતા. કારણ કે એ સિંહને એમણે માત્ર દૂરથી જોયેલા અને જાહેર વ્યાખ્યાનસ્થાનોમાં એની ગર્જના જ સાંભળેલી. તેનાથી જુદું જ સ્વરૂપ એમનું સત્યેન્દ્રનાથે નરસિંહરાવને પ્રત્યક્ષ કરાવ્યું.

° ° °

હવે જોઈએ કવિયુગલ દલપતરામ અને નર્મદાશંકર. શાળાશિક્ષક તરીકે કવિ દલપતરામનું નરસિંહરાવ ગૌરવ કરે છે અને 'મોતીદામ' નામનો છંદ એ શીખવતા હતા તે વખતની એમની મૂર્તિને પહેલી ઉપસ્થિત કરે છે. છન્દોવિષયક પોતાના એક દોહરાને કવિએ હસી કાઢ્યો નહિ, પણ પોતાને એ દોહરો અદ્ભુત લાગતો એમ કહી પોતા પર જ પોતે હસી લે છે.

પ્રાચીન ગુજરાતી કવિઓ પ્રેમાનંદ, અખો વગેરે વિશે એમનામાં આકર્ષણ બીજનું રોપણ કરનાર ગુરુ તે કવિ દલપતરામને તે માટે 'એ ગુરુનો જેટલો આભાર હું માનું તેટલો ઓછો જ ગણાશે' એમ કહીને એમનું ઉચિત બહુમાન નરસિંહરાવ કરે છે, અને પોતાના તત્કાલીન સુખજીવનનું સ્મરણ કરીને પ્રફુલ્લ બને છે. કેટલાક પારસી લેખકો દલપતરામના શિક્ષણબળે જ શુધ્ધ ગુજરાતી ભાષામાં કવિતા કરતા થયેલા એ હકીકત પણ એમણે સંભારી આપી છે.

દલપત—નર્મદની જોડી અનેક કારણે અર્વાચીન ગુજરાતી કવિતા-સાહિત્યના ઈતિહાસમાં સાથેલાગી જોવા જેવી છે. આ અર્વાચીન કવિયુગલમાંથી 'અર્વાચીનોમાં આદ્ય' ગણાવાને યોગ્ય તો બેશક નર્મદ જ. નર્મદમાં ઉચ્છૃંખલતા, ગ્રામ્યતા હોવા છતાં એની આદ્યતા સ્વીકાર્યા વિના ચાલે તેમ નથી. એ બંનેએ પરસ્પર કટાક્ષો ભલે કર્યા, પણ નર્મદની આદ્યતામાં રહેલી અનાર્યતાથી અસ્પૃષ્ટ પ્રાચીન સબલ ને સૌમ્યસંસ્કારવાળા સૌમ્ય દલપતરામનો પણ એ આદ્યતામાં અમુક હિસ્સો ગણીએ તો તે ન્યાય્ય ગણાશે.

નર્મદને પિતા સાથે નરસિંહરાવ મુંબઈમાં નર્મદને ઘેર મળવા ગયેલા તે કાળ નર્મદની પેલી ઉચ્છૃંખલતાનો નહિ, પણ ઉત્તરકાલીન-પરિવર્તિત નર્મદનો હતો. 'ધર્મવિચાર' નામનું પુસ્તક લખ્યા પછીનો એ નર્મદ શાન્તિની વૃત્તિવાળો બની ગયો હતો. એનાં સર્વ દૂષણો લોપ પામી ગયાં હતાં, અને એની મુખમુદ્રા અસાધારણ બુદ્ધિ, સંસ્કારિતા, ઉચ્ચદર્શન વગેરે ગુણોથી યુક્ત નરસિંહરાવને જણાઈ

હતી, ને તેથી એ મુગ્ધ પણ થયા હતા. નર્મદનો– 'ગુર્જરમાતા અને સરસ્વતીની અનન્ય ભક્તિથી સેવા કરનાર વીરનો– ફરી પ્રસંગ મારે પડ્યો જ નહિ' એમ કહીને ખેદદર્શક અંજલિ નરસિંહરાવે વીર નર્મદને આપી છે તે ભૂલવાનું નથી.

હવે જોઈએ ગુજરાતી સાહિત્યમાં પ્રથમ નવલકથાકાર નંદશંકર તુલજાશંકર તથા ગુજરાતના ધર્મસંસાર સુધારાના ઇતિહાસમાં છાપ મૂકી જનાર દુર્ગારામ મંછારામને. પ્રથમ દર્શને કેટલીક બિનજરૂરી લાગે તેવી વિગત આપી છે, પણ એ નિમિત્તે લેખકે પોતાની બાલિશતા પાધરી કરી છે ને તેથી લજ્જા પણ અનુભવી છે, તેથી તે વીગત નિર્વાહ્ય–કદાચ આવશ્યક પણ–જણાશે.

નંદશંકરે જીવનારંભ સ્કૂલમાં હેડમાસ્તર તરીકે કરેલો, પણ ઇતર ક્ષેત્રોમાં કામ કરીને છેવટે કચ્છ-ભૂજના દીવાન પણ એ બનેલા– જોકે છેવટ લગી 'માસ્તર સાહેબ' પદે એમનો ત્યાગ નહોતો કર્યો. અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ કરવાની એમની શક્તિનો તેમ જ એમની સ્મરણશક્તિનો સદૃષ્ટાન્ત પરિચય નરસિંહરાવે કરાવ્યો છે. ભોળાનાથના મિત્રમંડળમાં નંદશંકર કેવા અનન્ય હતા તે દર્શાવતાં એમના સહવાસને સૌજન્યયુક્ત અને મધુર કહીને લેખકે બિરદાવ્યો છે. એમના ઓછાબોલાપણાનું ગૌરવ કરતાં 'अकिंचिदपि कुर्वाणः सौख्यैर्दुःखान्यपोहति ।' એ વચન ભોળાનાથને સાંભરી આવતું એમ કહીને એમને ઉચિત માનાંજલિ આપી છે. જોડે એમનાં પત્ની નંદગવરીના સાદગીભર્યા સૌન્દર્યને સંભારી માસ્તર સાહેબ અને નંદગવરીના દાંપત્યને આદર્શ કહેતાં લેખક આનંદ અનુભવતા જણાય છે. આમ માસ્તર સાહેબની સત્યનિષ્ઠા, સ્વતંત્રતા ઇત્યાદિ ગુણલક્ષણ ચીંધીને પછી દુર્ગારામ મહેતાજીને યાદ કર્યા છે.

નન્દશંકર જો અંગ્રેજી શિક્ષક હોવાને કારણે 'માસ્તર સાહેબ' કહેવાતા તો દુર્ગારામ અંગ્રેજીથી અસ્પૃષ્ટ ગુજરાતી શિક્ષક હોવાને કારણે 'મહેતાજી' કહેવાતા. આ મહેતાજી હાસ્યરસની કદર ન કરી શકનારા ને તેથી જ જરાજરામાં ઉશ્કેરાઈ જનારા, વહેમીલા, પેટમાં વાત ન રાખી શકનારા હતા એમ લેખકને બાળપણમાં લાગતું. આથી આ વિરલ પુરુષના ગુણોની કદર બાલક નરસિંહરાવને શી રીતે હોઈ શકે? સાંસારિક સુધારામાં એમના સમયના વહેમી વિચારો સાથે હિંમતથી યુધ્ધ કરનાર 'મહેતાજી' ખરેખર વિરલ પુરુષ હતા.

હોપ વાચનમાળાથી ગુજરાત અપરિચિત નહોતું ને નથી. હોપ સાહેબને એ મળવા ગયેલા ત્યારે પટાવાળાએ એમને રોક્યા. આથી 'મહેતાજી'નો મિજાજ ગયો. હોપ સાહેબે ચતુરાઈથી એમને શાંત કર્યાનો પ્રસંગ આમ ભલે તે સમયમાં કે આજે સામાન્ય ગણાય, પરંતુ તે મહેતાજી અને હોપ સાહેબ બંનેના સ્વભાવનો નિદર્શક તો ગણાય જ.

બાકીના લેખોમાં પહેલી જુગલજોડી મનસુખરામ સૂર્યરામ અને રણછોડરામ



ઉદયરામની છે. મનસુખરામનો પરોક્ષ પરિચય પોતાને ઘણો વહેલો થયેલો એમના 'શેક્સ્પિયર કથાસમાજ' નામના પુસ્તકથી તે લેખકે નોંધ્યું છે અને એમની હાસ્યરસની ગૂઢ પરીક્ષકશક્તિને પ્રગટ કરનારા પ્રસંગો ઉલ્લેખ્યા છે, તો એમની જોડેનો મતભેદ દર્શાવતાં પણ લેખક ચૂક્યા નથી. રણછોડરામનું ગુજરાતી નાટક સાહિત્યના પિતા તરીકે સંમાન થતું તેથી લેખક પ્રસન્ન થતા. ગુજરાતી રંગભૂમિ ઉપર પ્રવર્તતી અમર્યાદ શૃંગારચેષ્ટાઓ તરફ રણછોડરામને અરુચિ હતી, તે છતાં રણછોડરામે પોતે 'નિન્દ્યશૃંગારદર્શક નાટક' રચેલું ને નરસિંહરાવને તે સોત્સાહ ભેટ આપેલું. એ નાટકમાંના અનેક પ્રસંગોની અશ્લીલતાથી અકળાઈને નરસિંહરાવે તે પુસ્તક બાળી નંખાવ્યું– એ હકીકત પણ લેખકે નોંધી છે. મુંબઈની ગુર્જર સભાએ રણછોડરામ પ્રત્યે ઉપેક્ષા દર્શાવી તે વિશે એમને ખેદ પણ થયો હતો. સાચી ગુણપરીક્ષા કરવાની લેખકની શક્તિ અને હૃદયવૃત્તિનું નિદર્શન આમ મળી રહે છે.

મણિભાઈ જસભાઈના રેખાંકનમાં મનસુખરામના અહંમૂલક હાસ્યરસ અને મણિભાઈના હૃદયમાં રમતા ને વહી નીકળતા હાસ્યરસ વચ્ચેનું ભેદદર્શન સંક્ષેપમાં ને સચોટતાથી કરાવાયું છે તે લક્ષ ખેંચનારું છે. મણિભાઈનું ચારિત્ર્યબળ કેવું સ્વતન્ત્ર હતું તે કહીને, નિષ્પ્રયોજન અંતઃકરણગોપન એમણે કર્યું કદી જાણ્યું નથી એમ મણિભાઈની સ્તુતિ પણ લેખકે કરી છે.

તે પછીના લેખાંકમાં છોટાલાલ સેવકરામ, હરિદાસ વિહારીદાસ, મોતીલાલ લાલભાઈ અને ઝવેરીલાલ ઉમિયાશંકરનું એકસામટું ચિત્રાંકન થયું છે. ઝવેરીલાલ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં 'શાકુંતલ'ના ભાષાન્તરકાર તરીકે સુપ્રસિદ્ધ છે. એ ભાષાંતરની બાની નરસિંહરાવને સાદી ને સંસ્કારી જણાઈ છે, ને તેમાંની છન્દોરચના પણ એકંદર સુઘટિત છે એમ એમણે નોંધ્યું છે. આ બંને વિષયમાં મનસુખરામ અને ઝવેરીલાલ વચ્ચે સ્પષ્ટ ભેદ એમણે જોયો છે ને ખરો જોયો છે એમ કહી શકાશે.

ગુજરાતના સુપ્રતિષ્ઠ કવિ 'कान्त' મણિશંકર રત્નજી ભટ્ટને સ્વતંત્ર ને મનભર લેખાંક યોગ્ય રીતે જ અપાયો છે. મણિશંકર અને નરસિંહરાવ પરસ્પર પ્રેમાદર રાખનારા હતા તે સૌ જાણે છે. એમના સંબંધનો વિકાસક્રમ આ લેખાંકમાં સારી રીતે દર્શાવાયો છે. મણિશંકર ગુજરાતી સાહિત્યના પ્રથમ ખંડકાવ્યકાર અને એમનું ઉત્તમ ખંડકાવ્ય તે 'વસંતવિજય' એ હકીકતથી ભાગ્યે જ ગુજરાતી કાવ્યરસિક અજાણ્યું હોય. એ કાવ્યને નરસિંહરાવે અપૂર્વ સૌંદર્ય અને કલાવિધાનયુક્ત ગણ્યું છે. 'બેસીને કોણ જાણે ક્યહિં પરભૃતિકા ગાન સ્વર્ગીય ગાય' એ પંક્તિ ઉપર તો નરસિંહરાવ ઓવારી જાય છે– તેમાં રહેલી રમણીય અનિશ્ચિતતાની વ્યંજકતાને કારણે. કાંતે પાડેલી ખંડકાવ્યની કેડીએ ગુજરાતના ઘણા કવિઓ ચાલ્યા છે તે પણ જાણીતી હકીકત છે.

સિદ્ધાન્તભેદ વખતે કર્તવ્ય શું હોઈ શકે તે મણિશંકરે મણિલાલ ન. દ્વિવેદીના સંદર્ભમાં રમણભાઈ નીલકંઠ પરના એક પત્રમાં આમ દર્શાવ્યું છે : “ We must try to baffle his Satanic Activities ” મણિશંકરના (કાન્તના) ધર્મસિધ્ધાંત વિશે કે એ ખ્રિસ્તી થયા, પાછા હિંદુ થયા, તોય અંતરથી ખ્રિસ્તી કદી ન મટ્યા વગેરે જાણીતી વીગતોને આપણે બાજુએ રાખવી ઘટે છે; પરંતુ એમના ધર્મવિચારો એમના કાવ્યસર્જનને કશી અટકખટક કરી કે કેમ તે તો વિચારવાનું રહે જ છે. તે પણ જતું કરીને આપણે કાન્તને એક દૃષ્ટિસંપન્ન કવિ તરીકે હંમેશા સ્મર્યા જ કરીશું. એમની સુઘડતા ને સ્વચ્છતા ઊડીને આંખે બાઝે એવી છે. નરસિંહરાવની પોતાની ‘ કુસુમમાલા ’ વિશેના કાંતના અસંદિગ્ધ વિચારો પણ આ લેખાંકમાં જોવા મળે છે, પણ નરસિંહરાવને એમણે કરેલી ટીકા દોષદૃષ્ટિની દેખાઈ નહોતી, ને ‘ કુસુમમાલા ’નો ગુણપક્ષ કાંત પૂરો જાણતા હતા એમ પણ એમને લાગ્યું હતું.

નરસિંહરાવે કાંતની ખંડકાવ્યરીતિના અનુસરણમાં ‘ઉત્તરા અને અભિમન્યુ’ નામનું સુપ્રસિધ્ધ ખંડકાવ્ય લખ્યું. કાંતે તે વાચ્યું, તે કાવ્યના છેલ્લા બે શ્લોકો કાઢી નાખવાનું સૂચન પણ કાંતે કર્યું, ને એ સૂચનમાં રહેલું કલાતત્ત્વ નરસિંહરાવે પારખ્યું ને સ્વીકાર્યું, ભલે પોતાને તેમ કરતે ક્ષણભર દુઃખ થયું. આ ઉપરથી નાની દેખાતી વાતમાં બંને કવિઓની ગુણપરીક્ષાશક્તિ અને ઉદાર દૃષ્ટિનું દર્શન થાય છે તે કવિજીવોએ યાદ રાખવા જેવી ને શીખવા જેવી વાત છે.

મણિશંકર જેમ ઉત્કૃષ્ટ કવિ હતા, તેમ પ્રભાવક વક્તા પણ હતા. એમનો વિશેષ એ હતો કે એમના વક્તાપણામાં એમની કવિદૃષ્ટિ પણ પ્રગટ થતી.

કવિવ્યક્તિ પછી તરત ભાષાશાસ્ત્રી વ્રજલાલ કાલિદાસ શાસ્ત્રીનું રેખાંકન આવે છે. ગુજરાતી ભાષાશાસ્ત્રમાં આદ્ય માર્ગદર્શકોમાંના એ એક છે, ને એમના બે લઘુગ્રંથો ‘ ગુજરાતી ભાષાનો ઈતિહાસ ’ અને ‘ ઉત્સર્ગમાલા ’ ને પ્રસ્તુત વિષયના અભ્યાસમાં દીવાદાંડીરૂપ નરસિંહરાવે ગણ્યા છે; અને શાસ્ત્રીનો સ્વભાવ સરલ અને અપ્રિય સત્ય બોલવાની હિંમતવાળો કહીને એમના ક્રોધને નિર્દોષ પણ કહ્યો છે.

આરંભથી અંત લગી હરદેવરામ માસ્તર ‘માસ્તર’ તરીકે જ ઓળખાતા રહ્યા હતા. નરસિંહરાવે આ માસ્તરના શીઘ્રકવિત્વ અને સંગીતનું વિનોદચિત્ર આંક્યું છે, પણ એમના નિખાલસ દિલના પ્રભાવે ઘણુંઘણું રમૂજી નવું સુન્દર રૂપ પામતું એમ સપ્રમાણ નોંધ પણ ( લેખકે ) કરી છે; અને આનન્દરસનો પૂર્ણ આસ્વાદ કરનારી, અન્યોને પણ હરિયાળા હાસભર કરનારી વ્યક્તિઓ સંધ્યાની અભ્રરેખા જેવી ક્ષણિક નથી હોતી એ મતલબનું વચન ઉચ્ચાર્યું છે.

‘સ્મરણમુકુર’ માં માત્ર ગુજરાતીઓને ચિત્રિત કર્યા નથી. અન્ય ભાષા-ભાષીઓને પણ તેમાં હૃદયપૂર્વકનું સ્થાન મળેલું જ છે. શંકર પાંડુરંગ પંડિત,



રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર ગોપાળ હરિ દેશમુખ, માધવરાવ રાનડે, મહાદેવ ગોવિંદ રાનડે, ગોવિંદ વિઠ્ઠલ કરકરે વગેરે અનેક સદ્‌ગૃહસ્થોને ‘સ્મરણમુકુર’માં યથાસ્થાન સંભારવામાં આવ્યા જ છે.

## ડૉ. ભાંડારકર–ગુરુશિષ્ય સંબંધ

ગુરુશિષ્ય સંબંધનું સદા સ્મરણીય ચિત્ર જોવું હોય તેણે સર રામકૃષ્ણ ગોપાળ ભાંડારકર વિશેનો લેખાંક અવશ્ય જોવો જોઈએ. અનેક સ્વર્ગસ્થોનાં ચિત્રોમાં આ સ્મરણચિત્ર ભાંડારકર ધરતી પર હરતા ફરતા હતા તે સમયે દોરાયેલું હતું તે તેનો એક વિશેષ છે. એમની ચકોર આંખે નરસિંહરાવની સંસ્કૃતપ્રીતિને તરત ઓળખી કાઢેલી. નરસિંહરાવની અનુભવપૂત દૃષ્ટિએ એમના આ સદ્‌ગુરુ ગુરુ તરીકે–શિક્ષક તરીકે અનુપમ હતા. આવા ગુરુનો પણ નિંદક કોઈ નહોતો એમ નહોતું; પણ એમના નિંદાચિત્રને નરસિંહરાવ કેવળ અન્યાયપૂર્ણ અને અસત્ય પણ કહે છે.

‘ વિક્રમોર્વશીય ’ નાટક કોલેજમાં ભજવાયાનો પ્રસંગ સંભારીને, તે વખતે ભાંડારકરે કરેલું માર્ગદર્શન યાદ કરીને, ભાંડારકરે પોતે એક શાર્દૂલવિક્રીડિત શ્લોક સારંગ રાગમાં માધુર્ય અને ગાંભીર્ય પૂરીને ગાઈ બતાવેલો તે સ્મરણમાં આણીને પોતાના એ વિદ્યાગુરુનું માનચિત્ર અંકિત કર્યું છે. ભાંડારકરની જોડે તેલંગને સંભારીને બંનેનાં લક્ષણદર્શન ઉપસ્થિત કર્યાં છે. ‘ ઉત્તરરામચરિત ’ નાટક ભજવાયું તે વખતનો એ બે વચ્ચેનો વાર્તાલાપ પણ ઉલ્લેખ્યો છે, તે પણ એ બંનેના ગુણલક્ષણનો પરિચાયક બની રહે છે.

ભાંડારકર જોડેના સદ્‌ગુરુ સંબંધમાં એમના જ્યેષ્ઠ પુત્ર શ્રીધર જોડેના મૈત્રી-માધુર્યનું સુખદ ઉમેરણ થયું.

ભાંડારકરની સંસ્કૃત ભાષાની પ્રીતિ ને ભક્તિ સર્વવિદિત છે. “ સંસ્કૃતના જ્ઞાન વિના દેશી ભાષાઓનો ઉત્કર્ષ અશક્ય છે. અત્યાર સુધી એ ભાષાઓની ખિલવણીનું બીજ સંસ્કૃતના અભ્યાસમાં છે ...... ગોવર્ધનરામ ત્રિપાઠી સમર્થ લેખક કેમ છે ? તમે ગુજરાતીમાં કવિ કેમ થયા ? ” ભાંડારકરનો સંસ્કૃત ભાષાજ્ઞાન વિષેનો આ અભિપ્રાય આપણે પણ આજે યે વિચારવા જેવો નથી શું ?

નાગરનિન્દક એક દક્ષણી ગૃહસ્થે નાગરોનાં અપલક્ષણોની યાદી ભાંડારકર પાસે કરવા માંડી, ત્યાં વચ્ચે જ ભાંડારકર બોલી ઊઠ્યા: “ Give honour to whom honour is due. બધા નાગરો કાંઈ એવા નથી હોતા—આ દિવાટિયાના પિતાને હું ઓળખું છું. અને એવા બીજા નાગરો પણ ઘણા છે, જેમને આ તમારું વર્ણન બિલકુલ લાગુ પડતું નથી. ” આ પ્રસંગોચિત ઉત્તર ભાંડારકરની ગુણપરીક્ષક-શક્તિનો તેમ જ એમની ન્યાય્ય દૃષ્ટિનો નથી લાગતો શું ?

આ અતિવૃદ્ધ ગુરુની, મૂળા-મૂઠાના સંગમ પર તેમણે બંધાવેલ ‘સંગમાશ્રમ’માં જીવન અને મૃત્યુ એ બે વચ્ચેના પ્રદેશ વચ્ચે લટકી રહેલી સ્થિતિનું ઊર્મિસભર ચિત્ર આ લેખાંકના અન્તભાગમાં આવીને આખા લેખાંકને જાણે ઉજ્જવલ કરે છે !

હવે આવે છે એક બીજા પંડિત. એ સ્વ. ગણેશ ગોપાલ પંડિત. ખાનગી શિક્ષકમાંથી એ ભોળાનાથના કુટુંબના અંગભૂત થઈ ગયેલા. આ પંડિતને નરસિંહરાવ ઉપર વિશ્વાસ અત્યંત હતો. એના આ રેખાંકનમાં વિનોદકટાક્ષના કેટલાક પ્રસંગોલ્લેખ આવીને તેને આસ્વાદ્ય બનાવે છે. પંડિત ગુજરાતી જ બની ગયેલા, ને શુદ્ધ ગુજરાતી બોલતા.

આ ગુજરાતી—અમદાવાદી બની ગયેલા મહારાષ્ટ્રી પુરુષની સાધુતાએ અનેકનાં હૃદયો ઠારેલાં. નરસિંહરાવ લખે છે, “ એવા સાધુઓનો સંપર્ક ઈશ્વર તરફથી ધન્ય પ્રસંગે જ મળે છે. ” ને આ સાધુ પોતાના હૃદયમાં ચિરકાલ રહે એમ ઈચ્છે છે.

**સ્વ. હ. હ. ધ્રુવને અને ભીમરાવને** જુદો લેખાંક ફાળવ્યો છે આ બંને કવિ હતા, પણ બંનેની કવિતાનું સ્વરૂપ કેવું હતું તે દર્શાવવા બંનેની કવિતામાંથી એકેક નાનું ઉદાહરણ આરંભે ટાંક્યું છે. આ બંને કવિઓના ગુણ તથા દોષ એક નમૂનાના હતા. તે કયા ? “ અવિશદતા છતાં માધુર્ય, અકૃત્રિમતા, પ્રણાલિકાનો સ્વચ્છંદ અનાદર, સંસ્કૃત કાવ્યોની સંસ્કૃતિનું પાન કર્યાથી પોતાની રચનાઓમાં તે સંસ્કૃતિની દીપ્તિનું દર્શન. ” આ છે નરસિંહરાવનો ઉત્તર. એકપાદટીપમાં હ.હ. ધ્રુવની લગાર મશ્કરી પણ કરી લીધી છે.

‘ ચંદ્રનાં ચમત્કારચિહ્ન ’ અને ‘ એક અદ્‌ભુત સ્ત્રીકવિ ’ એ બે ઉપહાસલેખો હ. હ. ધ્રુવને અનુલક્ષીને નરસિંહરાવે લખેલા, પણ હ. હ. ધ્રુવે અણુમાત્ર કલુષભાવ રાખ્યો નહોતો. ‘ એમણે મને ક્ષમાથી જ શરમાવી નાખ્યો ’ એમ નોંધીને હ. હ. ધ્રુવનો ગુણોત્કર્ષ નરસિંહરાવે દર્શાવ્યો છે. હ. હ. ધ્રુવના હૃદયની નિખાલસતા, કોમળતા, નિષ્કપટતા વગેરેની અંતઃકરણથી લેખકે સ્તુતિ કરી છે.

**ભીમરાવ ભોળાનાથ** તો નરસિંહરાવના મોટાભાઈ. એમને વિશે પ્રસંગો ઘણા જ હોય, છતાં નરસિંહરાવે સંક્ષેપને ઈષ્ટ ગણ્યો છે. ‘ પૃથુરાજ રાસો ’, ‘ દેવળદેવી નાટક ’ એ ભીમરાવની કૃતિનું સ્મરણ તો આવે જ. ભીમરાવે પાંચેક ગરબીઓ પણ રચેલી હતી, ને ‘ મેઘદૂત ’નું ભાષાન્તર પણ પ્રગટ કર્યું હતું. કોઈ માસિકમાં તેની સખત ટીકા આવેલી. નરસિંહરાવે એ ટીકાપ્રહારનો લાંબો અવલોકનલેખ લખીને પ્રતિવાદ કરેલો. ભીમરાવને નરસિંહરાવની સાહિત્યબુદ્ધિ વિશે કેટલો બધો વિશ્વાસ હતો તે એમણે ભયંકર માંદગી દરમ્યાન નરસિંહરાવ પર લખી રાખેલા નાના પત્રમાંથી સ્પષ્ટ જણાઈ આવે છે. નરસિંહરાવનું ‘ કુસુમમાલા ’ જોઈને પ્રસન્ન થઈને ભીમરાવે લખેલું : ‘ You have out-done me. ’

ભીમરાવ બહુ રૂપાળા હતા તેથી હાઈસ્કૂલમાં છોકરાઓ એમને ‘ Lady of



the lake ’ કહેતા. સુઘડતા ભીમરાવને અત્યંત પ્રિય, ને કોઈ પણ પ્રકારની અસુઘડતાની ભારે સૂગ. પોતાના ગુણનું પ્રદર્શન કરવાનું એમને આવડતું નહોતું; પણ ક્યાં કેવી રીતે ગૌરવ ને રસિકતા સાચવીને વર્તવું તે એ બરાબર જાણતા. તેવા થોડા પ્રસંગ પણ ‘ સ્મરણમુકુર ’માં મૂકેલા છે.

ભીમરાવના અવસાન વખતે નરસિંહરાવ અમદાવાદમાં નહોતા, પણ ત્યાં આવ્યા ને ઘરમાં પેઠા ત્યારે એમની બહેને તો એમને કહ્યું : “નન્નુભાઈ, મારા ભીમભાઈને મેં તો ખોયા છે ! ” નરસિંહરાવ ગદ્‌ગદ તો થયા, પણ માન્યું કે ‘ પોતે ભીમભાઈને ખોયા નથી. કવિતદેવી પણ પ્રતિધ્વનિ દેશે અને ઉદ્‌ગાર કાઢશે કે ‘ ભીમરાવને મેં ખોયા નથી. ’ નરસિંહરાવના આ શ્રદ્ધાબલને વિશે અહીં મૌન જ ઉચિત છે.

તત્કાલીન ગુજરાતમાં **સ્વ. મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું** મહત્ત્વ કેવું હતું તે ગુજરાતી સાહિત્યના અભ્યાસીને ભાગ્યે જ કહેવું પડે. એક લેખાંકમાં એમને પણ વિષય કર્યા છે. મણિલાલ એલ્ફિન્સ્ટન કોલેજમાં ફેલો હતા ત્યારે નરસિંહરાવ ત્યાં બી. એ.ના વર્ગમાં હતા.

આ લેખાંકમાં સોરાબજી નામના એક પારસી વિદ્યાર્થીનો ઉપહાસ કર્યો છે. ‘ **બૂઢ ગુજરાતી શીખવનાર** ’ નામનું એક ચોપાનિયું પણ એ વિદ્યાર્થીએ પ્રગટ કરેલું. ‘ તુતેલી દોસ્તી ’ નામની પારસી ગુજરાતી રચના એણે મૂકી અને ‘ તમારી ‘ **વાનિયાંસાઈ** ’ ગુજરાતીમાં આવી ઉમદા કવિતા બનાવશો ? ’ એમ બીડું મૂક્યું. મણિલાલે તે ઝડપ્યું. મણિલાલે સામી રચેલી કૃતિમાં કાવ્યત્વ કે શૈલીનો ચમત્કાર ભલે ન હોય, પણ તે પારસીસાઈ ‘ બૂઢ ગુજરાતી ’ અને શિષ્ટ ગુજરાતીનો ભેદ તો દેખાડી આપે જ છે.

મણિલાલે પોતાના ‘ પ્રિયંવદા ’ માસિકમાં નરસિંહરાવના પ્રથમ કાવ્યસંગ્રહ ‘ કુસુમમાળા ’માં ‘ પાશ્ચાત્ય રીતિની છતાં સત્સાર કારીગરી ’ જોઇ ને કહી. નરસિંહરાવને તેમાં મણિલાલની સૌજન્યયુક્ત ગુણદર્શિતા દેખાઇ.

‘ સંમતિવય ’ના વિષયમાં ભારતભરમાં ભારે વાદનાદ ઊઠેલા તે વખતે ‘ સુદર્શન ’ માસિકમાં પોતાની સમર્થ લેખનીને તર્કચ્છલોની મલિન શાહીમાં બોળીને અનુચિત પ્રવૃત્તિ મણિલાલે કરેલી હતી એમ નરસિંહરાવને લાગ્યું હતું.

મણિલાલની અસાધારણ બુદ્ધિશક્તિને, વિદ્વાસંપત્તિને નરસિંહરાવે બરાબર પિછાની છે. અદ્વૈત સિદ્ધાંતના આરૂઢ અભ્યાસી મણિલાલ હતા, અને સુફી માર્ગની કવિતાની ઝાંખી, ભલે અલ્પાંશે, ગુજરાતી કવિતાસાહિત્યને કરાવનાર પ્રતિભાશાળી કવિ હતા એમ કહી એમને હૃદયભરી અંજલિ ‘ સ્મરણમુકુર ’માં આપેલી છે.

**સ્વ. ઉત્તમલાલ કે. ત્રિવેદી**—આચાર્ય આનંદશંકર ધ્રુવના નિત્યસહચારી.

આ કારણે આ લેખાંકમાં આનંદશંકરની ચિત્રરેખાઓ પણ ભળેલી છે. આ બન્નેની સાથે વાર્તાલાપમાં નરસિંહરાવે કહ્યું, "મને પોતાની મેળે હજામત કરતાં આવડે છે. પણ બીજાની હજામત કરવાની હિંમત ના ચાલે." ધીમે રહીને ઉત્તમલાલ બોલ્યા: "માત્ર ચર્ચાપત્રમાં બીજાની હજામત સારી કરી શકો છો." આ કટાક્ષવચનમાં નરસિંહરાવને ઉત્તમલાલની નિર્દોષતા, માર્મિકતા, સ્નેહયુક્તતા જ દેખાય છે તે નરસિંહરાવની પોતાની હૃદયમતિના અંશને દર્શાવી આપે છે. આ બન્ને સજ્જનો મળતા ત્યારે 'ઊંચા વિષયો, ઉમદા વિચારો, વિશાળ દૃષ્ટિની ચર્ચા' એ જ એમની વાતચીતના વિષયરૂપ હોય. અલબત્ત, ઝીણી ઝીણી મશ્કરી ઉત્તમલાલને અપ્રિય નહોતી. પણ નીચ નિન્દા એમના સ્વપ્નામાં પણ પ્રવેશતી નહિ.

આવા ઉત્તમલાલ કેવા મામૂલી અકસ્માતથી Nervous breakdownનો ભોગ થઇ પડ્યા તે જરા વીગતથી નરસિંહરાવે લખ્યું છે.

ઉત્તમલાલની વિનયશોભિત સુજનતાનું નરસિંહરાવ હૃદયપૂર્વક સ્મરણ કરે છે, ને લોકમાન્ય ટીળકના સુપ્રસિદ્ધ 'ભગવદ્ગીતારહસ્ય'ના એમણે કરેલા ગુજરાતી અનુવાદને ઉત્તમલાલની નિપુણતાનો ઉત્તમ નમૂનો ગણે છે. ઉત્તમલાલના મધુર પ્રેમને માટે એમને ઉપમા શોધવી કઠણ પડે છે.

**સ્વ. ગોવર્ધનરામ મા. ત્રિપાઠી** આખા સાક્ષરયુગમાં કે પંડિતયુગમાં શિરોમણિને સ્થાને વિરાજે છે એ વિશે કોઇને શક ન હોઇ શકે. એમની સર્જક-પ્રતિભા, એમનું જીવનદર્શન ને તત્ત્વચિંતન, એમના '**સરસ્વતીચંદ્ર**'માં જે રીતે આકારિત થયું છે તે બુદ્ધિને, હૃદયને, આપણા સમગ્ર ચૈતન્યને ગાઢ સ્પર્શ કરે તેવું છે. પદ્યમાં ઉત્તમ કવિતાનું સર્જન ઝાઝું ભલે એમને હાથે ન થયું હોય,—પણ એમની ગદ્યસૃષ્ટિ અનેક રીતે અનોખી ને કાવ્યસમૃધ્ધ છે. એમની ગદ્યશક્તિમાંથી નિષ્પન્ન થયેલું 'સરસ્વતીચન્દ્ર' પંડિતયુગનું મહાકાવ્ય અમથું નથી ગણાયું. મહાકાવ્યમાં આવશ્યક જીવનદર્શનનું ઊંડાણ, જીવનની સત્ત્વપૂર્ણ મીમાંસા, તેનો વિસ્તાર, તેમના સુંદરગિરિ જેવી રમણીય ને ઉત્કર્ષક એમની ભાવદૃષ્ટિ ને ભાવસૃષ્ટિ તેની અદ્ભુતતાથી કોઇને પણ ચકિત કરે તેવી ચમત્કૃતિપૂર્ણ છે. નવલકથાનો રૂઢ આકાર એમણે સાચવ્યો ન હોય તેથી એમની સર્જકતાની રમ્યતા—ગહનતા—ભવ્યતા ઓછી થતી નથી. કોઇ તેને પુરાણ કહે તેથી તેની નવીનતા કે મહત્તા ઘટતી નથી, કદાચ વધે છે. સુવર્ણનગરીની આભાસક સુવર્ણતા ને તેના વાસ્તવિક કથિરપણામાંથી આરંભ કરીને, એમની કલ્યાણકલ્પના સુન્દરગિરિની શુદ્ધતમ, etherial છતાં real એવી સૃષ્ટિનું ઉત્કાંત નિર્માણ કરીને ચરિતાર્થ થઇ છે.

'સ્મરણમુકુર'માં ગો. મા. ત્રિ.ની મૂર્તિ જોઇએ તેવી સ્પષ્ટરેખ બની શકી નથી એમ મને લાગે છે.



**વિચિત્રમૂર્તિ નારાયણ હેમચંદ્ર**નું રેખાચિત્ર 'સ્મરણમુકુર'માં કદાચ સારામાં સારું દોરાયું છે. 'કુસુમમાળા'નું અર્પણ નરસિંહરાવે આ સાધુચરિત પુરુષને કરીને પણ પોતાની ઋણબુધ્ધિ પ્રગટ કરેલી તે આપણે જોયું જ છે.

નરસિંહરાવે એમને—એ બાલક જેવા પુરુષને અપૂર્વ ભાવે જોયા છે. આ પુરુષનું ચિત્રવિચિત્ર દર્શન આ રેખાચિત્રમાં સોદાહરણ ને સરસ ઊઠ્યું છે. 'અશ્રુમતી નાટક'ના અર્પણમાંનાં વચનો ટાંકીને નારાયણનું ઉચ્ચતર સ્વરૂપ લેખકે દર્શાવ્યું છે, તે દિલને હલાવી મૂકે તેવું છે. નારાયણના 'પતનસ્વરૂપ, નીચસ્થ' સ્વરૂપને એમણે કરુણ સ્વરૂપ કહ્યું છે, પણ મૃત્યુની અભેદ્ય જવનિકા ભેદીને આવતો નારાયણનો ગેબી અવાજ પણ એમણે સાંભળ્યો છે, ને આપણને સંભળાવ્યો છે.

નરસિંહરાવની સંગીતપ્રીતિ ને પરીક્ષણશક્તિ સુપ્રસિધ્ધ છે. આથી કેટલાક સંગીતાચાર્યો એમના સ્મરણમુકુરમાં પ્રતિબિંબિત થયા જ હોય. સંગીતના વિષયમાં પોતાની સ્થિતિ થોડી મૂડીએ ઘણો વેપાર કરનારા જોડે સરખાવીને વિનમ્રતા તો આરંભે જ દર્શાવી દીધી છે; અને ઝાકરૂદ્દીન, ફત્તેલાલ, મનુરામ, શાંતારામ, આદિત્યરામ, મૌલાબક્ષ ખુદાહુસેન અને ઘસીટખાનના વિશેષતાપ્રદર્શક તથા સામ્યભેદદર્શક ચિત્રાંકનો રજૂ કર્યાં છે. આ ચિત્રાંકનોમાં નરસિંહરાવનું પોતાનું પૃથક્કરણશીલ સંગીતજ્ઞ તરીકેનું દર્શન પણ સ્ફુરે જ છે. નારાયણ હેમચંદ્રના સ્મરણાંકનમાં ટાંકેલાં—

"Would you have music?
Then listen to the falls.
The scale is infinite,
and God the organist." એ વચનોનું માહાત્મ્ય રૂપાંતરે પ્રગટ થતું અનુભવાય છે.

**હાજી મહમ્મદ**— 'વીસમી સદી'વાળા જોડે નરસિંહરાવનો સંબંધ માત્ર ૭ વર્ષનો છતાં એના અવસાનનો આઘાત એમને ઘણો સખત લાગેલો.

હાજી મહમ્મદનું મિત્રમંડળ મોટું ને ભાતીગળ હોવાથી એના સંયોગથી નરસિંહરાવને વિવિધ રુચિ ને વિશિષ્ટ શક્તિવાળી કેટલીયે વ્યક્તિઓનો સંપર્ક સુલભ થયો હતો. તેમની નામાવલીમાં જૈન સાધુઓ, ધુરંધર જેવા ચિત્રકાર, ઇન્ડિયા ઓફિસના અધિકારી વગેરે અનેક આવે. મુંબઇની રંગભૂમિના કેટલાક ઉત્તમ નટની કલાનું દર્શન પણ નરસિંહરાવને હાજી મહમ્મદને લીધે જ થયેલું. 'પ્રેમીજી'નો પરિચય પણ હાજીના પ્રભાવે જ કરાવી દીધેલો.

હાજી મહમ્મદ એટલે એનું 'વીસમી સદી'. કેવા પ્રતિકૂલ સંયોગોમાં આ સાહસ, હાજીનો તે માટેનો કેવો વિલક્ષણ પુરુષાર્થ વગેરે નરસિંહરાવે રસમય રીતે વર્ણવેલ

છે. **પુત્ર નલિન** આ સંબંધસ્થાપનામાં નિમિત્ત હતો તે પણ યથાસ્થાન ઉલ્લેખાયું છે.

હવે આવે છે નરસિંહરાવનાં નિત્યનાં કીર્તનસંગાથી **સ્વ. નલિનકાંત** અને **સ્વ. ઊર્મિલા**–એમનાં પોતાનાં પ્રિય સન્તાનયુગલનું સ્મરણાંકન. સ્વ. નલિનનો રમૂજી બાલ્યકાળ સોદાહરણ ખડો કર્યો છે. એ પોતાનાં માતપિતાને પણ પોતાની રમૂજના વિષય બનાવતાં સંકોચ કરતો નહિ. એમ કહીને ધૃષ્ટ મશ્કરીનો એને કેવો આ઼ણગમો હતો તે યે દર્શાવ્યું છે. ઊર્મિલા જોડેની એની પ્રીતિનું કરુણ ચિત્ર પણ યથાસ્થાન ઉલ્લેખ્યું છે. નલિનની સત્ય અને શુદ્ધ ઈશ્વરભક્તિનું બીજ એના સ્વભાવમાં શી રીતે પડ્યું હશે તે કહીને એમને પોતાને પણ ભૂલમાંથી ઉગારવા જેવું નલિને કરેલું તેનું સ્મરણ નરસિંહરાવે કર્યું છે. એની ચુસ્ત પ્રાર્થનાસમાજી વૃત્તિનું નિદર્શન પણ કરેલું છે. પોતે નલિનને અનેક વાર ‘ નિરર્થક ક્રૂર ઠપકા ’ આપેલા તેનું સ્મરણ કરીને ઊંડો પશ્ચાત્તાપ નરસિંહરાવે કર્યો છે. પુત્ર નલિને પિતાને ભલે ક્ષમા આપી દીધી હોય, પણ પિતા નરસિંહરાવ તો પોતાની જાતને ક્ષમા આપી શકતા નથી.

પોતાના નિત્યસહચારી આ પુત્રના અકાલ અવસાનથી પોતે એકલા થઈ ગયાનો ભાવ તો પિતાને થયો જ, પણ ‘ જીવનમાં હું એકલો છું ? ના, ઈશ્વરે એ એકલાપણામાં ભાગ લેનારું એક હૃદય સાચવી રાખ્યું છે. અને ‘ પદપદે પ્રત્યક્ષ તું ’ એમ કહેનારો હું એકલો નથી ’ એમ નરસિંહરાવે દૃઢતાથી કહ્યું, જે એમની ઈશ્વરશ્રદ્ધાનું પ્રકાશક છે.

નલિનકાન્તની ‘ પ્રિયભગિની ’ સ્વ. ઊર્મિલા નલિન પહેલાં જ નરસિંહરાવને-જગને છોડીને ચાલતી થઈ ગયેલી. વિવર્તલીલાનું સંકલન પુત્રી લવંગિકાના કરુણ પ્રસંગને સંભારે છે, તો આ ‘સ્મરણમુકુર’નું સમાપન પ્રિય પુત્રી ઊર્મિલાને સંભારી આપે છે. બંને સ્થાને ગૂઢ કરુણ ધ્વનિની ઝણઝણાટી છે એ સામ્ય કોઈને પણ દેખાશે; ને ‘ આ વાદ્યને કરુણગાન વિશેષ ભાવે ’ એમ ગાનાર કવિના હૃદયની અંતઃસ્થિતિનો ખ્યાલ સહૃદયને આપી દેશે.

‘ હું એકલો એમ તીવ્ર ભાન મને શા માટે હતું ? ’ એમ શરૂમાં પ્રશ્ન મૂકીને બર્કનું નીચેનું વચન ઉતાર્યું છે તે લક્ષયોગ્ય છે :

“ They, who ought to have succeeded me have gone before me; they who should have been to me as posterity, are in the place of ancestors.”

આ અવતરણનો ગંભીર કરુણ સુદસ્ય છે.

ઊર્મિલાની સમાજસેવાની દૃષ્ટિ કેવી ક્રિયાત્મક હતી તેનું દૃષ્ટાંત આંધળી



છોકરીને ગૂંથણકામ શીખવવા પોતે આંખો બંધ રાખીને ગૂંથતાં શીખી તે હકીકતમાંથી મળી રહેશે. તેની સંગીત વિશેની હૈયાસૂઝ કે કોઠાબુદ્ધિ પણ સદૃષ્ટાંત દર્શાવી છે. એ અંગ્રેજીમાંથી ભાષાંતર પણ કરી શકતી, પણ એની એવી બે કૃતિમાંથી એક પણ એણે પોતે પ્રગટ થયેલી જોઈ જ નહિ. પાછળથી તે બંને ‘ઉષાનન્દિની’ અને ‘કમલિની’ નામે બહાર પડી તે જુદી વાત. એના પ્રિય ભાઈ નલિનની પણ બે કૃતિઓમાંથી એક જ એના જીવતાં પ્રગટ થઇ શકેલી. પોતાનાં અવસાન પામેલાં સંતાનોની કૃતિઓની પ્રસ્તાવના પિતાએ લખવાની સ્થિતિ એટલે એમની ઉત્તરક્રિયા કે બીજું કાંઈ ? કેવી કરુણતા તેમાં રહેલી છે ! વિવર્તલીલામાં આપેલી કરુણ વાર્તાને સંભારીને “ હું પણ લેકા તું ! લેકી તું એ ઉદ્‌ગાર કરતો જીવનના જીર્ણારણ્યમાં ભટકું છું. ” આ વચન વડે ‘સ્મરણમુકુર’ની લીલા સમાપ્ત થાય છે.

# નરસિંહરાવ વિવેચક – ભાષાશાસ્ત્રી

## " વિવેચક તો કવિનો જોડિયો ભાઈ જ છે "

નરસિંહરાવનો પ્રથમ વિવેચન સંગ્રહ **મનોમુકુર** – ગ્રંથ પહેલો ૧૯૨૪માં પ્રગટ થયો, પણ તે પહેલાં ગુજરાતી વિવેચનના ક્ષેત્રમાં એઓ સ્થિરપ્રતિષ્ઠ થઈ જ ચૂક્યા હતા. તે પછી તો તેના ત્રણ બીજા ગ્રન્થો પ્રગટ થયા, અને ' નરસિંહરાવનો કવિતાવિચાર ' નામનું દળદાર અને અત્યંત વિવેકપૂર્ણ સંપાદન ભૃગુરાય અંજારિયાએ તૈયાર કર્યું. આ છેલ્લું પુસ્તક નરસિંહરાવના અવસાન બાદ બત્રીસ વર્ષે છેક ૧૯૬૯ માં બહાર પડ્યું.

પોતાના કાવ્યસંગ્રહોમાં ( ' સ્મરણસંહિતા 'ને બાદ કરતાં ) પોતાનાં કાવ્યો ઉપર ટીકા નરસિંહરાવે પોતે જ લખેલી છે. તે જોતાં અવશ્ય લાગશે કે વિવેચન-સંશોધનની એમની દૃષ્ટિ એમની કાવ્યસૃષ્ટિના આરંભથી જ ખીલતી આવી છે. એમનાં કાવ્યોમાં પણ ઠેકઠેકાણે જુદી જુદી રીતે વિવેચક નરસિંહરાવ છતા થતા હોય એમ અનુભવાશે. અલબત્ત, પોતાનાં કાવ્યસર્જનોનો પહેલો વિવેચક તો કવિ પોતે જ હોય છે ને તે કૃતિની રચના દરમ્યાન પ્રગટ પ્રચ્છન્ન રૂપે કામ કરતો જ હોય છે, તે સાહિત્યજ્ઞોથી અજાણ્યું નથી. વિષયની પસંદગીથી માંડીને કૃતિની સમાપ્તિ સુધી વિવિધ રીતે પ્રવર્તતી પ્રક્રિયાને સાક્ષાત્ વિવેચન આપણે ન કહીએ તે જુદી વાત છે.

મનોમુકુર ગ્રન્થ પહેલામાં પ્રથમ વિભાગ ' ગ્રન્થાવલોકન તથા ગ્રંથપરિચય 'નો છે, ને બીજો વિભાગ ' રસ તથા કલામાં તત્ત્વાન્વેષણ 'નો છે—આ બન્ને, અલબત્ત, નરસિંહરાવ પોતે કહે છે તેમ વિવેચનના સમાન વર્ગના પેટાભેદ જ છે. ઈ. સ. ૧૮૮૩–૮૪ થી ઈ. સ. ૧૯૧૩–૧૪ સુધીનાં વિવેચનલખાણોનો આ પ્રથમ ગ્રંથમાં સંગ્રહ કર્યો છે. આ ગ્રંથનો પ્રથમ પેટાભાગ 'ગ્રંથાવલોકન અને ગ્રંથપરિચય'નો છે તે ઉપર નોંધ્યું જ છે. એમાં પ્રથમ લેખ ' સંન્યાસી ' મૂકેલો છે. મૂળ બાબૂ દેવપ્રસન્નરાય ચૌધરીની બંગાળી વાર્તા ઉપરથી નારાયણ હેમચંદ્રે કરેલું ભાષાંતર તે જ આ ' સંન્યાસી '. કવિ નરસિંહરાવ વાર્તાકલાના કેવા મર્મજ્ઞ હતા તે આ લેખમાં અસંદિગ્ધ રીતે પ્રતીત થાય છે. પાત્રોનાં માનસિક સંચલનો, પ્રસંગોની ઘટના, પાત્રોનું પોતાનું સ્વરૂપ, કૃતિ સમગ્રનું ઉદાત્ત જીવનદર્શન, કશું એમની દૃષ્ટિબહાર રહેતું નથી. પાત્રચરિતની તુલનાની એમની દાંડી કેવી અચૂક છે તેનો પૂરેપૂરો પરિચય આ ગ્રન્થાવલોકનમાં મળી રહે છે. તત્કાલીન ગુજરાતી વાર્તાસાહિત્ય વિશે ટીકા કર્યા વગર આ અવલોકનમાં એઓ રહી શક્યા નથી; પરંતુ



વાર્તાસાહિત્યનો આદર્શ નરસિંહરાવનો કેવો ઉચ્ચ અને દૃઢ હતો તે તેમાંથી ફલિત થાય છે તે ભૂલવું જોઈએ નહિ.

અગડંબગડં નારાયણી ગુજરાતી લેખનનું વિઘ્ન ખસેડીને પણ નરસિંહરાવે મૂળકૃતિનું પ્રેમસૌન્દર્ય આ લેખમાં બરાબર પકડી બતાવ્યું છે, એમ વિવેકી વાચક અવશ્ય જોઈ શકશે. નરસિંહરાવના આ ગ્રંથાવલોકનનું આ સત્ફલ ખરેખરું આસ્વાદ્ય છે.

આ વિભાગનો બીજો લેખ પણ ભાષાંતરકૃતિના નિરીક્ષણ-પરીક્ષણનો છે. પહેલો જો બંગાળીમાંથી ભાષાંતર છે, તો આ બીજો સંસ્કૃતમાંથી ભાષાંતર છે. સંસ્કૃતના પ્રસિદ્ધ વિદ્વાન મણિલાલ નભુભાઈએ સંસ્કૃત કવિ ભવભૂતિના ' ઉત્તરરામચરિત 'નું ભાષાંતર કરેલું, તેનું સમીક્ષણ નરસિંહરાવે કર્યું છે. પહેલો લેખ વાર્તાવિષયક હતો, તો આ નાટકવિષયક છે. કાવ્યોમાં નાટક રમ્ય, નાટકોમાં કવિ કાલિદાસનું શાકુન્તલ રમ્ય, પણ उत्तरे रामचरिते भवभूतिर्विशिष्यते એમ કહેવાતું આવ્યું છે.

રસ, પાત્રભેદ, અને વસ્તુસંકલના નાટકનાં મુખ્ય તત્ત્વ ગણાય છે. નવલરામે મણિલાલના ' કાન્તા ' વિશેના લેખમાં તે યોગ્ય રીતે દર્શાવ્યું જ છે. 'વસ્તુસંકલન તો મૂળમાં જે હોય તે ખરી; પણ રસ ને પાત્રતા તો મૂળનાં હોય તે સાચવી રાખવાનો ધર્મ ભાષાંતરકારે અદા કરવાનો છે. ' ઉત્તરરામચરિત 'ની વસ્તુસંકલના શિથિલ છે, તેની ગતિ મંદ છે, તેનું ઓસડ ભાષાંતરકારથી ન થઈ શકે, પણ મૂળ રસ અને પાત્રતા ભાષાંતરમાં યથાવત્ જળવાય તે ખાસ જોવાનું રહે છે.

મણિલાલના ભાષાંતરની સમીક્ષા કરતાં મૂળ સંસ્કૃત નાટકની સમીક્ષા પણ તેમાં સમર્થ રીતે નરસિંહરાવે કરી છે, અને રામસીતાના પરસ્પર પ્રીતિયોગનું અંતઃસ્વરૂપ કેટલું અભિનવ ને અનન્ય છે તે આ સમીક્ષકે સૂક્ષ્મ દૃષ્ટિએ પારખ્યું છે ને પ્રગટ કર્યું છે. ભાષાંતરનાં ગદ્યપદ્યને પણ ઝીણી નજરે તપાસ્યાં છે, ને ક્ષતિઓ ચીંધી છે. બંગાળી વાચનાને અનુસરવા જતાં ભાષાંતરમાં કેવી ક્ષતિઓ પેસી ગઈ છે તે સદૃષ્ટાંત દર્શાવ્યું છે, ને સાથે સાથે તેનું અનૌચિત્ય પણ બતાવ્યું છે. સંસ્કૃતના જાણકાર હોવા છતાં ભાષાંતરકારે ખોટા અર્થો કર્યા છે તેથી થયેલી રસહાન પણ સમીક્ષકે પાધરી કરી આપી છે, અને ભાષાંતરમાં આવતી ગીતિરચનાની શિથિલતા તરફ પણ અંગુલિનિર્દેશ કર્યો છે. મૂળ કૃતિનું રસદર્શન કરતાં તેને રસસાગર કહી છે, ને રસ કેવો દુર્લભ પદાર્થ છે તે પણ કહ્યું છે. સમગ્રપણે નરસિંહરાવે, મણિલાલના ' માલતીમાધવ ' કરતાં આ ' ઉત્તરરામચરિત 'માં સરલતાનો ગુણ વધારે છે એમ કહીને ભાષાંતરનો મોટામાં મોટો ગુણ તો આત્મકૃત ગ્રંથ જેવી સરલતા જ કહી શકાય એવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. દોષદર્શન કરાવ્યા

પછી પણ ' આ ભાષાંતર વાચતાં અમારા મન ઉપર સમગ્ર અસર એ ગ્રંથના લાભમાં જ થઇ છે. મૂળનો રસ તથા પાત્રતા ઘણે અંશે જાળવી રાખ્યાં છે એમાં સંશય નથી. ભાષાંતરમાં મૂળની ખૂબી આવવી તો ઘણી કઠણ છે; પણ ભાષાંતર આવું તો મૂળ કેવું સુંદર હશે એમ આપણા હૃદયમાં ઊર્મિ ઉત્પન્ન કરે તે ભાષાંતર ઉત્તમ એમ માનવું બરોબર છે, અને આવી રીતે જોતાં રા. મણિલાલનું ભાષાંતર બેશક પહેલા વર્ગનું છે, એટલું જ નહિ પણ અમે એમ પણ કહી શકીએ કે કેટલેક ઠેકાણે મૂળ કરતાં પણ સૌંદર્ય વધ્યું છે. " આ શબ્દોમાં ઉદાર મતદર્શન સમીક્ષકે કર્યું છે. આ ભાષાંતરમાં રસિક હૃદયને ત્રાસદાયક સ્થાનો છે તો ' ઝમ ઝમ ઝમ ઝમ વહેતાં ઝરણાં ' પણ છે એમ કહીને વિવેચન આટોપી લેવામાં આવ્યું છે.

આ વિભાગના પ્રથમ બે લેખ જો ભાષાંતરગ્રંથો વિશે છે તો તેનો ત્રીજો ને છેલ્લો લેખ એક ગુજરાતી કાવ્યગ્રંથને અપાયો છે. તે ગ્રંથ તે શુદ્ધ ગુજરાતી લખનાર પારસી કવિ અ. ફ. ખબરદારકૃત ' **વિલાસિકા** '.

આ લેખના આરંભે નરસિંહરાવે પારસીશાહી ગુજરાતી અને શિષ્ટ શુદ્ધ ગુજરાતીનો ભેદ દર્શાવીને શુદ્ધ ગુજરાતી પારસી લેખકોમાંથી બેને સંભાર્યા છે : પ્રથમ બહેરામજી મલબારી ને બીજા આ ' વિલાસિકા 'ના કર્તા અ. ફ. ખબરદાર.

ખબરદારના આ ' વિલાસિકા ' ગ્રંથમાં પણ પારસી ગુજરાતીના થોડા અંશો રહી ગયા છે તે ત્રણ વિભાગ પાડીને વીગતવાર દર્શાવ્યા છે. આ ક્ષતિદર્શન સાચું હોવા છતાં પ્રમાણમાં લેખને દીર્ઘસૂત્રી બનાવતું પણ લાગે છે. પણ ભાષાશુદ્ધિના દૃઢ આગ્રહી નરસિંહરાવ એમ કર્યા વગર રહી કેમ શકે ?

ખબરદારે પોતે છએક નવા છન્દો શોધ્યાનું કહ્યું છે, ને દરેકની પૃથક્ક્રિયા નરસિંહરાવે કરી છે ને કવિના આ દાવાના બલાબલ બરાબર તપાસ્યાં છે. આથી પણ લેખમાં લંબાણ થઈ ગયું છે; પણ તેમ છતાં આ કવિની પદ્યરચનાને એકંદરે ' સરલ સુશ્લિષ્ટ અને શ્રવણને સુખદ ' ગણી છે, ને તેનો ગુણપક્ષ પુરસ્કાર્યો છે.

ભાષા અને પદ્યરચનાનું નિરીક્ષણ કર્યા પછી ' વિલાસિકા 'ના કવિનું કવિત્વ ચકાસ્યું છે, અને તેને એકંદરે ઉચ્ચ પ્રકારનું ગણ્યું છે. ' વિલાસિકા 'ના કવિના સ્થાન વિશે બોલતાં ભાવિ પ્રજા આ કવિને વચલા વર્ગની ઉપર મૂકશે એમ સાવચેતીભરી રીતે સ્વમતદર્શન નરસિંહરાવે કર્યું છે.

' કવિત્વનાં અંગ બે–વિચાર અને વાણી અથવા અર્થ અને શબ્દ. અલંકાર એ બન્નેની અંતર્ગત ઘટના છે ' એમ કહીને ' વિલાસિકા ' માં અલંકાર ઘણે ભાગે રુચિયુક્ત અને અક્લિષ્ટ આવ્યા જણાય છે. પરન્તુ એવાં કેટલાંક સ્થળ છે, જ્યાં અલંકારને ખાતર જ અલંકાર ( આણ્યાની ) અનિષ્ટ કૃતિ થઈ છે. આ પ્રકારના અલંકારસેવનથી હૃદયભાવમાં, વિચારમાં અવાસ્તવિકતાની છાયા આવે



છે " એમ કહી તેનાં ઉદાહરણો ટાંક્યાં છે. ન્યાય ખાતર તેમ કરવું આવશ્યક છે તેની ના નહિ, પણ તેથી યે લેખમાં લંબાણ તો થયું જ છે. આમ કરતાં જ્યાં થોડું સ્વાસ્થ્ય દેખાયું છે ત્યાં તે અવશ્ય નિર્દેશ્યું છે. એમનું સ્પષ્ટ વક્તવ્ય તો એટલું જ છે કે કાવ્યમાં અલંકારની સ્વતંત્ર મૂર્તિપૂજા અનિષ્ટ છે. ને આ વાત સાચી નથી એમ કોણ કહેશે ? વસ્તુતઃ કાવ્યમાં ભાવવિચાર, રચનારીતિ વગેરેની પેઠે અલંકાર પણ સ્વયંસ્ફૂર્ત હોવા જોઈએ. એમ ન હોય તો પરિણામે કાવ્યમાં કૃત્રિમતા અને કર્કશતા પણ આવી જાય. ને એમ થાય તો કાવ્યસૌન્દર્યને ઊભા રહેવાનો અવકાશ જ ન રહે. ટૂંકમાં અલંકાર કાવ્યમાં હોય, પણ તેનો ખોટો ઠઠારો ન હોય. સદ્ભાગ્યે ' વિલાસિકા 'માં આ પ્રકારના દોષ અપવાદરૂપે છે. મોટે ભાગે તો તેમાં અલકાર બહુધા અંતર્વિચારમાંથી પ્રગટેલા છે એમ નરસિંહરાવે અસંદિગ્ધ રીતે કહેલું છે.

ખબરદારનો કવિત્વવિકાસ જ એવી રીતે થયેલો જણાય છે કે એમની સ્વવિલક્ષણતા દલપતરામી, નર્મદાશંકરી અને નવીન શૈલીના અંશો પ્રગટ કર્યા વિના રહે જ નહિ. કવિત્વગુણમાં ' વિલાસિકા ' અસમાન કૃતિઓનો સંગ્રહ બન્યો છે. કેટલીક ઉત્તમ નવીન પદ્ધતિની, તો કેટલીક અતિશય સાધારણ અને સ્વારસ્યહીન જૂની પદ્ધતિની કૃતિઓ પણ ' વિલાસિકા 'માં નરસિંહરાવને નજરે પડી છે. પોતાના આ અભિપ્રાયનું સમર્થન નરસિંહરાવે ઉદાહરણો આપીને કરેલું છે.

" મિ. ખબરદારની નિન્દા બહુ કરી ! હવે સ્તુતિનું પ્રિયતર કામ સ્વીકારવાનો સમય થયો છે " એમ કહીને " નવીન માર્ગમાં જનારાં, ખરા કવિત્વ તથા કલ્પનારીતિ ઇત્યાદિકની નવીનતાને લીધે ચારુતા ધારણ કરનારાં કાવ્યો ' વિલાસિકા 'માં અનેક છે " એમ પોતે કરેલા વિધાનના સમર્થનમાં 'પ્રભાત શુકને', ' અમે ', ' સનાતન અંધકાર ', ' રાત્રિની સખી ', ' સરિતાકિનારે ', ' પ્રેમતરંગ ', ' સ્વર્ગીય ગાન ', ' ચંપેલી ' વગેરેનો ઉલ્લેખ કર્યો છે, ને તેનો હેતુ પણ દર્શાવ્યો છે.

' અમે ' કાવ્યને નરસિંહરાવે કવિના લક્ષણ બતાવનારું કહ્યું છે ને એ કાવ્યને બાકીનાં કાવ્યોનું એક પ્રકારે નિદર્શક ગણ્યું છે. કવિનું સ્વરૂપવર્ણન તેમાં સચોટ રીતે થયેલું નરસિંહરાવને લાગ્યું છે ને તેમાં કવિત્વમય વાણી અને જીવંતતાનું દર્શન એમને થયું છે. કવિઓનો દિવ્ય હક્ક આ કાવ્યમાં પ્રતિપાદિત કર્યો છે તેમાં નરસિંહરાવને લગરીકે ધૃષ્ટતા ભાસતી નથી, કારણ કે તેમાં અમુક કવિની વાત નથી, પણ આખા કવિવર્ગની વાત કરેલી છે એમ એમણે ગણ્યું છે.

' ચંપેલી ' કાવ્યનું વિવેચન કરતાં તેમાં આવતું ' ફૂલરાણી ' વિશેષણ સાદું પણ અતિ સુન્દર છે એમ કહી તેમાંની સુન્દર ચિત્ર ખડું કરનારી પંક્તિઓ ઉતારી છે, અને કાવ્યની સમાપન પંક્તિઓમાં ' ચંપેલી ' ઉપરના ખબરદારના પ્રેમનું, હૃદયસંલગ્નતાનું રુચિકર દર્શન કર્યું છે. અન્યત્ર પણ જ્યાં એકંદરે કલ્પનાની

મનોહરતા ખબરદારમાં દેખાઈ છે ત્યાં તેને એમણે સત્કારી છે, ને ભાષા, છંદ ઇત્યાદિના દોષ ઉપરથી આંખ ખસેડીને કવિત્વગુણનો જ પુરસ્કાર કર્યો છે.

'સનાતન અંધાર' એ કાવ્યને અત્યંત વિપરીત કવિત્વ કલ્પનાનો ચમકાર ખડો કરનારું કહીને તેમાંના સત્યાંશનું સમર્થન નરસિંહરાવે કર્યું છે, ને તેમાં કલ્પના કાંઈક સત્યદર્શનને લાત મારનારી હોવા છતાં કલ્પનાની ઉચ્ચગામિતાને કારણે એ દોષને ક્ષણભર ક્ષમ્ય ગણ્યો છે. 'અંધાર એ જ પ્રકાશ' એ વચનની ઉત્કટ કલ્પનાના કવિત્વને ધૃષ્ટ તો કહ્યું જ છે, છતાં તેમાં મનને આકર્ષે એવું તત્ત્વ પણ નરસિંહરાવે જોયું છે. જ્યાં અન્યની કૃતિઓનો આભાસ જણાયો છે ત્યાં તે દેખાડ્યો તો છે, છતાં તેમાંયે જ્યાં અપૂર્વતા જણાઇ છે ત્યાં કવિની પ્રશંસા પણ કરી છે. ગુણ ને દોષ બંને નરસિંહરાવની નજરમાં તુલનાત્મકતા ધારણ કરે છે. વૃથા તરંગલીલા પણ દેખાઈ ત્યાં તે ચીંધવાનું એ ચૂકયા નથી. ગુણદોષની તુલના કરતાં એમને ખબરદારમાં ગુણપક્ષ બલવત્તર જણાયો છે ને એમની પાસેથી અધિક સુંદર કૃતિઓ મળે એવી અપેક્ષા સાથે 'વિલાસિકા'નું સુદીર્ઘ વિવેચન એમણે સમાપ્ત કર્યું છે. આ વિવેચન ટૂંકું હોત તો પણ તેની સચોટતાને હાનિ ન પહોંચત.

ગ્રંથાવલોકનનો વિભાગ લગાર વિસ્તારથી અહીં જોયો, હવે આવે છે 'રસ અને કલામાં તત્ત્વાન્વેષણ'નો વિભાગ. આ વિભાગમાં કુલ્લે સાત લેખો સંગ્રહેલા છે. ૭૫મે વર્ષે મિત્રાવરુણીના અભિનન્દન કાવ્યનો ઉત્તર આપતા એમણે ભલે કહ્યું કે 'કલા ને રસની ચર્ચા થઈ નીરસ છે પડી' પણ 'મનોમુકુર'નો આ વિભાગ મને તો સત્ત્વસમૃદ્ધ લાગે છે. 'વસંતોત્સવ ઉપર ચર્ચા' 'ગુજરાતી કવિતા અને સંગીત', 'કવિતામાં અસંભવદોષ', 'અસત્ય ભાવારોપણ' વગેરે લેખોનું સામર્થ્ય સર્વસ્વીકાર્ય બને તેવું છે. એમ તો 'કુસુમો તો થયાં મ્લાન', 'વીણાના તાર તૂટિયા', 'નૂપુરે કિંકિણી સર્વે વાજે છે બોખરી હવાં' એ નિર્વેદવચનો પણ એમણે કયાં નથી કહ્યાં? પણ આપણે એમનાં કાવ્યોમાં અમ્લાનતા, વીણાનું સ્વરસંગીત, કવિતાદેવીના નૂપુરનો ઝંકાર ઈત્યાદિ જોઈએ જ છીએ ને? તર્કપૂત, સૂક્ષ્મદર્શી, સત્યદર્શી, તત્ત્વચર્ચા આજે પણ આ વિભાગના લેખોમાં તેમ જ અન્યત્ર પણ અવશ્ય જોઈ શકાશે. લંબાણથી ડરીને પ્રત્યેક લેખનું પૃથક્કરણ કરવાનો લોભ જતો કરવો ઠીક લાગે છે. આ પ્રત્યેક લેખમાં સૌન્દર્યદૃષ્ટિ-સૌન્દર્યપ્રીતિ અને સત્યનિષ્ઠા એ વિવેચનામાં અનિવાર્ય ગુણોની પદે પદે પ્રતીતિ થાય છે એટલું કહીને સંતોષ માનીશું.

પછીનો વિભાગ છે 'જીવનદર્શન'નો. નારાયણ હેમચન્દ્ર અને નવલરામ આ વિભાગમાં દર્શનવિષય બન્યા છે. 'સ્મરણમુકુર'માં એ બન્નેનું ચિત્રાંકન થયેલું જ છે; પણ અહીં એ બન્નેને સવિસ્તર આલોચ્યા છે. નારાયણની ચિત્ર-વિચિત્રતાના ગુણદોષનું દર્શન બરાબર કરાવ્યું છે. જીવનના છેલ્લા ભાગમાં મોટી



ભૂલ—આલબમ અને * અકુલાંગનાના સંસર્ગ વગેરે વિચિત્ર સાધનો ધનપ્રાપ્તિ માટે એમણે આદર્યાં એ ભૂલ–કરેલી એમાં પણ નરસિંહરાવે નારાયણની વિચિત્રતા જ જોઈ છે અને તેને ક્ષમ્ય પણ ગણી છે. નારાયણના અમર આત્મા પાસે ક્ષમા પણ માગી છે, "એને માટે આપણા અનેક મોટા પુરુષો કરતાં ઈશ્વરના મન્દિરમાં વધારે ઊંચું સ્થાન છે એમાં શક નહિ." એમ કહીને આ દીર્ઘ ચિત્રાંકનને સમેટી લીધું છે, નારાયણની સત્પાત્રતાને લીધે જ નરસિંહરાવ આમ ઉદારદર્શન કરી શકયા છે.

**નવલરામ:** 'મનોમુકુર'માં નારાયણને ૨૭ પાનાં અપાયાં છે, તો આપણા આદ્ય વિવેચક નવલરામ લક્ષ્મીરામ પૂરાં એકાવન પાનામાં મનભર આલેખન પામ્યા છે.

નવલરામ ગુજરાતના આદ્ય વિવેચક તો ખરા, પણ તે ઉપરાંત એ કવિ, નાટકકાર, 'શાળાપત્ર' પત્રના સુજ્ઞ સંચાલક, ધર્મબુધ્ધિના સંસારસુધારક વગેરે પણ હતા. નર્મદ-નવલ એ મિત્રયુગલનું ભેદદર્શન આ લેખમાંનો એક અત્યંત હૃદ્ય અંશ છે. ગોવર્ધનરામે પણ નવલરામનું ચરિત્ર લખેલું છે. તેમાં પેશી ગયેલી ક્ષતિઓ પણ નરસિંહરાવે આ લેખમાં દેખાડી છે. "નવલરામ પ્રથમ કવિ અને પંડિત હતા, અને પછી વિવેચક, અર્થાત્ કવિ તથા પંડિત હતા માટે જ વિવેચક થયા એ ભૂલવું ના જોઈએ. વિવેચક તો કવિનો જોડિયો ભાઈ જ છે. બંને કલ્પના પ્રદેશમાં, ભાવનાસૃષ્ટિમાં સાથે ઊડે છે; બન્નેને પ્રતિભા અને કલ્પના એ બે પાંખોની આવશ્યકતા છે; માત્ર ફરક એ છે કે એ બે જુદા જુદા પ્રકારનો વ્યાપાર કરે છે. કવિનો વ્યાપાર સંયોગીકરણનો છે; વિવેચકનો પૃથક્કરણનો છે. પરંતુ પોતે પૃથક્કરણ શેનું કરે છે તે વિવેચકે જાણવું જ જોઈએ, અને તેથી જ કવિની નહિ, પણ કવિના જેવી પ્રતિભા ને કલ્પના વિવેચકનામાં પણ આવશ્યક છે." નરસિંહરાવના આ શબ્દો કવિધર્મ અને વિવેચકધર્મનો એકસામટો સંગ્રહ કરનારા છે અને નવલરામ પ્રત્યે એમની પ્રીતિ, એમનો આદર કેવો ને શા માટે હતો તે દર્શાવનારા પણ છે.

'દેશીપિંગળ'ના પ્રદેશમાં નવલરામની ગતિ નરસિંહરાવે અપૂર્વ ને સ્તુત્ય ગણી છે. "કાવ્યશાસ્ત્ર સંબંધી વિચારો" એ નોંધમાં કવિતા અને માયાની કલ્પનાનો સંબંધ અપૂર્વ બુદ્ધિવ્યાપારથી ઉપજાવેલો નરસિંહરાવે ગણ્યો છે. બર્કના The Beautiful અને The Sublime એ વિભાગોમાં નવલરામે The Horribleનો વિભાગ ઉમેર્યો છે તેમાં નરસિંહરાવને અનુચિતતા નથી લાગી. અલબત્ત, એમણે પોતે તો The Beautiful (સુંદર), The Sublime (ઉન્નત)

* વેશ્યાઓના.

અને The Grand ( ભવ્ય ) એ ત્રણ ભાવનાઓ પુરસ્કારેલી હતી તે સુવિદિત છે.

નવલરામના વિવેચકત્વ પરત્વે થોડું દોષારોપણ ચીંધીને પણ નવલરામમાં હુંપદ તો એવું હતું જ નહિ એમ નરસિંહરાવે સ્પષ્ટ લખ્યું છે. કવિતાના નવલરામે બાંધેલા લક્ષણસૂત્રમાં અવ્યાપ્તિ, અત્યુક્તિ ઈત્યાદિ દોષો નરસિંહરાવે જોયા છે, કવિ તરીકે નવલરામ કલાવિધાયક નહોતા, પણ નવલરામ ખરા રસિક તો હતા જ. જેને પરિણામે એમની કવિતાને લાલિત્યલાભ થયેલો નરસિંહરાવને દેખાયો છે. નવલશાળાની કાવ્યશૈલી ગોવર્ધનરામે પણ તપાસી છે ને નરસિંહરાવે ગોવર્ધનરામના અભિપ્રાયનું પરીક્ષણ-પૃથક્કરણ પણ કર્યું છે. નવલરામે કરેલા મણિલાલ નભુભાઈના 'કાન્તા' નાટકના વિવેચનમાં નરસિંહરાવે અસાધારણ ગુણવત્તા જોઇ છે. " એકંદરે જોતાં વિવેચકનું ઉચ્ચ પણ મોટી જવાબદારીનું આસન નવલરામે અદ્વિતીય શક્તિથી, ઉત્સાહથી, ન્યાય અને ઉદારતાના સુંદર મિશ્રણથી દોઢ દાયકા સુધી દીપાવ્યું; " એ નરસિંહરાવના પ્રશંસાવચન સામે કે ' નવલરામનીપૂર્વે કોઈ વિવેચક હતો જ નહિ ' એ આપણા સાહિત્યિક ઇતિહાસની સ્થિતિદર્શન સામે ભાગ્યે જ કોઈ વાંધો લઈ શકશે. નવલરામની સાહિત્યસેવાનું આકર્ષણ અનુભવીને જ નરસિંહરાવે અન્ય જનોના હૃદયમાં પણ એમના વિશે પ્રેમાદરની ઊર્મિ જાગે એમ ઇચ્છ્યું છે— યોગ્ય રીતે જ ઇચ્છ્યું છે. આપણા તત્કાલીન સાહિત્યિક ઇતિહાસ લક્ષમાં લેતાં નરસિંહરાવનું નવલદર્શન સત્યદર્શન જ લાગશે. અનેકાનેક પ્રકારે આદ્યદ્રષ્ટા, અનેક મહત્ત્વના પ્રશ્નોના સમર્થ ચર્ચક-ચિંતક તરીકે નવલરામ ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં સંસ્મરણીય ને સંમાન્ય છે એ વિશે નરસિંહરાવને તો સંશય છે જ નહિ. નરસિંહરાવની નવલરામ વિશેની દૃષ્ટિ કોઈને કદાચ વધારે પડતી ઉદાર આજે લાગે, પણ તે અસત્ય તો નહિ જ લાગે.

નવલરામ કવિ હતા, પંડિત હતા, ભાષાશાસ્ત્રી હતા, તેથી જાતે કવિ, પંડિત ને ભાષાશાસ્ત્રી નરસિંહરાવને નવલરામનું ત્રિવિધ દર્શન કરાવવાનું કાર્ય પ્રિય બને તે વિશે આશ્ચર્ય ન કરાય.

° ° ° °

' જીવનદર્શન 'ના વિભાગમાં જેમ બે લેખો છે, તેમ તે પછીના **' ધર્મ અને તત્ત્વદર્શન '**ના વિભાગમાં પણ બે લેખો છે–(૧) ' વિશ્વરચના ', અને (૨) ' સ્વેચ્છાસ્વીકાર '. પ્રથમ લેખમાં ( વિજયલાલ કે. ધ્રુવે પોતાના લેખમાં " પણ એમ સમજો કે સાયન્સને પૂર્ણ ફતેહ મળી તો પણ આ સવાલ તો ઊભો જ રહેવાનો કે ) ' મૂળ પદાર્થ અને ગતિ આવ્યાં ક્યાંથી ? " એમ પડતો મૂકેલો પ્રશ્ન ઉપાડી લઈ નરસિંહરાવે ' વિશ્વરચના ' એ લેખ વિકસાવ્યો છે. બીજો લેખ ' સ્વેચ્છાસ્વીકાર ' સર પેટનના ' The Choice ' નામના ' અદ્‌ભુત કલાપૂર્ણ



ચિત્રના દર્શનથી પ્રેરિત સમર્થ ચિંતનલેખ છે. આ બીજા લેખના આરંભે કઠોપનિષદ્‌નો સુપ્રસિદ્ધ શ્લોક ' श्रेयश्च प्रेयश्च मनुष्यमेतः ' આખો ઉતારીને લેખના વિષયની પરિચિત ભૂમિકા રચી છે. **' સ્વેચ્છાસ્વીકાર '** નામનું કાવ્ય પણ નરસિંહરાવનું રચેલું આપણે જોઈ ગયા છીએ. નરસિંહરાવનું ચિત્ત કેવું ચિન્તનજાગ્રત અને કાવ્યજાગ્રત હતું તે આથી સહેજે સમજાઇ જશે.

ઉપરના પછીનો વિભાગ **' હાસ્યરસ અને કટાક્ષલેખ '** નામનો છે. તેમાં (૧) ઉત્તરભદ્રંભદ, (૨) એક અમૂલ્ય ગ્રંથની શોધ, અને (૩) પ્રયોજિત પરિહાસનાં માઠાં ફળ-એ ત્રણ લેખોનો સંગ્રહ થયો છે. લેખોનાં નામ ઉપરથી જ તેની સ્વરૂપકલ્પના સમજાઈ જાય એમ છે એટલે તે વિશે ચર્ચા કરવાની આવશ્યકતા નથી રહેતી. ચર્ચ્ય વિષયની પરીક્ષણનિરીક્ષણની નરસિંહરાવની શક્તિ ને રીતિ જેમ અન્યત્ર તેમ અહીં પણ દેખાઈ આવશે.

પ્રસ્તુત ગ્રંથ-મનોમુકુરગ્રંથ પહેલો-નો છેલ્લો વિભાગ વ્યાકરણ, ભાષા ઈત્યાદિ નરસિંહરાવને અત્યંત પ્રિય એવા વિષયને લગતા બે લેખોનો બનેલો છે: (૧) ઉદ્દેશ્ય અને વિધેય તથા અધ્યાહારનું સ્વરૂપ, અને (૨) ગુજરાતી ભાષાનું બંધારણ. ભાષાશાસ્ત્રી તરીકે નરસિંહરાવને જે પ્રતિષ્ઠા પ્રાપ્ત થઇ હતી તેના સમર્થનરૂપ આ બંને લેખો છે એટલો નિર્દેશ કરીને જ ' મનોમુકુરગ્રંથ પહેલો 'ની વિદાય લેવી ઉચિત છે.

તે પછી તો ' મનોમુકુર 'ના બીજા ત્રણ ગ્રંથો પ્રગટ થયા હતા, અને ' નરસિંહરાવનો કવિતાવિચાર ' એ મરણોત્તર સંપાદનગ્રંથ ભ્રુગુરાય અંજારિયાએ અત્યંત ચીવટથી તૈયાર કર્યો ને તે પ્રગટ પણ થયો તે ઉપર નોંધ્યું જ છે. " મનોમુકુર "ના આ ગ્રંથોમાં નરસિંહરાવે તેમના સમકાલીન કે તત્કાલીન ઊગતા સાહિત્યકારોની કૃતિઓનું કરાવેલું વ્યંગ્યદર્શન છે; તો " કવિતાપ્રવેશ "ની પ્રથમ આવૃત્તિનું અવલોકન કરતાં દર્શાવેલી ક્ષતિઓ બાબત પ્રકાશકોએ આપેલા ખુલાસાની વિસ્તારથી કરેલી છણાવટ છે, સાહિત્યસંસ્થાઓ સમક્ષ કરેલાં પ્રવચનો છે, કે સિદ્ધપુર પાટણની મુલાકાત વખતે ત્યાં કોઈ બ્રાહ્મણે દેખાડેલા મંજરીને ઉપદેશ અર્થે લખાયેલા ગજાનન પંડિતના શ્લોકોની નકલ છે. આવું કેટલુંય વૈવિધ્યસભર લખાણ આ ત્રણ ગ્રંથોમાં સંગ્રહિત છે. આ બધી વિપુલ-સામગ્રી દ્વારા જે સાહિત્યિક ને ઇતર વિષયોની ચર્ચા થઈ છે તે કોઈ વર્તમાનપત્રના ચર્ચાપત્રીના શબ્દખેલ નથી. પરંતુ કલાસૌન્દર્ય અને સત્યની જીવનભર ઉપાસના કરનાર સમર્થ બુદ્ધિમંડિત તત્વાન્વેષક પંડિતની ઔદાર્યભરી ચિંતનલીલા છે. કહેવાતા પ્રતિસ્પર્ધીઓ વિષે લખતાં પણ સૌન્દર્યદર્શન અને સત્યદર્શનને એમણે ઝાંખપ લાગવા દીધી નથી.

એમની સમીક્ષાપદ્ધતિ કૃતિના ગુણ ને દોષ બંનેનું સાથેલાગું દર્શન કરાવનારી હતી. ગુણના પ્રમાણમાં દોષો અલ્પ છે, એવું વાક્ય લખવાનું નરસિંહરાવ ભાગ્યે જ ચૂકતા. પછી એ કૃતિ બ. ક. ઠા. ની હોય, ન્હાનાલાલની કે ખબરદારની હોય કે સૌ. સુમતિની હોય. કોઈ કૃતિની સમીક્ષા કરતી વખતે તેઓ એ કૃતિનું ગુજરાતી ભાષામાં કે અંગ્રેજી જેવી પરભાષામાં ઉપલબ્ધ કોઈ કૃતિ સાથેનું સામ્ય દર્શાવે, પણ અપહરણનો આરોપ ભાગ્યે જ મૂકે. આ વિષયમાં તેમની દૃષ્ટિ અત્યંત વિશાલ હતી. ક. મા. મુનશી પર "પાટણની પ્રભુતા" ને "ગુજરાતનો નાથ" નવલકથાઓ અંગે એલેક્ઝાંડર ડૂમામાંથી ચોરી કર્યાના આરોપ થતા હતા, તેની સામે નરસિંહરાવે મુનશીનો સમર્થ બચાવ કર્યો હતો અને અપહરણ સંબંધની કસોટીઓ નિર્ધારિત કરી આપી હતી.

"પ્રેરણા" વિષય પર લખતાં તેઓ પ્રેરણાના જુદા જુદા પ્રકાર આપે છે. અને પ્રેરણા ક્યાંથી આવી, એ પ્રશ્ન મહત્ત્વનો છે એમ સૂચવે છે. કોઈ લેખકની કૃતિથી માત્ર પ્રેરણા લીધી હોય કે આદર્શ તરીકે તેને નજર સમક્ષ રાખી હોય, એને આત્મામાં પચાવીને નવીન રચના ઉપજાવી હોય, બુધ્ધિપૂર્વક અનુકરણ કર્યું હોય તો તે અપહરણ નથી. પરન્તુ બીજાની રચના ઉઠાવી પોતાને નામે ચઢાવવાના ઈરાદાથી થોડા આમતેમ ફેરફાર કરવા ને ઋણસ્વીકાર ન કરવો. એ અપહરણનો દોષ ગણાય. તેઓ કહે છે : કવિત્વનું આદ્યનિદાનરૂપ ઝરણું આખા જગતને માટે સહિયારું છે અને માનવહૃદયના ઘટક અંશ આખા વિશ્વમાં સમાન છે. તેથી ક્વચિત એ રીતિના સાદૃશ્ય ચમત્કાર ઝળકે છે. એક કવિ બીજા કવિની કૃતિથી કેવળ અજાણ્યો હોઈને આમ ચમકારા સાહિત્યવ્યોમમાં વિરલ તારકરૂપે ચમકે છે. આ પ્રકારનું નામ સંવાદ કહીશું. આ સંવાદ ન હોય, વિશિષ્ટ પ્રકારો કે સામાજિક સામગ્રીના અવયવો જેવા સંવાદના વિષય બનવાને અસમર્થ વિષય હોય ત્યાં રૂપાન્તર ચતુર હોય તોય અપહરણ પકડાઈ આવે.

આ કસોટી એમની ઉદાર દૃષ્ટિની દ્યોતક છે. તેઓ ભાષાન્તર ઈત્યાદિ પ્રવૃત્તિની તરફેણ પણ કરતા હતા. તેઓ લખે છે : ગુર્જર કવિતાના પ્રયાસમાં સફળતા મેળવવા માટે પ્રથમ ભાષાન્તર, પછી અનુકરણ, સંયોજન adaptation વગેરે પ્રકારો અને છેવટે સ્વતઃ કલ્પિત રચના, એ ક્રમમાં કવિત્વની પ્રવૃત્તિ થવાથી લાભ છે.

અન્વેષણ તથા સત્યનો આગ્રહ અને સાથે ઉદારતાનું આ સંયોજન નવીન કવિતાસાહિત્યના ઉષઃકાળનો સમય નિશ્ચિત કરવાના તેમના પ્રયાસમાં જણાઈ આવે છે. સાહિત્યના અમુક વિશેષ કાળને આપણે અંધકારયુગ કહીએ છીએ. પણ હકીકતમાં એ ખરેખર અંધકારયુગ છે ? કે પછી આપણા શોધપ્રયાસનો અભાવ સૂચવે છે ? તેઓ કહે છે : "નવીન કવિતા કોઈ Zeus (ઝીયુસ)ના માથામાંથી



શસ્ત્રાસ્ત્રકવચધારિણી સુસજ્જ કૂદી નીકળેલી **એથીના** દેવીના જન્મવાળી નથી. ઉત્ક્રાંતિનાં ગૂઢ ઝરણોના પ્રવાહ ઉપર તરતી તરતી એ આવેલી છે." જેમ અન્વેષણના પરિણામે નરસિંહ, પ્રેમાનંદ જેવા સમર્થ કવિઓ પછીના કાળમાં ભાલણ, કેશવ, કર્મણ, નાકર ઈત્યાદિ પ્રકાશમાં આવ્યા અને ઈતિહાસમાં ફેર કરવો પડ્યો તેમ નવીનના પુરોગામી અને ઉત્પાદક હરિલાલ ધ્રુવ, ભીમરાવ ભોળાનાથ, બાલાશંકર જેવા કવિઓની કદર કરવાનું આહ્વાન નરસિંહરાવે કર્યું હતું.

પ્રાચીન ગુજરાતી સાહિત્યનું એમનું સેવન વિવેકયુક્ત હતું તે તો ખરું જ; પણ પોતાના જીવનકાળ દરમ્યાન ગુજરાતી સાહિત્યની ત્રણ પેઢીઓનો એમનો પરિચય બહુમૂલ્ય હતો ને તેનાં ફલ પણ ઓછાં મૂલ્યવાન નથી થયાં. તે વિષે એમના વિવેચનલેખો પોતે જ આપણી પાસે છે. છૂટક લઘુકાવ્યકૃતિથી માંડીને બહદ્ ગ્રંથોમાં એમની દૃષ્ટિ સામર્થ્યપૂર્વક સંચરી છે ને એ નક્કર હકીકત છે ને તેં નરસિંહરાવ માટે અવશ્ય સંમાન ને પ્રીતિ પ્રેરનારી છે. જીવનભર એ સાહિત્યતપ તપતા જ રહ્યા હતા. તેથી જ તો એ અર્વાચીન ગુજરાતી સાહિત્યના ભીષ્મ પિતામહ કહેવાયા.

નરસિંહરાવનો કવિ તરીકે, ગદ્યકાર અને વિવેચક તરીકે પરિચય મેળવતાં તેમના સાહિત્ય અને કવિતા સંબંધેના વિચારોનો અલ્પ-પરિચય આપણે પ્રાપ્ત કર્યો જ છે. છતાં પુનરુક્તિ અને વિસ્તારના દોષોનો સ્વીકાર કરીને પણ તેમનાં જુદાં જુદાં લખાણ દ્વારા વ્યક્ત થતી આ વિષય પરત્વેની તેમની માન્યતાઓ સમન્વિતરૂપે સંક્ષેપમાં જોઈ લેવી પ્રસ્તુત ગણાશે.

જીવનના નિત્ય વ્યવહારને અંગે ભોગવવાં પડનારાં દુઃખથી કંટાળીને મનુષ્ય કોઈ છુટકારો મેળવવાને તલસે છે એટલું જ નહિ, પણ એ વ્યવહારમાં પ્રાપ્ત થતાં ભૌતિક સુખથી પણ મનુષ્ય અતૃપ્ત થાય છે, આ સ્થિતિમાં માનવ ઊંચે ઊડવાને મથે છે. અને પોતાના ભૌતિક વાતાવરણને ભેદીને કોઈ ભાવનાસૃષ્ટિના, સૌંદર્યના, રસિકતાના પ્રદેશમાં વિચરવા તલસે છે. દેહથી પર આત્મતત્ત્વની આ ભૂખ તૃપ્ત કરવાનાં સાધનો આધ્યાત્મિક જ હોઈ શકે, એમ તેઓ દૃઢપણે માને છે. તેમના મતે આ સાધનો સંગીત ઈત્યાદિ દિવ્ય કલાઓ પૂરાં પાડે છે. માટે જ એ કલાનો ખરો મહિમા છે. આ કલાનો દુરુપયોગ માનવની ક્ષુદ્ર વાસનાઓ, સંકુચિત ઉલ્લાસવિલાસો ઈત્યાદિના પોષણ માટે કરીને એ કલાઓને અધમ સ્થાને ઉતારી ન પાડવી જોઈએ.

ભૌતિક વાતાવરણ ભેદીને અનેરા પ્રદેશમાં વિચરવાના તલસાટની હૃદયસ્થિતિમાં માનવની પ્રવૃત્તિ રસિક કલાનાં આશ્વાસનોનો-ઉલ્લાસોનો આશ્રય લે છે. અને તેવી પ્રવૃત્તિ થાય ત્યારે જ કલાવિધાન ઈચ્છાપૂર્વક નહિ, પણ

આપોઆપ, સ્વયંભૂપ્રભાવથી, પ્રગટ થાય છે. આ સ્વયંભૂ કલાવિધાન માનવહૃદયનાં ઊંડાણમાંથી પ્રવૃત્ત થતાં સૌન્દર્યના તત્ત્વને શોધી લે છે, પોતાનું કરી લે છે.

કલાની પ્રવૃત્તિ ધનલાભ, કીર્તિપ્રાપ્તિ જેવી ક્ષુદ્ર વાસનાથી નથી થતી અને તેમ થાય તો તેનું પરિણામ પણ ક્ષુદ્ર જ નીપજે છે.

Poetry is the criticism of life: માનવજીવનની અન્વીક્ષા તે કવિતા એમ કહેવાયું છે, તે બરાબર છે. પણ નરસિંહરાવ આ વિધાનમાં એક સુધારો સૂચવીને તેની ઊનતાની પૂર્તિ કરવા ધારે છે. માનવજીવનની અન્વીક્ષા તે કવિતા એટલું જ નહિ, સુંદર વાણીમાં માનવજીવનની અન્વીક્ષા તે કવિતા એવો તેમનો સુધારો છે. જેથી એક દિશામાં તત્ત્વજ્ઞાનનો બહિષ્કાર, તો બીજી દિશામાં શુષ્ક ગદ્યનો પરિહાર થશે.

આટલેથી સંતોષ ન માનતાં તેઓ કહે છે: કવિનું હૃદય માનવજીવનના સુખદુઃખ, આશાનિરાશા, જ્યોતિઅંધકાર-એ સર્વ તરફ સહાનુભવની વૃત્તિ રાખનારું હોય, કવિતામાં આત્મા જેવી વસ્તુ, જીવંત જાગ્રત આત્મા જેવી વસ્તુ હોય ત્યારે જ આ કવિતાનું પ્રત્યક્ષીકરણ સંભવે.

માનવ આ જગતમાં એકલો ઊભો નથી; આસપાસ રહેલા જગતના વાતાવરણથી વેષ્ટિત છે; અને તેથી જગત, બાહ્ય પ્રકૃતિ, તે પણ માનવના જીવનની સાથે જ સંકળાયેલી હોઈ કવિતાના વિષયમાં પ્રવિષ્ટ થાય છે. એટલે જીવ અને જગતનું સુંદર વાણીમાં અન્વીક્ષણ તે કવિતા એમ કહેવાથી વિધાનમાં રહેલી ઊનતાની વિશેષ પરિપૂર્તિ થશે. કવિના હૃદયની, કવિના આત્માની, જીવન અને પ્રકૃતિ તરફ અમુક ધન્ય પ્રેરણાથી થતી વૃત્તિમાં કવિતાનો જન્મ થાય છે.

એથી જ મનુજરચિત કવિતામાં, બાહ્ય અંગોમાં ભિન્નતા હોવા છતાં, મૂળ સ્વરૂપમાં એકતા રહેલી જણાશે, એ તત્ત્વ દેશકાલથી અતીત હોઈ પ્રાચીન-અર્વાચીન, એશિયાયુરોપની, એમ કવિતાના ભેદની અપેક્ષા કોઈ રાખતું નથી.

બ્રહ્મ જેમ ઉપાધિને બળે ભિન્ન સ્વરૂપે ભાસે છે, પણ વ્યાપક નિરુપાધિ તત્ત્વરૂપે તો અવિકૃત પરમ તત્ત્વ ગણાય છે, તેમ કાંઈક આ સ્થિતિ છે. અને ખરી માનવ પ્રવૃત્તિમાં જો કોઈ પણ પ્રવૃત્તિને બ્રહ્મના સિંહાસન સમીપ રહેવાનો અધિકાર હોય તો તે કવિતાનો જ છે, એમ તેઓ કહે છે. તો પ્રબળ લાગણીનો સ્વયંભૂ ઊભરો તે કવિતા : Poetry is the spontaneous overflow of powerful feelings એવા વર્ડ્ઝવર્થના વિધાનમાં પણ તેઓ સુધારો સૂચવે છે. તેઓ કહે છે, ભાવસંચલનમાં કવિત્વના સ્રોતનું મૂળ છે એ ખરું; પણ એક બીજો સહકારી વ્યાપાર આ કવિતાનું પરિણામ આણવામાં પ્રવર્તે છે. તત્ત્વજ્ઞાન અને કવિતા એ બન્ને સત્યનું દર્શન કરે છે—કરાવે છે. પણ તત્ત્વજ્ઞાનનો વ્યાપાર પૃથક્કરણથી થાય



છે જ્યારે કવિતાનો સંયોગીકરણથી. બંનેનો આરંભ આશ્ચર્યની લાગણીથી થાય છે. બંનેની સમક્ષ જીવન, બ્રહ્માણ્ડ, બ્રહ્મ ઇત્યાદિને વિષય બનાવનારા મહાપ્રશ્નો ખડા થાય છે. અને કુતૂહલવૃત્તિને-આશ્ચર્યપ્રવૃત્તિને ઉત્તેજિત કરે છે. પરંતુ ભાવસંચલનનો અંશ ન પ્રવેશે ત્યાં સુધી કવિતા પ્રગટ થતી નથી.

આમ તેમને મતે આશ્ચર્યવૃત્તિની સાથે ભાવસંચલનનું સંમિશ્રણ જરૂરી છે. પરંતુ આ નિયમને અપવાદ પણ તેઓ સ્વીકારે છે અને કોઇ વિરલ પ્રસંગે ઉચ્ચોચ્ચ કલ્પનાશક્તિ આ ભાવસંચાલનનું કાર્ય કરે છે. એમ કહીને અખાનુ, તેની 'બ્રહ્મલીલા'નું ઉદાહરણ આપે છે.

વાણીના માધ્યમ વિષે નરસિંહરાવ કહે છે, કે બ્રહ્માણ્ડમાં વ્યાપી રહેલાં સત્ય, સૌન્દર્ય, અને શિવનાં તત્ત્વોનું દર્શન કરી તે દર્શનને મૂર્ત રૂપ આપવાનાં સાધનોમાં સર્વથી શ્રેષ્ઠ સાધન વાણી છે. પરંતુ એ ગૂઢ તત્ત્વોની અપ્રાપ્યતા એવી છે કે વાણીમાં તેનું પૂર્ણ પ્રતિબિંબ આપવા જતાં વાણી અસમર્થ બનીને અટકી પડે છે. આમ વાણીના અસામર્થ્યને લીધે કવિતાનું સૌન્દર્યના તત્ત્વને પ્રગટ કરવાનું સામર્થ્ય તેટલું જ અસામર્થ્ય.

કવિતામાં અદૃશ્ય તત્ત્વોને પ્રત્યક્ષ કરવાનો પ્રયાસ છે. આ પ્રયાસ સ્વાભાવિક ચિહ્નોના માધ્યમ દ્વારા કરવાનો છે. અને આવાં ચિહ્નોના માધ્યમથી અદૃશ્ય તત્ત્વોનો સાક્ષાત્કાર થાય તે સૌન્દર્ય.

પણ આ સૌન્દર્ય એટલે શું ? એરિસ્ટોટલના સૌન્દર્યનું મૂળ સમપ્રમાણતામાં છે અને Neo-platonic philosophy પ્રમાણે સૌન્દર્યનું મૂળ ભાવનાતત્ત્વમાં છે. પરંતુ સમપ્રમાણતાના ભૌતિક અંશ અને ભાવનાવાદના અતિભૌતિક અંશનો સાથેલાગો સમન્વય-સંગ્રહ એટલે સૌન્દર્ય એવો ઝ્યૂફ્વા (Jouffroy)નો મત તેઓ આપે છે, જે તેમને અભિપ્રેત હોય એમ જણાય છે. એક સ્થળે તેઓ કહે છે, સમપ્રમાણતા-સમતોલતાના કલાતત્ત્વને સાહિત્યના અન્વેષણનું સૂત્ર ગણવાથી લાભ થશે. એ ન હોય તો સર્વ ઘટના શિથિલ, અસંવાદી, કર્કશ થઇ જાય.

કવિતાને કાવ્યરૂપ ધારણ કરવા સાથે કોઈ શરીરઘટના હોવી આવશ્યક છે જેથી કવિતાના રસસ્વરૂપનું પ્રતિબિમ્બ એ શરીરઘટનામાં પડે. કવિના હૃદયના ભાવ બાહ્યરૂપ લે તે રસતત્ત્વને અનુકૂળ સાધન વડે જ બને. પણ તો કાવ્યનું શરીર શું ? ગદ્ય કે પદ્ય ? આ વિષય પર વિચાર કરતાં નરસિંહરાવ કવિતા અને કાવ્યને અલગ કરે છે. તેઓ કહે છે : કવિતા એટલે કવિત્વપ્રવૃત્તિ અને કાવ્ય એટલે વિશિષ્ટ છૂટક કવિત્વરચનાકૃતિ. કાવ્ય એટલે poem અને કવિતા એટલે poetry. પદ્ય એટલે કાલમાન, લઘુગુરુ અથવા માત્રાના બંધનથી નિયમિત થયેલી શબ્દરચના; પણ ગદ્ય એટલે આવો બંધનથી અનિયમિત, નિત્યવ્યવહારમાં બોલાતી યોજનામાં ગોઠવાયેલી

વાક્યસરણી. આમ પદ્ય એમને મતે કાવ્યનું માત્ર ઘટનાસ્વરૂપ બને છે અને કવિત્વ, કવિતા એ વસ્તુ ઘટનાસ્વરૂપથી સ્વતંત્ર છે, એટલે ગદ્યમાં કવિત્વ સંભવે, પરંતુ કાવ્યની ઘટના પદ્ય જેવા સ્વરૂપની અપેક્ષા રાખે છે.

જીવનની છેવટના ભાગની થોડી નિર્વેદ ક્ષણોએ 'કલા ને રસની ચર્ચા થઈ નીરસ છે પડી' એવો ઉદ્‌ગાર એમણે ભલે કર્યો હોય ને તે ચર્ચાને 'વારિમન્થન' પણ ભલે કહ્યું હોય. એ મન્થનમાંથી કેટલુંય નવનીત આજે યે નોખું પાડી શકાશે એમાં સંશય નથી. જે જે તત્વપરામર્શ એમની બુદ્ધિએ કર્યો ને એમના હૃદયે અનુભવ્યો તેમાં સત્વશીલતા ઘણી હતી ને છે એમ હૃદયપૂર્વક સ્વીકારી શકાશે.

ભાષાશાસ્ત્રી તરીકેની નરસિંહરાવની સેવાની સવિસ્તર આલોચના આ લઘુ ગ્રન્થમાં બહુ પ્રસ્તુત કદાચ ન ગણાય. પરન્તુ ભાષાસંશોધન પણ વિવેચનનો જ એક વૈજ્ઞાનિક પ્રકાર છે એમ ગણી આ ક્ષેત્રના નરસિંહરાવના કાર્ય વિશે આ પ્રકરણમાં જ થોડી સમીક્ષા કરી લઈએ તો તે પ્રસંગોચિત જ ગણાશે.

જીવનમાં સર્વ વિષયોમાં શુદ્ધિનો આગ્રહ રાખનાર આ વ્યક્તિ આ બાબતમાં પણ શુદ્ધિનો સદાગ્રહ (સત્ + આગ્રહ અને સદા + આગ્રહ બંને અર્થમાં) રાખે તે સ્વાભાવિક જ ગણાય. ભાષાશાસ્ત્રીની વિભાવના અત્યન્ત વિસ્તરી છે ને બદલાઈ છે, ને વિશેષ ઊંડી બની છે તે જોતાં નરસિંહરાવના ભાષાશાસ્ત્રીય અભિગમો અને અભિપ્રાયોમાં અદ્યતન ભાષાશાસ્ત્રીઓને ઘણું ય ચિન્ત્ય કોટિનું ને અવૈજ્ઞાનિક પણ લાગે-લાગે જ છે તે હું જાણું છું. આ વિષયના અદ્યતનોને વિનમ્રભાવે નીચેનું અંગ્રેજી વચન સ્મરણમાં રાખવા હું વિનવું છું :

We think our fathers fool so wise we grow;
Our wiser sons, no doubt, will think us so.

અને આપણા ભાષાશાસ્ત્રીય સાહિત્યના ઇતિહાસમાં નરસિંહરાવ જે કાર્ય કરી ગયા—લગભગ એકલે હાથે કરી ગયા તેનું મૂલ્ય ઓછું આંકવા જેવું નથી એમ વિનયપૂર્વક કહું છું. એમની પહેલાં ને એમના સમયાવધિ દરમ્યાન બ્રજલાલ શાસ્ત્રી, નવલરામ, કે. હ. ધ્રુવ વગેરેએ ગુજરાતી ભાષાશાસ્ત્રને જે અર્પણ કરેલું તેનું મૂલ્ય નરસિંહરાવને મન હતું જ, તો ગ્રિયર્સન, ટેસીટોરી જેવા પાશ્ચાત્યોની ભાષાશાસ્ત્રીય સેવાનું મહત્ત્વ પણ એમણે સ્વીકારેલું ને સત્કારેલું તેનું વિસ્મરણ ન જ કરાય. પોતાને ઉપલબ્ધ સામગ્રીનો ઉપયોગ નરસિંહરાવે આ ક્ષેત્રના પોતાના કાર્યમાં વિવેકપૂર્વક કર્યો છે. પ્રો. બળવંતરાય ઠાકોર જેવા એમના સાહિત્યિક પ્રતિસ્પર્ધી ને વિરોધી ગણાતા તેમના સમકાલીન સાક્ષરે પણ નરસિંહરાવના આ કાર્યને પ્રશસ્ય ગણેલું. ગાંધીયુગના સંમાન્ય વિદ્વાન રામનારાયણ પાઠક પણ ગુજરાતી વ્યાકરણ વિશે નરસિંહરાવ જોડે ચર્ચા કરવા ઉત્સુક રહેતા.



આ હકીકત બન્નેની ભાષાશાસ્ત્રીય જાગ્રતી તો તે દર્શાવે જ છે. શ્રી વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી જેવા વિદ્વાને પણ નરસિંહરાવના ભાષાશાસ્ત્રીય ઉદ્યમની ગુણવત્તા સવિસ્તર દર્શાવી છે ને તેનું ઉચિત ગૌરવ પણ કર્યું છે.

નરસિંહરાવના ભાષાશાસ્ત્રીય ઉદ્યમનું અચૂક સ્મરણ એમનાં ગુજરાતી ભાષા અને સાહિત્યને લગતાં વિલ્સન ફાઈલોલોજિકલ લેક્ચર્સના બે ગ્રંથો કરાવે છે. તેમાં એમણે ગુજરાતી ભાષાશાસ્ત્રના અગ્રેસરોનું ઉચિત મૂલ્યાંકન કરેલું છે ને સદ્. ડૉ. રામકૃષ્ણ ભાંડારકર—એમના વિદ્યાગુરુનું પણ સ્મરણ કરેલું છે.

ભાષાશાસ્ત્રીય દૃષ્ટિએ વિષયાનુરૂપ ઉત્સર્ગો એમણે પાડયા છે ને દરેક ઉત્સર્ગ વિશે સાધકબાધક ચર્ચા ઉદાહરણોના પ્રકાશમાં કરી છે. ઉત્સર્ગોમાં એમણે ત્રણ પ્રકાર કલ્પ્યા છે : ૧) ખાસ ગુજરાતીમાં જ પ્રવર્તતા ઉત્સર્ગો; ૨) કાંઈક અંશે ખાસ ગુજરાતીના ગણાય એવા ઉત્સર્ગો; ૩) ગુજરાતીમાં અને અન્ય અર્વાચીન ભારતીય ભાષાઓમાં સાધારણ રીતે પ્રવર્તતા ઉત્સર્ગો.

ગુજરાતી ભાષાશાસ્ત્ર માટે અનિવાર્ય એવું પ્રાકૃત, અપભ્રંશ, પ્રાચીન પશ્ચિમ રાજસ્થાની ઇત્યાદિનું તેમ જ તત્કાલીન પાશ્ચાત્ય ભાષાશાસ્ત્રનો પરિચય અનિવાર્ય ગણાય. નરસિંહરાવે આ બધું શક્ય તેટલું અવગત કરેલું હતું ને પોતાની ચર્ચાને બને તેટલી વૈજ્ઞાનિક બનાવી હતી. વિવૃત ઍ-ઑ, નામો અને વિશેષણોના અન્ત્ય ઓ-ઉં, "શાંત"અ, ફારસી-અરબીમાંથી આવેલા શબ્દાંત ઓ-ઉં અને અ વગેરેની સવિસ્તર અને સદૃષ્ટાંત ચર્ચા-વિવેચના એમણે કરેલી છે. 'હ્કાર'નાં સ્થાનાન્તર, પ્રક્ષેપ, લોપ પણ યોગ્ય રીતે દર્શાવ્યા છે. ગુજરાતી ક્રિયાપદોના ધાતુની શરીરરચના એમણે તપાસી છે. ગુજરાતીમાં પ્રવર્તતા ત્રિવિધ અનુસ્વારો અને અનુસ્વારલોપનું પરીક્ષણ એમણે બરાબર કરી બતાવ્યું છે. સંપ્રસારણ અને સંપ્રતિપ્રસારણની ચર્ચા એમણે વિવૃત ઍ અને સંવૃત ઓની ચર્ચામાં પ્રતીતિકારક રીતે કરેલી છે. સ્વરભારનો પ્રશ્ન પણ તે અંગે એમણે ચર્ચ્યો છે. સંયોગલોપને કારણે પૂર્વસ્વરનું દીર્ઘ થવું ને અવિકૃત રહેવું તો ચર્ચ્યું છે જ, પણ સંયોગના વિશ્લેષને યે એ વિચારણામાં સમાવ્યો છે. ગુજરાતી ભાષા ઉપર અન્ય પ્રાંતોની ભાષાઓ તથા અરબી-ફારસીની અસર એમણે દેખાડી છે ને તેમાં ઐતિહાસિક ઔચિત્ય અને અન્ય સંબંધોની અસરોને પ્રગટ રીતે પ્રવર્તેલી જણાવી છે. વિવિધ માનવસંસર્ગ અને સંમિશ્રણો થતાં રહ્યાં હોય ત્યાં ત્યાં ભાષામાં તેની અસર પડ્યા વિના રહે જ કેમ? રાજકીય અને સામાજિક સંસ્થાઓ દ્વારા ભાષા કેવા કેવા સંસ્કાર પ્રાપ્ત કરે છે તે રોમન પ્રભાવ તળેના ગ્રીસના દૃષ્ટાંતથી સ્પષ્ટ કરવા એમણે યત્ન કર્યો છે. ભાષાવિકાસ કે ભાષાપરિવર્તનના અધ્યયનમાં અનુસરવાના મહાનિયમો એમણે વીગતે ચર્ચ્યા છે. એ નિયમો તે (૧) ઐતિહાસિક ઔચિત્ય; (૨) કેવળ બાહ્યશ્રુતિસામ્યનો અવિશ્વાસ; (૩) કૃત્રિમ વ્યુત્પત્તિનો અનાદર; (૪) લાઘવ (બીજલાઘવ તેમ જ ક્રમલાઘવ); (૫) ઐતિહાસિક

પૌર્વાપર્યનું અનુરોધન; અને (૬) સાક્ષાત્ ભાષામાં થતો પ્રયોગ. આ છને વાગ્વ્યાપારગત શક્તિઓ કહી છે ને તેની પ્રવૃત્તિનાં બલાબલ વિવિધ દાખલાઓ ટાંકીને દર્શાવ્યાં છે. ગુજરાતી વિભક્તિઓના પ્રત્યયોની વ્યવસ્થિત ને પ્રતીતિકર વિચારણા પણ એમણે કરી છે.

લગભગ એકલે હાથે ભાષાશાસ્ત્ર વિશેનો એમણે કરેલો ઉદ્યમ કેટલો મોટો ને વ્યવસ્થિત હતો તે વિશે કોઈને પણ કશી શંકા રહે એવું નથી. એમના દૃષ્ટિકોણ ને પરિણામ વિશે, એમની નજર બહાર રહી જવા પામેલી બાબતો વિશે, એકંદરે એમની કેટલીક મર્યાદાઓ વિશે ઊહાપોહ ભલે થાય-થાય જ છે-થવો જ જોઈએ, પણ તેથી નરસિંહરાવની ભાષાશાસ્ત્રી તરીકેની નિષ્ઠાને ને પ્રતિષ્ઠાને આંચ આવે તેમ નથી. એમણે ગુજરાતી ભાષાશાસ્ત્રને દૃઢ ને વૈજ્ઞાનિક પાયા ઉપર મૂકવાનો સબલ ને સહૃદય પ્રયત્ન કર્યો ને તે ઘણે અંશે સફલ ને પ્રગતિપ્રેરક પણ બન્યો એ હકીકતની ગુજરાતી ભાષાશાસ્ત્રમાં ઉપેક્ષા થઈ શકે તેમ નથી.

# ઉપસંહાર

નરસિંહરાવની કાવ્યસિદ્ધિની જે મર્યાદાઓ છે તે તો છે જ, છતાં એ પ્રથમ કવિ છે—અર્વાચીન ગુજરાતી કવિતાને સંસ્કારશુદ્ધ કરનારા કવિ છે એ વિશે વિવાદને સ્થાન નથી. એમની કાવ્યરુચિને ઘડનારાં બળોમાં અંગ્રેજી Romantic કવિતાનું પરિશીલન અને સંસ્કૃત સાહિત્યનો સૂક્ષ્મ પરિચય એ અગત્યનાં બળો ગણી શકાય. પાશ્ચાત્ય કવિતાના જેવી રીતિનાં કાવ્યો માતૃભાષામાં રચવાનો ને એ રીતે આધુનિક ગુજરાતી કવિતાનું રુચિવહેણ વાળવાનો પોતાનો ઉદાત્ત આશય એમણે પોતે જ દર્શાવ્યો હતો. આ આશયને સફલ કરવા ભાષાશુદ્ધિ, ભાવશુદ્ધિ, છન્દોલયની કાવ્યોચિત શુદ્ધિ વગેરે સિદ્ધ કરવા એમની કવિતા સતત પ્રયત્નશીલ રહી છે. સંગીત કાવ્યો ( ઊર્મિકાવ્યો ) ના અનેકવિધ પ્રકારો એમણે વત્તીઓછી સફળતાથી અજમાવ્યા છે અને ઘણાખરાં અન્ય કાવ્યસ્વરૂપો ઉપર પણ એમણે હાથ અજમાવ્યો છે. ચતુષ્પદી મંગલશ્લોકથી માંડીને કરુણ પ્રશસ્તિ સુધીના કેટલા બધા પ્રકારો તેમાં આવી જાય છે ! માત્ર સોનેટ ઉપર એમની રુચિ ખાસ પ્રવર્તેલી જણાતી નથી. '**હૃદયવીણા**' ની આવૃત્તિ બીજીમાં 'વીણાનું અનુરણન' નામનું સોનેટ બાદ કરતાં બીજી કોઈ સોનેટ-રચના એમણે કરી હોય તો હું તે વિશે અજ્ઞાત છું. પણ સોનેટ કાવ્ય પ્રકારની યે કદર એ કરી શકતા ને કરતા તે તો હું જાણું જ છું—ઘણા અભ્યાસીઓ પણ જાણે છે.

એ પ્રથમ કવિ હતા તેથી જ સર્જનાત્મક ગદ્યલેખક બનેલા એમ મને તો લાગે છે. લીલામય-ઊર્મિમય-ચિન્તનરસિત નિબન્ધરીતિ એમણે વિવર્તલીલા રૂપે આપી, તો સત્યનિષ્ઠ ને કલામય વ્યક્તિચિત્રોની રીતિ એમણે 'સ્મરણમુકુર' દ્વારા આપણા સાહિત્યમાં પહેલવેલી સિદ્ધ કરી તે ય આપણે જાણીએ છીએ. તેના બલાબલ આપણે જોઈ ગયા છીએ.

એમની વિવેચનાની ગંગોત્રી પણ એમની કાવ્યપ્રીતિ-સૌન્દર્યપ્રીતિ-કલાપ્રીતિ જ છે. 'મનોમુકુર'ના ચાર ગ્રંથો અને 'નરસિંહરાવનો કવિતાવિચાર' એ મરણોત્તર સંપાદનગ્રંથ તેની સબલ સાક્ષી પૂરી રહ્યા છે. એમનો નીરક્ષીર-વિવેક, એમનો પુણ્યપ્રકોપ અને પ્રસન્નતા, એમની સાહિત્યતત્ત્વ વિશેની નિષ્ઠા એમની વિવેચન પ્રવૃત્તિમાં યથાવકાશ પ્રગટ થયા વગર રહ્યાં નથી. એમની વિવેચનાનો વ્યાપ પણ વિસ્તૃત છે. પ્રાચીન ગુજરાતી સાહિત્યથી માંડીને ગાંધીયુગ સુધી એમની દૃષ્ટિ સંચરી છે. એમની જાગતી વિવેચનક્ષેત્રે ને સર્જનક્ષેત્રે છેક લગી પ્રવર્તમાન રહેલી અનુભવાય છે. અંતિમ દિવસોમાં એમને સ્મૃતિભ્રંશ થતો હતો ને તે તો સૌને

થાય, પણ અનેક વિષયોમાં એમની સ્મૃતિ મોટે ભાગે જાગતી જ્યોત જેવી હતી તેનો અંગત અનુભવ ઘણાને હશે-મને તો છે જ.

ગુજરાતી પદ્યરચનાનું સંમાર્જન એમણે કર્યું તે એમની કવિતા ને કાવ્યવિવેચના જોતાં કોઈ પણ જોઈ શકશે; પરંતુ એમણે ગુજરાતી ગદ્યના સામર્થ્યને કદાચ વધારે વિકસાવ્યું છે. એમના ગદ્યની કોઈએ પ્રસંગોપાત્ત એમને મોંએ પ્રશંસા કરી ત્યારે એ પ્રશંસકની સામે એમણે હૃદયપૂર્વક આનંદશંકર ધ્રુવના ગદ્યને ધર્યું. આવી હતી એમની સત્યનિષ્ઠ વિનમ્રતા. આખા આપણા પંડિત યુગમાં નરસિંહરાવ અને આનંદશંકર ધ્રુવના ગદ્યની તોલે આવે તેવું ઝાઝું કદાચ નહિ મળે. પ્રો. ઠાકોરના ગદ્યની વિલક્ષણતા ને સચોટતાનું પણ અહીં સ્મરણ કરવું ઘટે છે. ગદ્ય અને ગદ્યનું સામર્થ્ય એ બે ભિન્ન પદાર્થ છે તેની પ્રતીતિ આવા ગદ્યવિધાયકો દ્વારા જ પ્રાપ્ત થઈ શકે.

નરસિંહરાવની ધર્મશ્રદ્ધા, ઈશ્વરનિષ્ઠા, સત્યપ્રીતિ કેવી દૃઢ હતી અને એમનાં બાલસહજ નિર્દોષ પ્રકોપ અને પ્રસન્નતા બંને કેવાં સ્વભાવગત હતાં તેનો યે પરચો અનેક જણને અનેક વખતે થયો હોય જ. મને પણ એવો પરચો થોડો તો થયેલો જ. દંભ એમને બિલકુલ ગમતો નહિ. તેને તો એ ઊગતો જ ડામી દેતા. એમની પ્રકૃતિનું ખરું દર્શન એમના સાહિત્યમાંથી મળી રહે તેમ છે ને તેનું અંતરતમ દર્શન તો એમની ‘ રોજનીશી ’માં પાને પાને પ્રસંગે પ્રસંગે પ્રગટ થયા કરતું અનુભવાય છે. પોતાના સમયના વિશાળ મનોઘટનાશાળી પુરુષોમાં નરસિંહરાવ એક અગ્રગણ્ય વ્યક્તિ હતા એ તો નિઃસંશય. અનેક સ્થાનેથી અનેક રીતે પોતે પ્રેરણા પામનાર આ સમર્થ પુરુષે અનેકને અનેકવિધ પ્રેરણા આપી હશે તે પૂરેપૂરું તો કોણ કહી શકે ? શું સાહિત્યમાં કે શું જીવનવ્યવહારમાં મને તો “ શુદ્ધિ ” નરસિંહરાવની ગુરુકિલ્લીરૂપ લાગે છે. એ પોતે ઊજળા હતા ને ગુજરાતના સાહિત્યજીવનને ઊજળું કરી ગયા છે.

અર્વાચીન ગુજરાતી કવિતાનો આદ્યજનક નર્મદ જો **વીરપુરુષ** હતો, તો અર્વાચીન ગુજરાતી કવિતામાં સૌંદર્યપ્રીતિ, કલાદૃષ્ટિ, ભાવશુદ્ધિ, ચિંતનશીલતા ઈત્યાદિ સુલક્ષણો પ્રવર્તાવનાર નરસિંહરાવ **ધીરપુરુષ** હતા. એમની ધીરતામાં એમની વીરતાનો ગુણ અંતર્ગત રહેતો તે ભૂલવાનું નથી. એમનું તથા એમના સતત તપોમય દીર્ઘ સાહિત્યજીવનનું ગુજરાતે યોગ્ય ગૌરવ કર્યું જ છે, ને ભાવિ ગુજરાતી સાહિત્યાભ્યાસીઓ પણ અવશ્ય કરશે. इत्यलम् ।

## પરિશિષ્ટ-૧

## વાદ્યનાશ

[ નરસિંહરાવના અવસાન પ્રસંગે લેખકે લખેલ કાવ્ય ]

ચંદાઘેલો એ હતો એક વાદી
ચંદાધોયાં વિશ્વનો હર્ષ પીતો
સ્વર્ગંગાને નીર અંઘોળનારો
ઘેરા ઘેર્યા માણતો મેઘરંગો
તારાઓની ગેંદ ઊછાળતો કે
આ બ્રહ્માંડે મૂક સંગીતલ્હેરો
લ્હેરે તેના સૂરને આત્મવાદ્યે
ધીમા મીઠી છટાથી પ્રતિફલિત કરી ગૂઢ ઉલ્લાસતો એ.

એ વાદીએ કૈંક ઉદ્યાન માણ્યાં
વેલે વેલે કૈંક જોયા વિલાસ
પુષ્પે પુષ્પે રમ્ય માણી સુગન્ધ
મોંઘાં મોંઘાં ફૂલની ગૂંથી માળ
ગાયાં રૂડાં પુષ્પઉલ્લાસગીત
ને ફૂલોનો પરિમલ સદા ફેલવ્યો રૂડી રીત.

ચાલ્યો વાદી શાન્ત ઉદ્યાન છાંડી
આવ્યા એને દૂરના ગૂઢ સાદ
આવ્યા શબ્દો શાન્ત કો નિર્ઝરોના
ને ખીણોની ગાજતી શબ્દમાલા
ને ઘોધના ધીર ગંભીર ઘોષ
દૂરે રાજ્યાં શૃંગ ઉત્તુંગ ન્યાળ્યાં
ને સૂતેલા ગહન ગરવા વાદ્યના તાર કાંપ્યા.

ચાલ્યો વાદી શાંત ઉલ્લાસ છાંડી
આવ્યા એને સાદ કો જંગલોના
માર્ગે માર્ગે ઘોર ગર્તો પડેલા
શા ત્યાં ગાજ્યા વિકટ પથના વાયરા ઘોર ઘેલા
જોયું એણે તિમિર વસમું વ્યાપિયું ઓતપ્રોત
બાધી એને યુગયુગ ઝગી દિવ્ય જે જન્મજ્યોત.

દૃષ્ટિ ઘેરે વિસ્તરેલા પહાડ
તિમિ પ્રેરે પર્વતોની કરાડ
ઊઠે શબ્દો પાશવી દિગદિગન્તે
જામ્યા મેઘો ખૂબ ઉત્તુંગ શીર્ષે
ખેલે ખેલો તાંડવી ગાજવીજ
એ સૌ વચ્ચે દૃઢપદ વધે એકલો એક વીર. ૩૩

ચાલ્યો એ તો ધીર ગમ્ભીર વીર
અંધારાને કાપતો ઊર્ધ્વ શીર્ષ
એવાં યુદ્ધો કૌશલે કર્મનિષ્ઠે
ખેલ્યાં દ્વન્દ્વો ધર્મશ્રદ્ધાસમર્થે
એનું સંગી એકલું એક વાદ્ય
ધીરું ધીરું વિલસિત મહાજ્યોતિનું ગાન ગાય. ૩૯

જોયા એણે સૂર્યરશ્મિ પ્રભાવ
જોઈ એણે વ્યોમ કેરે વિતાન
ધારી ધારી ઇન્દ્રકેરી કમાન
એના રંગો જીવને ગૂંથવાના
એણે બાંધ્યા કંઈક ઉન્મત્ત કોડ
કીધી કૈં કૈં કલ્પના કેરી દોડ. ૪૫

એને હૈયે કૈંક ઊઠ્યા તરંગો
ઉદ્દીપ્યા જે બુદ્ધિસૌદામિનીએ
દેખાયા ત્યાં કૈં અદીઠા વિવર્તો
જેની લીલા ગ્રહણ કરવા ઉલ્લસ્યો જ્ઞાનબાલ
એ લીલાના ધીર ગંભીર ભાવ
એ લીલાના શાંત ને ગૂઢ નાદ
લીલા સંકેલી લેતાં કરુણ પ્રગટિયો તન્ત્રિનો ઝણઝણાટ. ૫૨

નિર્મેઘ વ્યોમે નવગીત ગાતી
અનન્ત નૃત્યે ઉડુમંડલી કંઈ
એકાંત ને શાંત સમુદ્રઆરે
અનંતના ઉત્સવમાં ભળી જઈ
વાજન્ત કૈં નૂપુરઘૂઘરી સુણી
એને હૈયે કૈંક ઝગી નવી દ્યુતિ.
અરે નવો શો વસમો વિકાર



અદીઠ શા આ સઘળા પ્રહાર
તૂટેફૂટે કેમ આ વાદ્યતાર ?
આવા અરે કાં વિધિના વિહાર ? ૬૨

" કુસુમો તો થયાં મ્લાન, વીણાના તાર તૂટિયા,
નૂપુરે કિંકિણી સર્વે વાગે છે ખોખરી હવાં. "
વીંધતા સાંજની શાંતિ કોના આ શબ્દ સંભવે ?
વાદ્ય વાદકનું શું આ આખરી વાણ ઉચ્ચરે ? ૬૬

પ્રગાઢ શાન્તિ જગ વિસ્તરેલી
ચંદ્રા હતી વ્યોમ કંઈ નમેલી
અદીઠા અનિલે ઊઠી અસુણી વાણ કોઈની ૬૯

" અનેક ઉરવાદ્યના સુભગ તાર તૂટી ગયા,
પરંતુ રણકાર શેષ નવ શૂન્યમાં ડૂબિયા;
અખંડ અવશિષ્ટ તન્તુ તણું ગાન જે ગૂંજતું
સદાય ધ્વનિ મૂક એ કરુણના રહે ધારતું. ૭૩

" અનેક રજની વિશે પરમ શાંત એકાંતમાં
ઊંડા હૃદયવાદ્યમાં ધ્વનિ નવા સ્વયં ઊઠતા;
વિરાટ સ્વશૂન્યતામહિં સમત્વયોગે કરી
ધરે હૃદય મૂકતા – અરવ ગાન વાધે ત્યહીં. ૭૭

" પરંતુ અણુચિન્તવ્યું હૃદયવાદ્ય શું થંભિયું ?
ગયું કરુણ ગાનના ધ્વનિ વિશે હવે રાચવું ?
રહેલ અવશિષ્ટ તન્તુ પણ ગૂઢ હસ્તે તૂટ્યો;
નિગૂઢતર અશ્રુસ્રોત પણ નેત્રમાં ઊભર્યો. ૮૧

" સૂક્ષ્મ સંવાદી જે તન્તુ આત્મવાદ્યતણો ગ્રહે
વિશ્વવાદ્ય તણું ગાન છિન્ન એ ન થશો અરે ! "
સુણીને શબ્દ આ ધીરા શબ્દ વાદક જો વદે: ૮૪

' આ વિશ્વના સર્જનશ્રેણિબન્ધે
હું કોણ ક્યાં વિશ્વવિરાટ ગીત
ને ક્યાં અરે આ મુજ તન્તુવાદ્ય ?
' વિરાટ આ વિશ્વ સમસ્ત વિસ્તર્યાં
મહાન સંગીત-સ્વરો ન જાણું
તો કેમ તેને મુજ વાદ્યતન્તુમાં

ગ્રહી મહાકાલ-પ્રભુત્વ પામું ?
અને મહાનન્દજલે હું માછલું
શી રીત ઉત્સાહ નવીન ઝીલી
અનન્તમાં સાન્ત સદા હું માણું ? ૯૪

'હું તો મારા વાદ્યના તાર તૂટ્યા
તેના છેલ્લા જે રણુત્કાર ઊઠ્યા
ને જે ઘેરે આત્મખંડેરમાંહે
તેના સ્મરણે સુપ્ત-પ્રસુપ્ત જાગું
ને ખોખરું મારું આ વાદ્ય ઝાલું :
શાને અરે હું મુજ વાદ્ય ઝાલું ? ૧૦૦

'શાને હવે ? શીર્ણુ વિશીર્ણુ ગાને
મિથ્યા બન્યું વાદ્ય વિશીર્ણુ છો બને !
અને મહાવાદકના સમર્થ
ગર્જન્ત ગાને બની મૂક શામે : ૧૦૪

'એ એક ઈચ્છા
અભિલાષ એક એ
તૂટીફૂટી શીર્ણુ વિશીર્ણુ એ બને
તેથી ન સંગીત વિરાટ આથમે.' ૧૦૮

તૂટ્યું હા ગરવું વાદ્ય, ડૂબિયા સ્વર શાંતિમાં,
ગાજે છે ગરવા શબ્દો ઘેરા અનિલ-ભ્રાંતિમાં. ૧૧૦

—સુંદરજી બેટાઈ
('ઇન્દ્રધનુ'માંથી)

પરિશિષ્ટ-૨

## : નરસિંહરાવના ગ્રંથો :

**કાવ્ય :**

કુસુમમાળા ૧૮૮૭
હૃદયવીણા ૧૮૯૬
નૂપુરઝંકાર ૧૯૧૪
સ્મરણસંહિતા ૧૯૧૫
બુદ્ધચરિત ૧૯૩૪

**સર્જનાત્મક ગદ્ય :**

વિવર્તલીલા ૧૯૩૨
સ્મરણમુકુર ૧૯૨૬
નરસિંહરાવની રોજનીશી ૧૯૫૩

**વિવેચન :**

મનોમુકુર-ગ્રંથ-૧ ૧૯૨૪
,, ,, ૨-૩-૪
નરસિંહરાવનો કવિતાવિચાર ૧૯૬૯ સં. ભૃગુરાય અંજારિયા
પ્રેમાનંદનાં નાટકો

**ભાષાશાસ્ત્ર-સંશોધન :**

Wilson Philological Lectures,
Vol. I and II
Thakkar Vassonji Madhavji
Lectures

## પારશિષ્ટ-૩

# સંદર્ભ


૧. Gujarat and Its Literature—K. M. Munshi

૨. ગુજરાતી સાહિત્યના વધુ માર્ગસૂચક સ્તંભો–કૃ. મો. ઝવેરી.

૩. અર્વાચીન કવિતા–સુન્દરમ્.

૪. નરસિંહરાવ–એક અધ્યયન–સુસ્મિતા મેઢ.
'કુસુમમાળા'નો કવિ–કુસુમમાળા આવૃત્તિ–૮–સુસ્મિતા મેઢ.

૫. રાજનીશી—જીવન પરિચય–રામપ્રસાદ બક્ષી+ધનસુખલાલ મહેતા.

૬. 'સ્મરણસંહિતા'નાં ઉપોદ્‌ઘાત અને ટીકા–આનંદશંકર ધ્રુવ.

૭. કવિતા અને સાહિત્ય વૉલ્યુમ–૨–રમણભાઇ નીલકંઠ.

૮. આપણી કવિતાસમૃદ્ધિ–બળવંતરાય ઠાકોર.

૯. કવિતાનો આસ્વાદ–સુરેશ જોશી.

૧૦. વિવેચના–વિષ્ણુપ્રસાદ ત્રિવેદી.

૧૧. અભિગમ + થોડા વિવેચનલેખો–મનસુખલાલ ઝવેરી.

૧૨. સાહિત્યવિમર્શ–રામનારાયણ પાઠક.

૧૩. આપણું વિવેચનસાહિત્ય–હીરાબહેન પાઠક.

૧૪. સુવર્ણમેઘ–સુંદરજી બેટાઇ.

૧૫. લિરિક–અને લગરીક–ચંદ્રવદન મહેતા.

૧૬. સમીક્ષા + ગંધાક્ષત–અનંતરાય રાવળ.

૧૭. પ્રતિશબ્દ–સમસંવેદન–ઉમાશંકર જોશી.

૧૮. સાહિત્યસમીક્ષા–વિશ્વનાથ ભટ્ટ.

૧૯. ગુજરાતી ભાષા અને સાહિત્ય (વિલ્સન ફાઇલોલોજિકલ લેક્ચર્સ વૉલ્યુમ–૧–૨.

આ ઉપરાંત ગુજરાતી સાહિત્યના ઇતિહાસના જુદા જુદા ગ્રન્થો અને છુટક અન્ય લેખો.

## ભારતીય સાહિત્યના નિર્માતા

ભારતીય સાહિત્યના ઈતિહાસના મહત્ત્વના માર્ગસૂચક સ્તંભ સમા ગણી શકાય એવા પ્રાચીન તેમ જ અર્વાચીન સાહિત્ય-નિર્માતાઓનો પરિચય કરાવવાનો આ પુસ્તક-માળાનો ઉદ્દેશ છે.

પુસ્તકમાળાનું પ્રત્યેક પુસ્તક આવા મહાન ભારતીય લેખકના જીવન અને સાહિત્યસર્જનનો પરિચય કરાવે છે. એ લેખકનો પોતાની ભાષાના સાહિત્યના નિર્માણ અને વિકાસમાં કેવો ચિરસ્થાયી અને મૂલ્યવાન ફાળો છે તેની માહિતી પુસ્તકમાં આપવામાં આવે છે.

### આ પુસ્તકમાળાનાં અન્ય પ્રકાશનો

૧. ભારતેન્દુ હરિશ્ચંદ્ર : મદન ગોપાળ
૨. કેશવસુત : પ્રભાકર માચવે
૩. શાહ લતીફ : કલ્યાણ આડવાણી
૪. જયદેવ : સુનીતિકુમાર ચેટર્જી
૫. કુમારન્ આશાન્ : કે. એમ. જ્યોર્જ
૬. વિદ્યાપતિ : રમાનાથ ઝા
૭. પ્રેમચંદ : પ્રકાશચંદ્ર ગુપ્ત
૮. વીરેશલિંગમ્ : વી. આર. નારલા

પ્રાપ્તિસ્થાન :
**સાહિત્ય અકાદમી – પ્રાદેશિક કાર્યાલય**
૧૭૨ મુંબઈ મરાઠી ગ્રંથ સંગ્રહાલય માર્ગ,
દાદર, મુંબઈ ૪૦૦ ૦૧૪.